નમ્ર નિવેદન

અધ્યાત્મવેત્તા, પંડિતરત્ન, બા. બ્ર પૂજ્ય શ્રી કેશવલાલજી મહારાજ, તત્ત્વજ્ઞાની, તત્ત્વચિંતક અને અધ્યાત્મયોગી છે તેઓશ્રી જ્યાં જ્યાં વિચરે છે ત્યાં ત્યાં પોતાનાં વ્યાખ્યાનોમાં તેમજ ચર્ચામાં તત્ત્વજ્ઞાનની સમજણ આપી રહ્યા છે.

આ અલ્પ આયુષ્યવાળા માનવભવમાં, આત્મ સ્વરૂપને પ્રગટાવવું તે ઉત્તમ કર્તવ્ય છે, જેથી દરેક મુમુક્ષુ જીવે તત્ત્વજ્ઞાન, એટલે કે 'દ્રવ્યાનુયોગ' સમજવો, એ પોતાના કલ્યાણ માટે ઘણું જરૂરનું છે. આ વિષય દરેક શ્રોતા સહેલાઈથી સમજી શકે તેવી સાદી અને સરળ ભાષામાં પૂ. મહારાજશ્રી તત્ત્વજ્ઞાનની સૂક્ષ્મ વાતોને પોતાનાં વ્યાખ્યાનમાં સમજાવે છે.

સંવત ૨૦૧૧ના રાજકોટ ચાતુર્માસ દરમ્યાન શ્રી ભગવતી સૂત્રનું તેરમું શતક અને છઠ્ઠા ઉદ્દેશા ઉપર પૂજ્ય મહારાજશ્રીએ વ્યાખ્યાનો આપેલાં છે. આ ભગવતી સૂત્ર, આગમોનું પણ પરમાગમ છે. આ પરમાગમમાં સાક્ષાત્ વીતરાગની ધ્વનિમાંથી દોધ ઝીલી ઝીલીને અમૃતનાં રહસ્ય ભરી દીધાં છે. તેમાં ચૌદ બ્રહ્માંડના ભાવો ભર્યા છે, તેમાં સનાતન ધર્મ ધરી રાખ્યો છે. યથાર્થ આત્મ-સ્વરૂપની ઓળખાણ કરાવવી તે આ સૂત્રનો પ્રધાન ઉદ્દેશ છે. જ્ઞાનીઓએ ટૂંકામાં ઘણું જ ગૂઢ રહસ્ય મૂકી દીધું છે. એક એક પદે પૂર્ણતા દર્શાવી છે. તે જગતની ઉપલક કે બાહ્ય દષ્ટિથી નહિ દેખાય. આવાં ગૂઢ રહસ્યો પૂજ્ય મહારાજશ્રીએ ઘણી સાદી અને સરળ ભાષામાં વ્યાખ્યાનમાં પીરસ્યાં છે શ્રોતાઓ એકવાર ઉપયોગ સહિત સમજે તો જરૂર સમજાય.

। ઉપાયો, અને દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ તથા દ્રવ્યસ્વભાવોનું
। જ સહેલાઈથી સમજી શકાય તેવી રોચક અને સરળ ભાષામાં
ય મહારાજશ્રીએ નિરુપણ કર્યું છે.

આ અધિકારમાં કુલ વ્યાખ્યાનો ૧૪૪ આપવામાં આવ્યાં છે, પૈકીનાં ૭૯ વ્યાખ્યાનોનો આ સંગ્રહ છે.

આ વ્યાખ્યાનોનું સંશોધનકાર્ય, જામનગર નિવાસી (હાલ કલકત્તા) શ્રી જયસુખલાલ પ્રભુલાલ શાહ, બી એ. (ઓનર્સ) એલ. એલ. એમ. એ કર્યું છે અને મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી શાંતિલાલ રેવાશંકર શાહ, શ્રી રાવબહાદુર મોહનલાલ પોપટભાઈ શાહ, શ્રી અંદરજીભાઈ પટેલ, શ્રી વાઘજીભાઈ કામદાર અને મોહનલાલ કસ્તુરચંદ શાહે કર્યું છે. તેઓએ લીધેલા પરિશ્રમ માટે તેઓ સૌનો આ તકે આભાર વ્યક્ત કરું છું

અવતરણો કરવામાં રહી ગયેલી ક્ષતિઓ માટે વાચક વર્ગની ક્ષમા માગું છું.

રામજી રામજી વીરાણી
પ્રમુખ
શ્રી સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન
ધાર્મિક શિક્ષણ સંઘ.

આસો પૂર્ણિમા,
સં. ૨૦૧૫

તેના ઉપાયો, અને દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ તથા દ્રવ્યસ્વભાવોનું ઘણી જ સહેલાઈથી સમજી શકાય તેવી રોચક અને સરળ ભાષામાં પૂજ્ય મહારાજશ્રીએ નિરુપણ કર્યું છે.

આ અધિકારમાં કુલ વ્યાખ્યાનો ૧૪૪ આપવામાં આવ્યાં છે, તે પૈકીનાં ૭૯ વ્યાખ્યાનોનો આ સંગ્રહ છે.

આ વ્યાખ્યાનોનું સંશોધનકાર્ય, જામનગર નિવાસી (હાલ કલકત્તા) શ્રી જયસુખલાલ પ્રભુલાલ શાહ, બી. એ. (ઓનર્સ) એલ. એલ. એમ. એ કર્યું છે અને મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી શાંતિલાલ રેવાશંકર શાહ, શ્રી રાવબહાદુર મોહનલાલ પોપટભાઈ શાહ, શ્રી અંદરજીભાઈ પટેલ, શ્રી વાઘજીભાઈ કામદાર અને મોહનલાલ કસ્તુરચંદ શાહે કર્યું છે. તેઓએ લીધેલા પરિશ્રમ માટે તેઓ સૌનો આ તકે આભાર વ્યકત કરું છું

અવતરણો કરવામાં રહી ગયેલી ક્ષતિઓ માટે વાચક વર્ગની ક્ષમા યાચું છું.

આસો પૂર્ણિમા,
સં. ૨૦૧૫

રામજી શામજી વીરાણી
પ્રમુખ
શ્રી સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન
ધાર્મિક શિક્ષણ સંઘ.

—: સંસ્મરણાર્થે :—

સ્વ. પુત્રવધૂ અ. સૌ. મધુકાન્તા તથા પુત્રિ ચિ. શારદા સ્મરણાર્થે રૂા. ૯૦૦) નવસો આપવામાં આવ્યા છે.

દા,

બાદ, — નરભેરામ વનેચંદભાઈ દફતરી.

૦૧૭.

સુરજબેન દલપતરામ વોરા

—: સંસ્મરણાર્થે :—

સ્વ. પુત્રવધૂ અ. સૌ. મધુકાન્તા તથા પુત્રિ ચિ. શારદા બહેનના સ્મરણાર્થે રૂા. ૯૦૦] નવસો આપવામાં આવ્યા છે.

કલકત્તા,
નૂતન પ્રભાત,
સંવત ૨૦૧૭

— નરભેરામ વનેચંદભાઈ દફતરી.

જ ભેન દલપતરામ વોરા

—: સંસ્મરણાર્થે :—

સ્વ. પુત્રવધૂ અ. સૌ. મધુકાન્તા તથા પુત્રિ ચિ. શારદા
ના સ્મરણાર્થે રૂ. ૯૦૦] નવસો આપવામાં આવ્યા છે.

વા,
ભાત,
૨૦૧૭.

— નરભેરામ વનેચંદભાઈ દફતરી.

સુરજ બેન દલપતરામ બોરા

—: સંસ્મરણાર્થે :—

સ્વ. પુત્રવધૂ અ. સૌ. મધુકાન્તા તથા પુત્રિ ચિ. શારદા બહેનના સ્મરણાર્થે રૂ. ૯૦૦) નવસો આપવામાં આવ્યા છે.

કલકત્તા,
નૂતન પ્રભાત,
સંવત ૨૦૧૭.

— નરભેરામ વનેચંદભાઈ દફતરી.

વિષય સૂચિ


વિષય સૂચિ



[illegible] વ્યવહારનું અવલંબન ન રાખે તો પતન થાય. જે જે [illegible] મુક્તિરૂપી સંપત્તિને પામ્યા છે, તેઓ પ્રથમ પરમાર્થને [illegible] વ્યવહારનું પ્રથમ અવલંબન લઈને પછી નિશ્ચયમાં સ્થિર [illegible] છે. આવા ક્રમથી મહાપુરુષો મુક્તિને પામ્યા [illegible] આ સત્ વ્યવહારરૂપ નય કારણ છે [illegible] દૃષ્ટિ સત્ વ્યવહારરૂપ કારણથી સાધવા [illegible] વિના કાર્ય થતું નથી. સત્ વ્યવહારના [illegible] પ્રાપ્તિ થાય છે, તે વિના નિશ્ચયની પ્રાપ્તિ [illegible], નિશ્ચયની પ્રાપ્તિ થાય ત્યારે [illegible] છે, તે વાતને લક્ષમાં રાખીને શ્રી ભગવતી [illegible] છે.

[illegible] સંસારનાં પરિભ્રમણ કરાવ- [illegible] છે તેમને જિન [illegible] થતાં પરમ વીતરાગતા [illegible] સર્વજ્ઞતા જેમને પ્રાપ્ત થઈ [illegible]

[illegible] જીવોના ઉદ્ધારને [illegible] બોધ કર્યો, તે [illegible], [illegible] માટે [illegible], [illegible], યથાર્થ [illegible], [illegible] વીતરાગ [illegible] નિશ્ચયનું યથાર્થ [illegible]





જાણે તો તેને સમજાય કે પરભાવનું કાર્ય, વિભાવનું કાર્ય મારાથી ન થાય. અંદરમાં સૂક્ષ્મ ભાવને જાણવાની રુચિ નથી, પરંતુ પરનેજ જાણવાની રુચિ છે. જો સ્વગુણને જાણવાની રુચિ થઈ હોત તો પરગુણ છૂટી જાત.

દૃષ્ટાન્ત :–

શ્રેણિક રાજાએ પોતાના રાજ્યમાં હિંસા અને કતલખાનાં બંધ કરાવ્યાં, તેથી તે બંધ થઈ ગયા. શ્રેણિક રાજા સમ્યગ્દૃષ્ટિ આત્મા છે. તેનું વલણ પોતાના આત્મા તરફ છે. તેથી તે એમ ન માને કે મેં જે કતલખાનાં બંધ કરાવ્યાં. મેં જ બધાને બચાવ્યા તેમ પણ ન માને પણ તે એમ માને કે સામા જીવોનો પુણ્યનો ઉદય હોય ત્યારે જોગાનજોગ એમ બની જાય, અને વ્યવહાર ભાષાથી એમ જ કહેવાય કે રાજાએ કતલખાનાં બંધ કરાવ્યાં, અને મહાન લાભ ઉપાર્જ્યો, પણ પરમાર્થે શ્રેણિક રાજાએ જે કંઈ બન્યું તેનું માત્ર જ્ઞાન કર્યું છે. શુભ રાગનો ઉદય હતો તેના ફળ રૂપે કતલખાનાં બંધ થયાં છે એમ જ્ઞાનથી જાણે છે.

કતલખાનાંમાં જતી પાંચસો ગાયોને ધર્માત્માએ બચાવી. લોકો તેને કહે ‘આપેજ ગાયો બચાવી’ પણ ધર્માત્મા તો એમજ માને છે કે–‘મેં કંઈ કર્યું નથી, પરંતુ ગાયોના આયુષ્યના ઉદયે અને પુણ્યના કારણે તે બચી ગઈ અને તે વખતે પ્રકૃતિનો ઉદય મારો એવોજ વર્તતો હતો તેથી તે કાર્ય થઈ ગયું. તે વખતે પ્રકૃતિના પરમાણું પણ ત્યાં પડવાં હતાં પુણ્યની ઇચ્છા જે છૂટી તે મોહનીય કર્મના નિમિત્તથી છૂટી હતી. ગાયોનું આયુષ્ય હતું તેથી જોગાનજોગ એવી ક્રિયા થઈ જાય છે.

ભગવાન જેવો છું. પુણ્યાદિ વિનાનો છું, છતાં શુભાશુભ રાગ થાય છે. ચોથે શુભાશુભ હોય છે, પાંચમે શુભ હોય છે, છઠ્ઠે અશુભ હોય જ નહિ. જ્ઞાન, દર્શન, ચારિત્રના જોરે સકામ નિર્જરા થાય છે પૂર્વ પ્રકૃતિના કારણે અંદર કષાયની મંદતા છે તેથી ઊંચામાં ઊંચું લોકોત્તર પુણ્ય બંધાય છે. જઘન્ય ભાવથી કર્મની કોટી ખપે એટલે શ્રાવકને સમ્યગ્જ્ઞાન છે, સમ્યગ્દર્શન છે, દેશવિરતિ ચારિત્ર છે, તેથી તેના જોરે ગુણશ્રેણી, નિર્જરા પણ થઈ રહી છે એમાં જો ઉત્કૃષ્ટ રસ આવી જાય તો ઉચ્ચમાં ઉચ્ચ લોકોત્તર પુણ્ય બંધાય જાય, એટલે તીર્થંકર ગોત્ર બંધાઈ જાય જે ભાવે નિર્જરા થાય છે તે જુદો ભાવ અને જે ભાવે પુણ્ય બંધાય છે તે ભાવ પણ જુદો. નિર્જરા થાય તે તો જ્ઞાન, દર્શન, ગુણનું કાર્ય છે પ્રતિક્રમણ થાય છે તે વચન યોગ છે; અને અગિયાર પ્રકૃતિના ઉદય નથી એટલે દર્શનના જોરમાં કર્મની કોટિ ખપે છે. તે સકામ નિર્જરા છે. પ્રતિક્રમણ કરવાનો જે પ્રશસ્ત ભાવ છે તે ભાવથી પુણ્ય બંધાય છે, તીર્થંકર ગોત્ર બંધાય છે. જે શુભ ભાવ તે બંધનું કારણ છે, તેનો જ્ઞાનીને આદર નથી. તેથી સહેજે સહેજે આવા ઊંચા પુણ્ય બંધાય છે. સળંગ અર્થ એ છે કે વિકલ્પ, શુભાશુભ પરિણામ તે હું નહિ અને તેનાથી બંધાયેલ કર્મનાં ફળ તે હું નહિ, હું તો સિદ્ધ ભગવાન જેવો છું. તેના જોરે કર્મની નિર્જરા થાય છે અને શુભ ભાવથી લોકોત્તર પુણ્ય બંધાઈ જાય છે. પરમાણુની ક્રિયા જે પ્રમાણે થવાની હોય તે પ્રકારે તે દેહની ક્રિયા અને ઇચ્છા થઈ જાય છે. જેને તેની મીઠાશ નથી અંદરમાં અહંપણું, મમત્વપણું નથી જેને પરવસ્તુની ઉપાધિઓની ઇચ્છા નથી તેને જ ઉત્કૃષ્ટ પુણ્ય સહજ બંધાઈ જાય છે. પરંતુ જેને પુણ્યની મીઠાશ છે, જડ ક્રિયાની મીઠાશ છે, તેને ઉત્કૃષ્ટ પુણ્ય બંધાતાં નથી.

તેમ આ જીવે પૂર્વભવે દયા, દાન, સંત સમાગમ કરેલ છે તથા આત્મા સામે જોયુ છે તેથી જ લાખ, બે લાખ, પાંચ લાખ રૂપિયારૂપ પાંદડાં મળ્યાં છે પણ જો તેને જ પંપાળ્યા કરશો તો આ પાંદડાં સુકાઈ જશે, અને દુઃખી-દુખી થઈ જશો માટે હે પ્રાણીઓ! વર્તમાનમા તે પાંદડાને પંપાળવાની મહેનત છોડી દઈ, દેવાદિની ભક્તિ કરવા લાગી જાઓ. કોઈ જીવને પુણ્યની જ મીઠાશ વર્તે છે, અને તેમા અહં-મમપણુ રાખે, ધર્મના બહાનાં નીચે પ્રકૃતિને આધીન થઈને વર્તે છે એવા જીવોને જોઈને જ્ઞાનીઓને દયા આવે છે વસ્તુનો સ્વભાવ જ્ઞાનીઓ કહે છે, તેમજ છે. બીજું સ્વરૂપ ત્રણ કાળમાં પણ નથી આત્મા જ્ઞાતા દૃષ્ટા છે. જાણવા, દેખવા સિવાય બીજુ તે કરનો નથી. આત્મા તો ત્રિકાળી, પૂર્ણ, કૃતકૃત્ય, જ્ઞાતા અને દૃષ્ટા છે તે સિવાય બીજું કાર્ય પ્રકૃતિનું છે. એટલે આત્માનું કાર્ય આત્મામાં ખતવજો, અને પ્રકૃતિનું કાર્ય પ્રકૃતિમાં ખતવજો.

ટા- ૨૧

સં. ૨૦૧૧ના શ્રાવણ સુદ ૪ ને શુક્રવાર તા ૨૨-૭-૫૫.

ભગવતીજી સિદ્ધાંતનું વાંચન ચાલે છે. દૃષ્ટાન્ત દ્વારા ન્યાય દ્વારા આત્માનું સ્વરૂપ સમજાવે છે. ભગવાન મહાવીર અને પૂર્ણભદ્રક્ષના ન્યાય દ્વારા કર્મની પ્રકૃતિનું કાર્ય શું છે અને આત્માનું કાર્ય શું છે તે સમજાવે છે. આકાશ પ્રદેશની શ્રેણી પર આત્મા અને કર્મ બન્ને રહેલા છે. એ બન્નેના સ્વરૂપને સમજે તો આત્માનું કલ્યાણ થઈ જાય. આત્માના સ્વભાવને કારણે રાગાદિ, મોહાદિ સંકલ્પ-વિકલ્પ થતા નથી. પરંતુ પર વસ્તુ લક્ષ કરવાથી, પરનો આશ્રય કરવાથી જ મોહાદિ, રાગાદિ રૂપ છે. માટે

ધર્મી .તાણે પણ ઉપાદેય માને નહિ, તેથી તેના બાહ્ય ફળમાં તેમાં હર્ષ કે ખેદ થાય તેને ધર્માત્મા પોતાનું સ્વરૂપ માનતા નથી. સર્વ વિભાવ રહિત ત્રિકાળી એકરૂપ સ્વભાવનો જ તેમને આદર છે, પરંતુ રાગાદિ કે પરભાવનો તેમને જરા પણ આદર નથી. આદર નથી એટલે શું ? આદર નથી એટલે તેમના ઉપર દૃષ્ટિ નથી. એટલે રાગાદિ ભાવો અને અપૂર્ણતા વખતે પણ આત્માનો સ્વભાવ શુદ્ધ અને પરિપૂર્ણ છે (પાણી ઉષ્ણ હોય તે વખતે પણ તેનામાં શીતળતા છે) તેની જ્ઞાનીઓને અપૂર્વ શ્રદ્ધા છે. ત્રિકાળી દૃષ્ટિ વગર ખરેખર ધર્મની શરૂઆત થતી નથી. જે જીવ શુભ રાગને જ આદરણીય માને છે, અને શુભ ભાવના ફળરૂપ લક્ષ્મી વગેરે પરદ્રવ્યના એકત્વ બુદ્ધિ કરે છે, અને હર્ષભાવને પોતાનું સ્વરૂપ માનીને ભોગવે છે, તેને પોતાના શુદ્ધ પારિણામિક ભાવની શ્રદ્ધા નથી, તેથી તેને વર્તમાનદશામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ આત્માનો શુદ્ધ ભાવ પ્રગટતો નથી. આત્માનો ધર્મ પ્રગટતો નથી, તેથી અજ્ઞાની જીવ, કર્મચેતના અને કર્મફળચેતના જ ભોગવે છે. તે જીવ કર્મ પ્રકૃતિના [illegible]વાળા છે. [illegible] ના યથાર્થ સ્વરૂપને સમજે, તો તેને સમ્યગ્દર્શન પ્રગ[illegible] આત્માના સ્વરૂપને શુદ્ધનયથી યથાર્થ

[illegible] પુર[illegible] [illegible]દ્રષ્ટિનું [illegible] શકે જ નહિ.
કર્તાએ છીએ અને પરંપરાએ
રોકાઈ જવાના છે. પણ જો
[illegible]મિક ભાવથી ઉપટે તો
ભાવના કર્તૃત્વભાવથી
[illegible] તે કર્મ, તે ત્યારે
હું પરને રાખું [illegible]

અશાતાના સંયોગો દેખાતા નથી એટલે કે અઘાતી કર્મ જ શાતા-અશાતારૂપે નિમિત્ત દેખાય છે.

૩ આત્માના ગુણને કોણ આવરણ કરે છે? અંતરંગ જે મિથ્યાત્વ, અજ્ઞાન, અનંતાનુબંધી કષાય છે અને નિમિત્ત રૂપે જે મોહકર્મનો ઉદય છે તે જ આત્માના ગુણને આવરણ કરે છે. મોહકર્મ, ઘાતીકર્મ છે, તેજ આવરણ કરે છે

૪ ઘાતીકર્મ શામાં નિમિત્ત થાય? અજ્ઞાની જીવને પોતાના શુદ્ધ સ્વરૂપની ભ્રાંતિમાં સહકારી નિમિત્ત જો કોઈ હોય તો ઘાતીકર્મ છે. અજ્ઞાની જીવ સમયે સમયે પોતાના શુદ્ધ સ્વરૂપની ભ્રાંતિમાં જ પડયો છે.

"આત્મ ભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ.
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન."

આત્મસિદ્ધિ શાસ્ત્ર-ગા ૧૨૯.

તેથી ઘાતી કર્મ નિમિત્તરૂપે છે, તેમ કહેવાય છે. ઘાતીકર્મ ભ્રાંતિ કરાવતું નથી, પરંતુ તેની અસરને લઈને ભ્રાંતિ કરે છે.

૫ કોના વડે રતિ અરતિનો અનુભવ થાય છે? સ્વરૂપની ભ્રાંતિમાં સહકારી નિમિત્ત રૂપે ઘાતીકર્મ છે તેથી રતિ-અરતિનો અનુભવ થાય છે. વાસ્તવિક રીતે સ્વરૂપની ભ્રાંતિ વડે જ રતિ-અરતિનો અનુભવ થાય છે.

અને ઘાતીકર્મને પોતાના સમ્યગ્જ્ઞાન વડે ટાળવામાં
૧ હોય તો પોતાનો સમ્યક્ પુરુષાર્થ જ-આત્માનો
ર્મ ટળતાં ચાર અઘાતીકર્મ એની મેળે જ

અને કર્મનું કર્તવ્ય શું, તેનો ભાવ સમજશો તો ભાવ સમજીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મુક્તિમાં જશો.

આ આત્મા અનાદિનો છે આજ કાલનો નથી, નવો નથી, પર્યાય પૂરતો નથી. આત્માનો કોઈ કર્તા નથી, અને આત્માનો જો કોઈ કર્તા હોય તો કર્તાનો કર્તા કોણ? કર્તાનો કોઈ કર્તા નથી, માટે આત્માનો કોઈ કર્તા નથી આત્મા અનાદિનો છે. આત્માનો પૂર્વે મોક્ષ થયો નથી જો પૂર્વે કદી મોક્ષ થયો હોત તો અત્યારે સંસારમા ન હોત, સંસારપર્યાયમાં ન હોત, ચાર ગતિમાં રખડતો ન હોત, વિકારમા ન હોત.

વર્તમાનમાં આત્મા સંસારમાં છે તે કોનાથી બંધાયેલો છે? જીવ પોતે પોતાના અશુદ્ધ ભાવથી બંધાયેલો છે રાગ, મોહ, સંકલ્પ, વિકલ્પ તે જીવના શુદ્ધ ભાવ નથી કર્મે તેને બાંધ્યો નથી, વ્યવહારભાષામાં તેમ કહેવાય છે, પરંતુ વાસ્તવિક રીતે તો જીવ પોતાના અશુદ્ધ ભાવથી જ બંધાયેલો છે. જીવે પોતે અશુદ્ધ ભાવ કર્યા, તેના નિમિત્તથી બંધાયેલો છે. જીવનો સ્વભાવ પુણ્ય, પાપ, શુભ, અશુભ ભાવથી રહિત છે. શુદ્ધ જ્ઞાયક સ્વભાવ છે. તેને પોતાનો સ્વભાવ ન માનતાં વિકારને પોતાનું કર્તવ્ય માનવું, સંકલ્પ-વિકલ્પને પોતાનું કર્તવ્ય માનવું, તે અશુદ્ધ ભાવ છે. પોતાના અશુદ્ધ ભાવથી જીવ બંધાયેલો છે. પોતે પોતાના પુરુષાર્થથી શુદ્ધ બની જાય તો કર્મો તેને રસ્તે ચાલ્યાં જાય, પરંતુ પોતાના શુદ્ધ ભાવને ન માનતાં, તેનો આદર ન કરતાં, વિકારને પોતાનો સ્વભાવ માનવો તે અશુદ્ધ ભાવ છે.

મનુષ્ય જીવન એ નાટક છે. નાટકમાં નિરંતર એક પછી
૮ એક દૃશ્ય બદલાતાં રહે છે. સીનેમાનાં ચલચિત્રો તો વધે

નથી. પરંતુ પુણ્ય-પાપનાં ફળોથી રહિત, સગવડતા, અગવડતાનાં ફળોથી રહિત, શુદ્ધ જ્ઞાતા, દૃષ્ટાપણાનો છે. તે સ્વભાવને ન માનતાં પૂર્વના પુણ્ય-પાપથી આવતાં ફળો તેને, ઓ મૂઢ ! પોતાનું કર્તવ્ય માનવું, આ અશુદ્ધ ભાવથી જ જીવ બંધાયેલો છે. આ શરીર, મન, વાણી, આઠ કર્મો તે જડ છે તે જડ પુદ્ગલોનું પરિણમન છે. આત્મા તેનાથી જુદી જ વસ્તુ છે આ શરીરાદિ મારા, અને તેનું હું કંઈ કરી આપું તે સ્થૂલ મિથ્યાત્વ છે એટલે બહુ મિથ્યાત્વ છે. આત્માની દશામાં ક્ષણે ક્ષણે પુણ્ય-પાપની એટલે વિકારની લાગણી થાય છે, તેને પોતાનું સ્વરૂપ માનવું તે પણ મિથ્યાત્વ છે.

પોતાના આત્માને કેવા સ્વરૂપથી ઓળખવાથી, જાણવાથી પોતાનો શુદ્ધ ભાવ પ્રગટે અને અનાદિનું આ બંધન ટળે તે જ્ઞાનીઓ આ ન્યાય દ્વારા બતાવે છે આત્માનો ત્રિકાળ એકરૂપ સહજ ચૈતન્ય સ્વભાવ છે તેની શ્રદ્ધા કરવાથી મિથ્યાત્વ ટળે છે, તેમાં વિશેષ સ્થિરતા એટલે લીનતા કરવાથી કષાય ટળે છે, અને છેવટે અકંપન દશા પ્રાપ્ત થાય છે

છઠ્ઠો પ્રશ્ન એ છે કે એક દ્રવ્યથી બે ક્રિયા બને કે નહિ ? લોકો એમ બોલે છે અને એમ જ સમજીને બેઠા છે કે અમે મનની ક્રિયા કરીએ છીએ, અને સમજણની ક્રિયા પણ કરીએ છીએ. પરંતુ મનની-વચનની અને કાયાની ક્રિયા તે જડની ક્રિયા છે. તે જડની ક્રિયા પણ કરું છું, અને જ્ઞાતા, દૃષ્ટા, જ્ઞાયકપણે રહીને સમજીને પણ કરું છું એમ જાણક સ્વભાવ રૂપ ચેતની સમજણની ક્રિયા અને તેજ સમયે મન, વચન, કાયાની એટલે જડની ક્રિયા હું કરું છું-તે બે ક્રિયામાં તો વિરોધીપણું છે, માટે એક દ્રવ્ય

એમણાંજ ઉખેડીને ફેંકી દઉં છું. ત્યાં તો વખતે અર્જુન માળીના શરીરમાં પ્રવેશ કર્યો, અને તે પ્રવેશ કરતાની સાથે જ અર્જુન માળીએ છએ પુરુષને તથા પોતાની સ્ત્રીને મારી નાખી. આમ દરરોજ છ પુરુષ તથા સ્ત્રીને મારતો પરિભ્રમે શહેરના ત્રાસ ફેલાઈ ગયો. નગરમાં રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે—"કોઈ શહેર બહાર નીકળશો નહિ, અર્જુન માળી જે તરફ ફરે છે તે તરફ કોઈ જશો નહિ" છતાં પણ તે તો દરરોજ છ પુરુષ અને એક સ્ત્રીની હત્યા કરે છે. આ ઉપદ્રવ છ માસ ચાલ્યો, તેના તદ્દી ૧૨૬૦ હત્યા કરી. આજ નગરમાં તે નગર શેઠનો એક પુત્ર છે. તે ધર્માત્મા છે. પ્રભુ દર્શનની રુચિવાળો છે. તેણે સાંભળ્યું કે—નગર બહાર ઉદ્યાનમાં સર્વજ્ઞ ભગવાન પધાર્યા છે. તે ખબર સાંભળતાં જ તેની રુચિએ જોર કર્યું તેનું નામ સુદર્શન છે. તેને પ્રભુદર્શનની ઇચ્છા થઈ. તે દિશા તરફ જ અર્જુન માળીનો ઉપદ્રવ છે. તે નગરશેઠનો પુણ્યવંત પુત્ર છે. તે પોતાના પિતા પાસે પોતાની ઇચ્છા જાહેર કરે છે પરંતુ પિતા ના કહે છે. પિતા કહે છે—"તે તરફ અર્જુન માળીનો ભયંકર ત્રાસ છે, માટે ત્યાં જવા મારી આજ્ઞા મળશે નહિ. અહીંથી જ વંદન નમસ્કાર કરીને સંતોષ માનો" પરંતુ સુદર્શનનો પ્રભુ-દર્શનનો વેગ જોરદાર હતો, તેથી માબાપને કહીને નીકળી પડે છે. જે બાજુ અર્જુન માળીનો ત્રાસ છે, તે જ તરફ પ્રભુ મહાવીર પાસે જવાનો પંથ છે. આસના મારફત મગદળ ઉપર ચઢીને, સુદર્શનને જોતો જુએ છે, અને મન ફાવે તેમ બોલે છે. "હજી મારુંએ ના પાડી છતાં આવ્યો નહિ. જોઈ લો, ધર્મના ઢીંગલાનું શું થાય છે." સુદર્શન તો પ્રભુ સન્મુખ થવા માટે સ્વરૂપના લક્ષે ચડ્યો થયો છે.

છો, તો મને પણ લઈ જશો?" સુદર્શને તેને સાથે લીધા. બન્ને પ્રભુ પાસે આવી પ્રભુને આદર પૂર્વક, પૂજ્યભાવે પ્રણામવંદના કરી સમીપે બેઠા, અને પ્રભુની વાણી સુણી તે સાંભળતાં અર્જુન માળી એકત્વ સ્વરૂપમાં ઠરી ગયો. બન્ને પાત્રતા લઈને ગયા હતા. જેમ દરિયાની માછલી સ્વાતિ નક્ષત્રના બિંદુની રાહ જોતી હોય છે, અને તે નક્ષત્ર આવતા જ બિંદુ ઝીલી લે છે. પછી તેમાં સાચાં મોતી પાક્યાં વગર રહે જ નહિ તેમ અહીં પ્રભુની સ્વાતિ નક્ષત્રરૂપ વાણીનો વરસાદ, સ્વરૂપ લહેરી ઝીલે છે, તે જાગ્યા વગર રહે નહિ. જાગેલો જીવ દબાયો રહેતો નથી જ્યારે પોતે શુદ્ધ, અવિનાશી સ્વભાવે જાગ્યો, ત્યારે પ્રકૃતિનું જૂનું ટળ્યું. જે જીવ આત્માની સ્વાધીનપણે શ્રદ્ધા કરી પૂર્ણશુદ્ધ આત્માનું જ્ઞાન કરી પૂર્ણ સ્વભાવમાં સ્થિરતા કરે છે, તે જીવ ક્યાંય અટકતો નથી. તે પૂર્ણ સ્વરૂપ જરૂર પામે છે.

અર્જુન માળી પૂર્ણરૂપે જાગ્યો છે હવે પૂર્ણ જ્ઞાન પ્રગટ કર્યે જ છૂટકો છે. અર્જુન માળી પ્રભુ પાસે દીક્ષિત થાય છે, સ્થિર થાય છે, સાધ્ય સાધ્યપણે આત્મામાં ઠરી જાય છે. સાધુ દશામાં વિચરતાં, પૂર્વ પ્રકૃતિના કારણે અનેક પ્રકારના ઉપસર્ગ અને પરિષહો આવે છે. તેને અર્જુન માળી શું માને છે, અને પહેલાં શું માનતો હતો, કયાં પહેલાની દશા, અને કયાં અત્યારની દશા! તેના ભાવભેદ ઘણા છે તે અવસરે કહેવાશે.

આત્માની સ્વાધીનપણે શ્રદ્ધા કરી તેથી પૂર્ણ શુદ્ધ આત્માનું અખંડ જ્ઞાન કરીને તેમાં શ્રદ્ધા કરી છે પૂર્ણ જ્ઞાનઘન, નિરાવરણ, મોક્ષ સ્વભાવ પ્રગટ કર્યે જ છૂટકો છે પછી જીવ ક્યાંય અટકે નહિ, દ્રવ્ય ક્ષેત્ર, કાળ અને ભાવમાં ક્યાય અટકવાનો આત્માનો સ્વભાવ નથી.

અર્જુન માળી પ્રભુ પાસે દીક્ષિત થયે સાધક દશા પામ્યો. છતાં પૂર્વ પ્રકૃતિના કારણે અનેક પ્રકારના પરિષહ અને ઉપસર્ગ આવે છે. જ્યારે અજ્ઞાન દશામાં હતો ત્યારે ઉપસર્ગો અને પરિષહો આવ્યા, અને સાધક દશામાં પણ આવ્યા, પરંતુ જ્ઞાનદશા હોવાથી સાધક તેને પોતાના માનતો નથી, તેને પોતાનું સ્વરૂપ માનતો નથી, તે તો જાણે છે અને માને છે કે-જેટલા ભૂંડાભાવ, અશુભભાવ થાય તે જીવ-સ્વરૂપ નથી અર્જુન માળી કહે છે કે-ભૂંડાભાવ કરવામાં બાકી રાખ્યું નથી તેજ અર્જુન માળી સાધક દશામાં જાણે છે કે-આ બધા પરિષહ તે હું નહિ, અને તે અશુભ
[illegible]થી પાપ કર્મ બંધાય તે પણ જીવ-સ્વરૂપ નથી. પાપ કર્મનો
[illegible] થતાં બાહ્યમાં પ્રતિકૂળ સંયોગો થયા, તે પણ જીવ-સ્વરૂપ
[illegible] અને તે પ્રતિકૂળતા વખતે જે ખેદ થાય છે, સંકલ્પ-વિકલ્પ
[illegible] પણ જીવ-સ્વરૂપ નથી. જીવનું સ્વરૂપ તે બધાથી
[illegible]. અજ્ઞાનીએ પોતાના મૂળ સ્વરૂપને ન જાણ્યું તેથી
[illegible]માણ ઊંધું કર્યું. તે પણ એવું ઊંધું કર્યું કે અશુભ
[illegible]યાં તે હું, પાપકર્મ બંધાય તે પણ હું, તેના ઉદયથી
[illegible]યોગો આવ્યા તે બધાં મને દુઃખ કરનારાં તેથી ખેદના,
[illegible]ય તેનો કર્તા હું છું એમ અજ્ઞાનીએ
[illegible]દશા કરી છે. વિકારને પોતાનું સ્વરૂપ

આત્માની સ્વાધીનપણે શ્રદ્ધા કરી તેથી પૂર્ણ શુદ્ધ આત્માનું અખંડ જ્ઞાન કરીને તેમાં શ્રદ્ધા કરી છે. પૂર્ણ જ્ઞાનઘન, નિરાવરણ, મોક્ષ સ્વભાવ પ્રગટ કર્યે જ છુટકો છે પછી જીવ ક્યાંય અટકે નહિ, દ્રવ્ય ક્ષેત્ર, કાળ અને ભાવમાં ક્યાંય અટકવાનો આત્માનો સ્વભાવ નથી.

અર્જુન માળી પ્રભુ પાસે દીક્ષિત થયે સાધક દશા પામ્યો. છતાં પૂર્વ પ્રકૃતિના કારણે અનેક પ્રકારના પરિષહ અને ઉપસર્ગ આવે છે. જ્યારે અજ્ઞાન દશામાં હતો ત્યારે ઉપસર્ગો અને પરિષહો આવ્યા, અને સાધક દશામાં પણ આવ્યા, પરંતુ જ્ઞાનદશા હોવાથી સાધક તેને પોતાના માનતો નથી, તેને પોતાનું સ્વરૂપ માનતો નથી, તે તો જાણે છે અને માને છે કે–જેટલા શુભભાવ, અશુભભાવ થાય તે જીવ-સ્વરૂપ નથી. અર્જુન માળી કહે છે કે–શુભભાવ કરવામાં બાકી રાખ્યું નથી તેમ અર્જુન માળી સાધક દશામાં જાણે છે કે–આ બધા પરિષહ તે હું નહિ, અને તે અશુભ ભાવથી પાપ કર્મ બંધાય તે પણ જીવ–સ્વરૂપ નથી. પાપ કર્મનો ઉદય થતાં બહારમાં પ્રતિકૂળ સંયોગો થયા, તે પણ જીવ–સ્વરૂપ નથી. અને તે પ્રતિકૂળતા વખતે જે ખેદ થાય છે, સંકલ્પ–વિકલ્પ થાય છે તે પણ જીવ-સ્વરૂપ નથી. જીવનું સ્વરૂપ તો બધાથી અગોચર છે. અજ્ઞાનીએ પોતાના મૂળ સ્વરૂપને ન જાણ્યું તેથી બહારમાં કમકાણું ઊભું કર્યું. તે પણ એવું ઊભું કર્યું કે અશુભ પરિણામ થયાં તે હું, પાપકર્મ બંધાય તે પણ હું, તેના ઉદયથી પ્રતિકૂળ સંયોગો આવ્યા તે બધાં મને દુઃખ કરનારાં. તેથી ખેદના, સંકલ્પ-વિકલ્પનાં પરિણામ થાય તેનો કર્તા હું છું, એમ અજ્ઞાનીએ આ દૃષ્ટિથી આખો સંસાર ઊભો કર્યો છે. વિકારને પોતાનું સ્વરૂપ સંસારમાં રખડ્યા કરે છે.

ત્યા છીએ. ત્યાં અબજોના અબજો વર્ષો સુધી રહ્યો ત્યાં ફરી ાખાનો એક કણિયો, પાણીનું ટીપું. વસ્ત્રનો તાંતણો પણ મળતો નથી, એવા સંયોગોમાં આ જીવ એકવાર નહિ પણ અનંતીવાર હોવા છતાં જીવનો એક પ્રદેશ પણ ઓછો થયો નથી, જીવના ગુણોમાંથી એક ગુણ પણ ઓછો થયો નથી એવો ને એવો પરિપૂર્ણ સ્વભાવ છે. માટે જ્ઞાની કહે છે, 'હે જીવ! તું બહારના સંયોગોથી જુદો છે. બાહ્ય સંયોગોના લીધે જે હર્ષ તથા શોકના ભાવ થાય છે તે પણ તારો સ્વભાવ નથી તારો સ્વભાવ તો સહજ ચૈતન્યરૂપ છે. તે ચૈતન્ય સ્વભાવને તું ઓળખાશ ત્યારે સંસારનાં દુઃખ તારે ફરી ભોગવવાં નહિ પડે આત્મા સિદ્ધ ભગવાન જેવો છે. જેમ સિદ્ધના આત્મામાં વિકાર કે દુઃખની ઉત્પત્તિ થતી નથી, તેમ આ આત્માના ચૈતન્ય ક્ષેત્રમાં–સ્વભાવમાં દુઃખ કે વિકારની ઉત્પત્તિ થતી નથી. આત્માના સ્વભાવમાં અતીંદ્રિય આનંદ જ ઉત્પન્ન થાય છે. વિકાર થાય છે તે ચૈતન્ય ભૂમિકામાં પાકતા જ નથી, ચૈતન્ય શક્તિના આધારે ટકતા પણ નથી. એ તો એક સમયે આવે, અને બીજા સમયે ચાલ્યા જાય છે. ચૈતન્ય ભૂમિકાનો એવો સ્વભાવ છે કે તેમાં કેવળજ્ઞાન પ્રગટે, હર્ષ અને શોક રહિત કેવળ આનંદ જ પ્રગટે. વિકાર તે ચૈતન્યનો સ્વભાવ નથી. વિકાર તે પ્રકૃતિનું કાર્ય છે. અર્જુન માળીને અનેક પરિષહો આવવા છતાં, તે પ્રકૃતિનાં કાર્યને પ્રકૃતિમાં અને આત્માના કાર્યને આત્મામાં ખતવે છે. અને એ રીતે પુણ્ય, પાપ અને તેનાં ફળો, તે બધાનો જ્ઞાતા અને દૃષ્ટા છું તેવો ભાવ કરી, સર્વાંગ ધ્યાનમાં સ્થિરતા કરીને તેણે પોતાનું આત્મકલ્યાણ કર્યું. આ દૃષ્ટાંતમાંથી ઘણું સમજવાનું છે. એક જ આત્માની, પહેલાની કેવી દશા અને અત્યારની કેવી દશા, તે વિચારવાનું છે. બન્ને દશા જુદી છે. પ્રકૃતિને જો મૂકી દેશો, તો કલ્યાણ થશે

થયા છીએ. ત્યાં અબજોના અબજો વર્ષો સુધી રહ્યો ત્યાં કદી ચોખાનો એક કણિયો, પાણીનું ટીપું. વસ્ત્રનો તાંતણો પણ મળતો નથી, એવા સંયોગોમાં આ જીવ એકવાર નહિ પણ અનંતીવાર રહેવા છતાં જીવનો એક પ્રદેશ પણ ઓછો થયો નથી, જીવના ગુણોમાંથી એક ગુણ પણ ઓછો થયો નથી એવો ને એવો પરિપૂર્ણ સ્વભાવ છે. માટે જ્ઞાની કહે છે, 'હે જીવ! તું બહારના સંયોગોથી જુદો છે. બાહ્ય સંયોગોના લક્ષે જે હર્ષ તથા શોકના ભાવ થાય છે તે પણ તારો સ્વભાવ નથી. તારો સ્વભાવ તો સહજ ચેતન્યરૂપ છે. તે ચૈતન્ય સ્વભાવને તું ઓળખીશ ત્યારે સંસારનાં દુઃખ તારે ફરી ભોગવવાં નહિ પડે. આત્મા સિદ્ધ ભગવાન જેવો છે. જેમ સિદ્ધના આત્મામાં વિકાર કે દુઃખની ઉત્પત્તિ થતી નથી, તેમ આ આત્માના ચૈતન્ય ક્ષેત્રમાં–સ્વભાવમાં દુઃખ કે વિકારની ઉત્પત્તિ થતી નથી. આત્માના સ્વભાવમાં અતીંદ્રિય આનંદ જ ઉત્પન્ન થાય છે વિકાર થાય છે તે ચૈતન્ય ભૂમિકામાં પાકતા જ નથી, ચૈતન્ય શક્તિના આધારે ટકતા પણ નથી. એ તો એક સમયે આવે, અને બીજા સમયે ચાલ્યા જાય છે. ચૈતન્ય ભૂમિકાનો એવો સ્વભાવ છે કે તેમાં કેવળજ્ઞાન પ્રગટે, હર્ષ અને શોક રહિત કેવળ આનંદ જ પ્રગટે. વિકાર તે ચૈતન્યનો સ્વભાવ નથી. વિકાર તે પ્રકૃતિનું કાર્ય છે. અર્જુન માળીને અનેક પરિષહો આવવા છતાં, તે પ્રકૃતિનાં કાર્યને પ્રકૃતિમાં અને આત્માના કાર્યને આત્મામાં ખતવે છે. અને એ રીતે પુણ્ય, પાપ અને તેનાં કાર્યો, તે બધાનો જ્ઞાતા અને દ્રષ્ટા છું તેવો ભાવ કરી, સ્વરૂપ ધ્યાનમાં સ્થિરતા કરીને તેણે પોતાનું આત્મકલ્યાણ કર્યું. આ દ્રષ્ટાંતમાંથી ઘણું સમજવાનું છે. એક જ આત્માની, પહેલાની કેવી દશા અને અત્યારની કેવી દશા, તે વિચારવાનું છે. બન્ને દશા જુદી છે. પહેલી પ્રકૃતિને જો મૂકી દેવો, તો કલ્યાણ થશે

પણાની રાહ જુએ છે. પ્રમાદ થાય કે તુરતજ પૂર્ણ પુરુષાર્થ કરી પૂર્ણ થઈ જઉં એ જ તેની ભાવના છે હું સિદ્ધપુરની વાટે ચડયો છું હું સ્વયંસિદ્ધ પરમાત્મા છું, તે હવે તેવો જ થઈ જઉં અને પૂર્ણતાએ પહોંચી જઉં. થાક ખાવા બેઠો છે ત્યારે પણ આજ ભાવના ભાવે છે. ભાવનાની પાછળ પૂર્ણતાએ પહોંચવાનો ભાવ છે, અને તેજ પોતાનો ધર્મ છે પૂર્વાપર વિરોધ રહિત, સાચી શ્રદ્ધા, સાચું જ્ઞાન, તથા સાચું વાસ્તવિક ચારિત્ર, તેમાં ટકી જવું એ જ સંવર છે, એ જ સ્થિરતા છે અને એજ ધર્મ છે તે ધર્મને પહોંચી વળવા માટે આત્માની રુચિરૂપ વ્યવહાર કરવા યોગ્ય છે.

એક હોય ત્રણ કાળમાં. પરમાર્થનો પંથ,
પ્રેરે તે પરમાર્થને; તે વ્યવહાર સંમત.

આત્મસિદ્ધિ શાસ્ત્ર–ગાથા ૩૬

નિશ્ચય અને વ્યવહાર ધર્મને જે છુર વેન છે તેમ જાણ્યો, તે જીવનું કલ્યાણ થઈ જશે. વીતરાગની વાણીને સાંભળીને અનેક જીવો ધર્મને પામી ગયા.

હવે ભગવાન મહાવીરદેવ વિહાર કરી કઈ તરફ જાય છે તે સમજાવે છે. તે કાળ અને તે સમયે સિંધુ નદી પાસે સૌવીર દેશને વિષે વીતીભય નામે નગર હતું. સિંધુ નદીના કાંઠાનો દેશ તેને સિંધુસૌવીર દેશ કહે છે. ત્યાં ભગવાન મહાવીરના વખતમાં ઉદાયન રાજા થઈ ગયા છે, તેના જીવનમાંથી ઘણું જાણવાનું મળે છે, તેનો વિસ્તાર અવસરે કરશે.

સંદેહ ઓછી થાય ત્યારે જિનેન્દ્રદેવના વચનો ગ્રહણ કરવાની યોગ્યતા આવે છે. આમાં દેવ [illegible] નથી પણ પોતાની [illegible] પોતે જ યોગ્યતા ખોઈ છે. એમ તે [illegible] નિમિત્ત કહેવાય. લઘુકર્મી જીવ, યોગ્યતાને પામેલો લઘુકર્મી જીવ, ભગવાન શ્રી મહાવીર દેવે પ્રરૂપેલું અને [illegible] ગૂંથેલ ભગવતીસૂત્ર અને તેના આધ્યાત્મિક અર્થને સાંભળે અને પોતાના ઉપાદાનથી પોતાના પરિણમાવે તો પોતાની લાયકાતથી જ પોતાને કેવળજ્ઞાન થાય. આ જીવ કેવળી પાસે જઈને આવે, છતાં કોરો રહે, તેનું કારણ પોતાની યોગ્યતાને ખોઈ બેઠો છે, ૧ ૭

'' વીતરાગમાર્ગે વિચરનાર જ્ઞાનદાનના દાતાર છે. તમે તો રોટલાના દાતાર છો. જ્ઞાનદાનના દાતાર એટલે મોક્ષલક્ષ્મીના દાતાર. સ્વરૂપને પામી ચૂકેલા, છઠ્ઠે સાતમે ગુણસ્થાને વિચરનારા સંત-પુરુષો જ જગતને મોક્ષલક્ષ્મીનું દાન કરે છે, અને તે દાનને ભવ્ય અને લાયક જીવજ ઝીલી શકે છે પ્રવચનની પ્રભાવનાને ભવ્ય અને લાયકાતવાળો જીવ જ ઝીલી શકે છે. અને સમજીને સાચી રીતે પચાવી અને પરિણમાવી શકે છે. લઘુકર્મી તો અભવી જીવ પણ પામી શકે છે, અને ભવ્ય જીવો પણ પામી શકે છે. પરંતુ તે જીવો સંતપુરુષ વીતરાગી પરમાત્માના દર્શન આપનારા બોધને ઝીલી શકતા નથી. ભવ્ય જીવોમાં પણ જે જીવોની ભવિતવ્યતા સારી હોય, એટલે લઘુકર્મી હોય અને સાથે લાયકાત પ્રગટવી હોય તે જ જીવો વીતરાગની વાણીને ઝીલી શકે છે, તેનું મનન કરી શકે છે, તેને પરિણમાવી શકે છે અને સમ્યગ્દર્શનને પામી શકે છે. અભવી જીવો અને લાયકાત વિનાના ભવી જીવો આ બોધને ઝીલી શકતા નથી. પરંતુ ભવ્ય હોય, લઘુકર્મી હોય, સારી ભવિતવ્યતા,

આ નગર પશ્ચિમ તરફ છે પ્રભુ મહાવીરદેવ હાલ પૂર્વ તરફ છે. એટલે ન્યાય એવો છે કે, પૂર્વમા ઊગેલ. સૂર્ય પશ્ચિમ તરફ આવે છે, એટલે ભાવનાના બળે એ નગરીના રાજાના કોઈ પૂર્વનાં શુભ પુણ્યના ઉદયે, તેને મહાવીર દેવનો જોગ મળી જાય છે. તમે જમવા બેઠા હો, અને ભાવના ભાવતા હો કે મારું અત્ર સુપાત્રે પડે તો લેખે લાગે અને જો તે ભાવનાના બળ હોય, અને પૂર્વનાં પુણ્યનો ઉદય હોય તો સત્પુરુષનો જોગ મળી જાય, પરંતુ જોગ ન મળે, અને પોતે ભાવનાનું બળ ઉપાડે તોપણ જીવ સ્વરૂપને પામી જાય. ભાવનાના બળે સંતનો યોગ મળી જાય છે.

વીતીભય નામે નગર હતું પ્રથમ નિઃશંકતાનો અને નિર્ભયતાનો ગુણ આવવો જ જોઈએ, આત્માની પર્યાયમાંથી અનાદિ કાળનો ભય નીકળી ગયો છે, તેનું નામ વીતીભય નગર એટલે અનાદિ કાળના બંધનમાંથી છૂટવાનો માર્ગ, એટલે કે મારા પોતાના મોક્ષમાર્ગ માટે સમ્યક્ રત્નચાર છે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપ, તેમાં પ્રથમ સમ્યક્શ્રદ્ધા જોઈએ જ્યાં સુધી જીવની શ્રદ્ધા અને રુચિમા ફેર છે ત્યા સુધી તેનું વકણ બદલાય નહિ, માટે પ્રથમ ગુણ, સાચી શ્રદ્ધા જોઈએ નિઃશંક અને નિર્ભય થનાર જીવને સાચી શ્રદ્ધાનો માર્ગ હાથમાં આવે છે. મારા હૃદયમાં સોનામહોર છે અને તમારા હૃદયમાં ચાંદીનો રૂપિયો છે, પરંતુ હું તમોને સોનામહોરનું સ્વરૂપ સમજાવું તે તમે જ્યાં સુધી સમજશો નહિ ત્યાં સુધી રૂપિયાને નહિ મૂકો, અને જ્યાં સોનામહોરનું સ્વરૂપ સમજાયું કે તુરત જ રૂપિયો છૂટી જશે. સાચી શ્રદ્ધા વગર, નિર્ભયતારૂપ ગુણનગરીમાં કોઈ જીવ જઈ શકે નહિ જ્ઞાનનો ભંડાર તે ત્રિભુવનેશ્વર દેવ છે. તે જ્ઞાનના ભંડારમાં જ કેવળનો

થઈ શકે છે. અર્હંન્નક શ્રાવક પર મરણાંત સંકટ આવ્યું તોપણ નિઃશંક અને નિર્ભય ગુણને ટકાવી શક્યો. અર્હંન્નકના સાથીદારો કહે છે કે—"અમારાં જીવન બચાવવા માટે તું એકવાર ધર્મ ખોટો છે તેમ કહી દે." અર્હંન્નક કહે છે "તે વાત અસંભવિત છે. મારા રાઈ રાઈ જેવડા ટુકડા કરે તોપણ ધર્મને હું ખોટો નહિ કહું." આત્મા પોતે પોતાના પુરુષાર્થને પોતા તરફ વાળે તો જરૂર નિર્ભય અને નિઃશંક ગુણરૂપ વીતીભય નગરમાં પહોંચી શકે છે. સિંધુ એટલે જ્ઞાનનો દરિયો, તે સિંધુસૌવીર દેશ છે, તેમાં જવા માટે પ્રથમ વીતીભય નગરમાં આવવું જ પડશે.

આ- ૨૧

સંવત ૨૦૧૧ના શ્રાવણ સુદ ૯ બુધવાર તા. ૨૭-૭-૧૯૫૫.

ભગવાન મહાવીર ચંપાનગરીમાંથી વિહાર કરી સિંધુ સૌવીર દેશના વીતીભય નગરમાં પધારે છે. જ્ઞાન સમુદ્રમાં છોળ મારતો આત્મા પોતે જ સિંધુસૌવીર દેશ છે. વીતીભયનગર એટલે જેણે નિઃશંકતા, નિઃસંદેહતા, અને નિર્ભયતા પ્રાપ્ત કરી છે તે જ વીતીભય નગર છે. સિંધુસૌવીર દેશમાં ફરવા માટે વીતીભય નગરમાં આવ્યા વિના છૂટકો નથી. જે વીર્ય સંસાર તરફ વળે છે તેને પોતા તરફ વાળે, જે વીર્ય કષાયમાં પરિણમી રહ્યું છે તેને સ્વભાવ તરફ વાળે તો નિર્ભયતાને પ્રાપ્ત કરે, અને પોતાના જ્ઞાનસંદરમાં પહોંચી જાય. પુણ્ય અને પાપની પછેડી પર જે આત્મા છે તેમાં ધર્મ રહેલો છે. દૃષ્ટિ બદલ્યા વગર જીવને પોતાનું સાચું સ્વરૂપ સમજાતું નથી.

માયા કપટનાં પરિણામ તે પર સ્વભાવ છે. અસત્ય જ્ઞાન, અસત્ય શ્રદ્ધા કે કુચારિત્ર પણ આત્માનો સ્વભાવ નથી. માટે હું

આત્મા શું? સિંધુસૌવીર દેશ શું? વીતીભય નગર શું? તે સમજ્યા વગર સંસાર ટળે નહિ

લોકો પૂછે છે–"અમારે શું કરવું?" પ્રથમ આત્મજ્ઞાન કરવું. સ્વભાવની દશા પ્રાપ્ત કરવી, તો સિંધુસૌવીર દેશમાં પહોંચી શકાય છે.

પ્રથમ નિઃશંકતાનો ગુણ આવવો જોઈએ જ્યારે નિઃશંકતા અને નિર્ભયતાનો ગુણ હોય ત્યારે વ્યવહારમાં પણ સત્તાધિકારી થવાય છે, તે જગતનો અનાદિનો રિવાજ છે એટલે સત્ય શ્રદ્ધા, સત્ય જ્ઞાન અને સત્ય ચારિત્ર સહિત કોઈ સાધુ કે શેઠીઆ લાગે તેની કદર કરતાં લોકોને ન આવડે તો સાધુનકળની અને સંપની પડતી નિશ્ચય થવાની.

સરળપણાને જોવા માટે હૃદયના સરળતા જોઈએ વિશાળપણું અને મધ્યસ્થપણું પણ જોઈએ. આવા ગુણોવાળા ધર્માત્માની જે કદર કરે તે જીવ નિર્ભય અને નિઃશંકતાના ગુણને પામે. જ્ઞાની પુરુષ પડકાર કરીને કહે છે–આત્માનો પરમ પારિણામિક આત્મ-સ્વભાવ તેજ સિંધુસૌવીર દેશ છે. એજ તારો દેશ છે. તે જ સર્વ જીવોને ઉપાદેય છે. ત્યાં પહોંચવા માટે વીતીભય નગરરૂપ નિઃશંકતા, નિર્ભયતા અને નિઃસંદેહતા છે. આવા સ્વભાવને ઓળખીને તેનો આદર કરે, સત્કાર કરે, ઉપયોગને તેમાં લગાવી દે તો જીવને નિઃસંદેહતા, નિઃશંકતા અને નિર્ભયતારૂપ પ્રાપ્ત દશા છે, આત્માના સ્વભાવમાં જન્મ નથી, જરા નથી, મરણ નથી, આત્માના સ્વભાવમાં ચાર ગતિનું ભ્રમણ પણ નથી. ચાર ગતિમાં ભ્રમણનું કારણ મિથ્યા શંકા, મિથ્યા ભય અને વિકાર

તેનો અનુભવ થતાં નિર્ભયતા, નિઃશંકતા અને નિઃસંદેહતા ગુણ પ્રગટે છે. માટે જ જ્ઞાનીઓ કહે છે "સિંધુસૌવીર દેશમાં પહોંચવાને માટે વીતીભય નગરરૂપ નિર્ભયતા ભાવ, નિઃશંકતાને ભાવ. અંતરમાં પોતાના દ્રવ્ય સ્વભાવવાળી દૃષ્ટિથી, ભૂતાર્થ, સત્યાર્થ, પરમાર્થ દૃષ્ટિથી સ્વભાવને એકવાર તો જો. આ દૃષ્ટિથી જોતાં આત્માનું નિર્મળ સ્વરૂપ વિકાર, ભય, અને ભેદ રહિત છે, તેનો અનુભવ થાય છે પરંતુ પર્યાયમાં ક્ષણિક વિકારને જોતાં, ભય, મળ અને મેલને જોતા આખા આત્માને વિકારી, મેલવાળો, માની લેવો તે ચોરાશીના અવતારનું કારણ છે, અને તે તેનું મૂળ છે. પરંતુ સિંધુસૌવીર દેશનું મૂળ નથી પરંતુ આત્માના અંતર સ્વભાવમાં મળ, મેલ, ભય, શંકા, કે વિકાર નથી તેમજ કુળ કે યોની નથી. સ્વભાવમાં જો યોની હોય તો સિદ્ધના જીવને યોનીમાં આવવું પડે એવા સ્વરૂપની દૃષ્ટિ સિંધુસૌવીર દેશમાં પહોંચવાની સાથે મુક્તિનું કારણ છે સિંધુસૌવીર દેશને પહોંચી વળવાનું મૂળ જો કોઈ હોય તો દ્રવ્યદૃષ્ટિ છે સત્યાર્થ, ભૂતાર્થ, શુદ્ધ, સ્વભાવ દૃષ્ટિ છે જીવની અવસ્થામાં જે રાગ, દ્વેષ છે, જીવાયોનીમાં ભમવાના ભાવ છે તે મારું ખરું સ્વરૂપ નથી. એમ નહિ માનતાં એમ માને કે તે જ મારું સ્વરૂપ છે તો તે મિથ્યાદર્શનશલ્યરૂપ અઢારમું પાપ છે, એમાં જ અનંત જન્મ મરણ ઊભા છે. જો જીવે ત્રિકાળી સ્વભાવને સ્વીકારીને, મિથ્યા માન્યતા છોડીને, ભય, શંકા છોડી તેને ત્યાંજ નિઃશંકતા અને નિર્ભયતા જરૂર પ્રગટે છે. આ જે પ્રગટ્યું તે જ વીતીભય નગરરૂપ નિઃશંકતા અને નિર્ભયતા. તેથી સિંધુ સૌવીર દેશને પહોંચી વળી શકાય છે. માટે હે ભાઈ! તારા સિંધુસૌવીર દેશને પહોંચવા માટે વીતીભય નગરરૂપ નિર્ભયતા અને નિઃશંકતા ભાવ

સર્વાંગ જ્ઞાનની સ્થિરતા વડે, સમતા વડે કરીને સ્વવિવેક જે ભવ્ય આત્માએ પ્રગટ કર્યો છે તેણે અપૂર્વ શાન્તિનું જીવન જીવીને પોતાનું જીવન સફળ કર્યું છે, તે જીવ કૃતકૃત્ય થયા. જે જીવ નિઃશંક થયા તેને પરમાર્થે બંધન નથી. જેને નિર્ભયતા આવી તેને પરમાર્થે બંધન નથી. જેને સાચો અભિપ્રાય થયો તેને હવે સંસાર નથી. કારણ વિકારી ઊંધી માન્યતા એટલે મિથ્યાદૃષ્ટિ હતી તે ટળી અને તે જ સમયે ખોટી મિથ્યાદૃષ્ટિનો નાશ અને સત્ય, પવિત્ર, નિઃશંક દૃષ્ટિનો જન્મ થાય છે, અને આત્મભાવ ધ્રુવ રહે છે, તે જ તારો ત્રિકાળી સિદ્ધુ ચોવીર દેશ છે તે દૃષ્ટિ કેવી રીતે લાવવી તેનું દૃષ્ટાંત આપીને સમજાવે છે.

એક મનુષ્ય છે. મહાન વિકારી છે. તે મહા વિકારની વાસનાને લીધે કામભોગને વશ થયો છે પોતાની પત્નીનું ચિંતન કરે છે. રાત્રિના અગીઆર વાગ્યા છે. જે ઓરડામાં તે બેઠો છે તે જ ઓરડામાં કંઈક કામ માટે તેની સગી માતા આવે છે. માતાએ તે વખતે જેવાં તેની પત્ની કપડાં પહેરે છે તેવાં જ કપડાં પહેર્યાં છે. માતાને પત્ની માની કામભોગને વશ પડેલો યુવાન જમદી પૂછે છે. "તું આવી!" માતા જવાબ આપે છે: "હા, બેટા, હું જ છું" તે જ સમયે વિકારી ભાવ આખો પલટાઈ ગયો, અને તે યુવાન અવિકારી થઈ ગયો તે જ દૃષ્ટાંતને પટાવીએ. રાગાદિ પ્રકૃતિને વશ મોહભાવમાં વર્તતો જીવ, પોતાના ઓરડામાં બેઠો હતો ત્યાં પવિત્ર સમતરૂપી-શમરૂપી સ્વભાવરૂપ માતાનું દર્શન થયું. ત્યાં તેજ ક્ષણે વિકારી ભાવ ટળીને પવિત્ર અવિકારી ભાવ પ્રગટ્યો, સહજ નિત્ય સ્વભાવ પ્રગટ થયો ભ્રાંતિ ટળી ગઈ. જેમ માતાને ઓળખ્યા પછી, નિઃશંક થયા પછી તેનાં વિકાર

કળાય, અને નિઃશંકતા થાય. પોતાના શુધ્ધ-શુધ્ધરૂપ નગરીમાં પરાક્રમ વિના જવાય તેમ નથી માટે પ્રથમ નિઃશંકતા, નિર્ભયતા અને નિઃસંદેહતા લાવ. જેણે પૂર્વાપર વિરોધ રહિત, નિઃશંકપણે, નિર્ભયપણે સહજ સ્વભાવની પ્રતીતિ કરી, ત્રિભુવનવીર દેવ સ્વભાવરૂપ જ્ઞાન માત્ર સ્વભાવનો સ્વીકાર કરી અને તેમાં જ નિઃશંક, નિર્ભયપણે સાવધાની કરી હશે, કેવળ વીતરાગતાનું બહુમાન પોતે બળ-અનુભવના જોરે કર્યું હશે તેને દરેક સમયે આત્મામાં સમાધિ જ હોય છે. ખાતો હોય, પીતો હોય, બેઠો હોય, કે લડાઈ કરતો હોય, છતાં સમાધિ છે

પરભાવની રુચિ રહિત, કર્તૃત્વભાવ, મમત્વભાવથી રહિત, હું પરથી જુદો, નિર્મળ, વીતરાગ છું ત્રિકાળી જ્ઞાયક છું. એ પરમાર્થ તત્ત્વ, સ્વભાવને લક્ષમાં લઈ લ્યો. (રાગ, દ્વેષ, સ્ત્રી, પુત્ર, મોટર, લક્ષમાં લેવા જેવા નથી.) જ્ઞાનમાં જ્ઞાનદ્વારા સ્વચ્છપણું લેવું નામ સમાધિ દશાશ્રુતસ્કંધમાં ભગવાને દશ પ્રકારની સમાધિ કહી છે. તેમાં ચોથી પ્રથમ સમ્યગ્દર્શનને સમાધિ કહે છે. આવા જીવો વિચારે છે કે હું નિઃશંકપણે જ્ઞાનમાં ટકીને હું પૂર્ણ કેવળજ્ઞાન અંબરરૂપ છું. નિર્ભય નિઃશંકરૂપ હું છું નિશ્ચય જ્ઞાનમાં તેઓએ અતીંદ્રિય ઔષધનું નિઃશંકપણે સેવન કર્યું છે, તેથી મારુની અનંતી પીડા ટળે પણ ઉપાધિ થવા પણ નથી. પરંતુ નિરૂપાધિ [illegible] આપદમાં ટકતો, લીન થતો, નિર્ભયપણે ત્રિભુ-તે એક અવતાર કરી કેવળજ્ઞાન પામી

અનંતા જન્મમરણ છેદીને
સંસારને પહોંચી જશે છે તેથી

વાસુદેવ પદ એવા મોટા પદના કાઠ બંધાય છે પણ ત્યાં પુણ્યનો મહિમા નથી. ખેડૂત ખેતરમાં દાણા માટે બીજ વાવે છે દાણા પાકે, સાથે સાંઠા પણ ગાડાં ભરાય તેટલા થાય છે. પરંતુ ત્યાં દાણાનો મહિમા છે. સાંઠાનો નહિ તેમ અહીં પણ સાધક, પરથી ભિન્ન જ્ઞાયક માત્ર રહ્યો તે પુરુષાર્થનો મહિમા છે. આત્માના ભાનની ભૂમિકામાં, નિઃશંકતા અને નિર્ભયતાના ગુણમાં પુણ્ય અને પુણ્યના ભાવનો નકાર હોવા છતાં તીર્થંકર આદિ પદના પુણ્ય સહેજે બંધાય છે. આત્માની ઓળખાણ થતાં, ચારિત્રનું બળ કરતાં, પોતાના સમ્યક્ પરાક્રમથી સિદ્ધપુરીતીર દેશને પહોંચી શકાય છે. જ્ઞાનનો દરિયો તે સિદ્ધપુરીતીર દેશ છે; અને તેનો પુરુષાર્થ એ જ આત્માનું કાર્ય છે અને ત્યાં જીવ જરૂર પહોંચી શકે છે. પહોંચતાં, પહોંચતાં અધૂરા રહે તો વચ્ચે પુણ્યના મોટા પદ બંધાય છે અને દેવપણે, તીર્થંકરપણે, અગર ચક્રવતી પણે વાસ કરે છે.

ક્ષાયક ભાવ તે આત્માની શુદ્ધ દશા છે આત્માની શુદ્ધ દશા સાદિ અનંત છે. પરમાણુની શુદ્ધ દશા સાદિ સાંત છે એટલે પરમાણુ એક વાર શુદ્ધ થયા પછી પાછું અશુદ્ધ થાય છે પરમાણુ શુદ્ધપણે ટકે તો અસંખ્યાત કાળ રહે છે. પછી તેને નિયમા અશુદ્ધ થવું પડે છે. એકવાર સ્કંધથી છૂટા થયા પછી પાછો સ્કંધમાં ભળે છે. તે તેનો સ્વભાવ જ છે. આવા સ્વભાવવાળાની ભાઈબંધી ન જોઈએ. પરંતુ આત્મા એકવાર શુદ્ધ થયા પછી ફરી કદી અશુદ્ધ થતો નથી. એવો તારો પૂર્ણ સિદ્ધપુરીતીર દેશ શુદ્ધ જ છે. પણ પર્યાયમાં શુદ્ધતા લાવવા માટે નિર્ભયતા, નિઃશંકતા અને નિઃસંદેહતારૂપ પીટીશન નજરમાં આવ, એમાં આવવા માટે પુરુષાર્થ કર, અને આત્મ-સ્વભાવની શ્રદ્ધા કર. જરૂર દશામાં નિઃશંકતા આદિ ગુણ પ્રગટશે

સમ્યગ્દર્શન અમૂર્તિક આત્માનું શ્રદ્ધાન રાખે છે સમ્યગ્દર્શન આત્માનો નિર્મળ સ્વભાવ છે. વળી સમ્યગ્દર્શન આત્માનુભવરૂપ મોક્ષ માર્ગ પર વિશ્વાસ રાખે છે ત્યારે દર્શનમોહના ઉદયથી અંધ મિથ્યાદૃષ્ટિ જીવને અશુદ્ધ આત્માનું જ શ્રદ્ધાન હોય છે. હું સિદ્ધ સમાન, શુદ્ધ, નિર્વિકારી, અમૂર્તિક આનંદમય આત્મા છું, અને આ આત્માના ધ્યાનથી કર્મની નિર્જરા થાય છે એ જ આત્મ–અનુભવ યથાર્થ મોક્ષ માર્ગ છે એવું નિશ્ચય નિર્મળતાનું સાચું શ્રદ્ધાન સમ્યગ્દૃષ્ટિને થાય છે ને જીવ યથાખ્યાત ચારિત્રને પામે છે, અને જ્યારે ચારિત્ર આવે ત્યારે જીવ ખડગ ધારને છેદીને વીતરાગના માર્ગે પોતે ચઢતો જાય છે.

વર્તમાન લક્ષ્મી મળી છે તેમાં ઝેરના છાંટણાં છે કે અમૃતનાં છાંટણાં છે, તે તો જો તારી લક્ષ્મીનો દુર્વ્યય થતો હોય તો માનજે કે તેમાં ઝેરનાં છાંટણા છે. સિનેમા, નાટક, હોટલો, નશાઓ, વિવાહ આદિમાં વપરાતાં હોય તો તેમજ માનજે. પરંતુ સાધનને અભાવે ધર્મક્રિયામાં ન જોડાઈ શકતા હોય તેમની સહાયમાં, જીજ્ઞાસુઓને ધર્મક્રિયામાં જોડવા માટે, અને હેતને છોડવા માટે તારી લક્ષ્મી વપરાતી હોય તો માનજે કે તેમાં અમૃતનાં છાંટણાં છે. મિથ્યાદૃષ્ટિ જીવને નિર્મળ સ્વભાવની શ્રદ્ધા હતી નથી. તેથી પોતાના આત્માને રાગી, દ્વેષી માને છે અને તે માન્યતામાં ભય અને શંકાને સેવે છે. તેમ થવાથી નિઃશંકતા અને નિર્ભયતા કેળવી શકતો નથી. માટે હે ભાઈ! તારે શિવપુરીના દેશમાં પહોંચવા માટે સંતોષ જોઈએ. ભય શંકા અને ભયને વેદીશ તો સ્વરૂપ સમજી નહિ શકે, માટે નિઃશંકતા સાથ

શ્રાવક અને શ્રાવિકા બન્નેનો ધર્મમાં સરખો ભાગ છે. શ્રાવક સો રૂપિયાનું દાન કરે તો શ્રાવિકા પણ તેટલું દાન કરી શકે. તેમાં શ્રાવક ના ન પાડી શકે.

વીતરાગતાનું જ શરણ છે. તેને નમન કર. સિંધુસૌવીર દેશ રૂપ આત્માનું શરણ લે, રાગાદિથી જુદો પડ, જ્ઞાની સદા જ્ઞાનમાં જ વર્તે. મહા પવિત્ર, બ્રહ્મચારી, જ્ઞાની મુનિ, સંસારી લક્ષણોથી તદ્દન જુદા કેવળ વીતરાગ ભાવનું આચરણ અને અનુમોદન કરી રહ્યા છે. ત્રણ લોકના નાથ તે જ્ઞાની આત્મા છે જેના નિર્મળ જ્ઞાનસ્વભાવમાં એકજ સમયના ત્રણે લોકના ભાવ જણાય છે, તેવો જ્ઞાયક સ્વભાવ આત્માનો છે. જેનો આવો જ્ઞાનસ્વભાવ છે, તે કોને ન જાણે ? કોઈ પણ નિમિત્તમાં અટક્યા વિના બધાયને જાણવાનો આત્માનો સ્વભાવ છે. જાણવું તેમાં ન જાણવું ન આવે. આ ન્યાયને લક્ષમાં રાખીને જ્ઞાની કહે છે-ત્રિકાળી આત્મા-ચૈતન્ય જ્ઞાનઘન જ્યોતને સંપૂર્ણપણે પ્રગટાવવા માટે સાધુઓ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ, ભાવમાં અખંડપણે વિચરે, અને શ્રાવકો દાન, શિયળ, તપ, ભાવમાં અખંડ ભાવે વિચરે.

——— વ્યા- ૨૪

સંવત ૨૦૧૧ના શ્રાવણ સુદ ૧૨ શનિવાર તા. ૩૦-૭-૫૫.

ભગવતી સૂત્ર, તેરમું શતક, છઠ્ઠો ઉદ્દેશો ચાલુ છે. ભગવાન સિંધુસૌવીર દેશના વીતીભય નગર તરફ વિહાર કરી રહ્યા છે. સિંધુસૌવીર દેશ અને વીતીભય નગર કોને કહેવાય અને પોતાને પહેલાં ક્યાં આવવું જોઈએ અને શું કરવું જોઈએ તે ભાવમાં સૂક્ષ્મ રહસ્ય કહે છે.

જાણે છે, નિઃશંક, નિર્ભય ગુણરૂપી નગરીમાં પ્રવેશ કરીને જે જ્ઞાનસિંધુને જાણે છે, તે સર્વને જાણે છે એવો એકત્વ જ્ઞાનસિંધુ આત્માનો મહિમા છે. એટલે જ્ઞાન-દર્શન-ચારિત્રનો મહિમા છે, તે જ મોક્ષ માર્ગ છે. તેને ઉપાવવા માટે નિશ્ચયને ઉપાવ તે વિના બધું ઉજ્જડ છે તે વિના આત્માને કદી લાભ નથી. અનાદિ નિધાન, અમૂર્ત, અતીંદ્રિય સ્વભાવરૂપ, સહજ શુદ્ધ પારિણામિક ભાવરૂપ કારણ પરમાત્મા છે તે જ ભવ્ય જીવોને ઉપાદેય છે. આવા આત્માને માનવો, જાણવો, તેના સાધનપણે કરવું તે જ મોક્ષનો ઉપાય છે આત્માનો એકરૂપ સ્વભાવ અનાદિ અનંત છે. ક્ષાયિક સમકિત પ્રગટે તે તો સાદિ અનંત છે પણ આત્માનો સ્વભાવ અનાદિ અનંત છે કેવળજ્ઞાન, સિદ્ધદશા ને સાદિ અનંત છે. આત્મા અમૂર્તિક અને અતીંદ્રિય છે. ઇંદ્રિય આધિન જ્ઞાન વડે આત્મા જણાય તેમ નથી શુદ્ધ સહજ, પરમ પારિણામિક ભાવસ્વરૂપ તે જ પરમાત્મા છે, અને તે જ સિંધુતીર દેશ છે.

અશુદ્ધતાનો નાશ કરી શુદ્ધતા પ્રગટ કરવી તે અવસ્થા છે, પર્યાય છે. આત્મા ત્રિકાળી સ્વભાવથી તો શુદ્ધ જ છે. અશુદ્ધતા ટાળવી અને શુદ્ધતા પ્રગટ કરવી તેવા બે ભાગ આત્મામાં નથી. તે તો વર્તમાન વર્તતી અવસ્થામાં છે. શુદ્ધ સહજ સ્વાભાવિક, પરમ પારિણામિક કારણ પરમાત્મા તારો આત્મા છે, તેના લક્ષે મોક્ષ માર્ગ પ્રગટે. તેના લક્ષ વિના સમ્યગ્ રત્નત્રય અને સિદ્ધ દશા પ્રગટે જ નહિ, સિંધુતીર દેશ ઉપર લક્ષ કર્યા વગર કેવળજ્ઞાન તથા સમ્યગ્ રત્નત્રય પ્રગટે નહિ એટલે તેને નિઃશંકતા ગુણ પ્રગટે નહિ, અને સિંધુતીર દેશમાં પણ પહોંચી શકાય નહિ. જેમ આગ પૂર્ણ, પવિત્ર શુદ્ધ ધ્યાનને પહોંચી જવા માટે છે,

ક્રમમાં હોવાથી યુધિષ્ઠિરે બ્રાહ્મણને કહ્યું કે, "આવતી કાલે આવજે." બ્રાહ્મણ નિરાશ થઈને પાછો વળતો હતો તેવામાં ભીમ તે બ્રાહ્મણને મળ્યો, અને બ્રાહ્મણે ભીમને વાત કરી. વાત સાંભળી ભીમને ખેદ થયો. તેણે આયુધશાળામાં જઈને ભંભા વગાડી. નિયમ એવો હતો કે વિજય થાય તો જ ભંભા વગાડાય. ભંભાનો અવાજ સાંભળી વનનાં પશુઓ પણ દોડાદોડ કરવા લાગ્યાં. નાગરિકો તો ખૂબ આશ્ચર્ય પામ્યા. યુધિષ્ઠિરે તપાસ કરી તો ખબર પડી કે ભીમે ભંભા વગાડી છે. યુધિષ્ઠિરે ભીમને બોલાવીને પૂછ્યું, તો ભીમે કહ્યું કે–"ભાઈ, કાળ જિતાયો તેથી મેં ભંભા વગાડી." યુધિષ્ઠિરને સમજ ન પડી. તેણે ફરી પૂછ્યું, તો ભીમે કહ્યું–"આપે કાળને જીત્યો તેથી મને બહુ આનંદ થયો, અને મેં ભંભા વગાડી." હજુ યુધિષ્ઠિર સમજ્યા નહિ. તેમણે ત્રીજી વાર પૂછ્યું. ત્યારે ભીમે બ્રાહ્મણને હાજર કર્યો, તેની વાત કરી. તેને આપે કહ્યું–"કાલ આવજે" તેથી મેં માન્યું કે આપે કાળને જીત્યો છે." યુધિષ્ઠિરને હવે બધું સમજાઈ ગયું. તેણે પોતાની ભૂલ કબૂલ કરી. માણસોને દોડાવી બ્રાહ્મણને પાછો બોલાવી માનપૂર્વક દાન આપ્યું. "દાન કરવામાં જેટલું માહાત્મ્ય છે તેના કરતાં હમણાં કરવામાં વિશેષ છે."

દાનાદિક વ્યવહાર કાર્યોમાં પણ વાયદા કર્યે કામ ન આવે. 'કર્યું તે કામ અને દીધું તે દાન' એમ કહી બુદ્ધિ આપી દેય પરંતુ એ વર્તમાન પોતાના શુદ્ધ આત્મ-તત્ત્વનો હકાર લાવીને આત્માનો મહિમા કરીને સમજવા માગે તો જરૂર સમજાય તેવું વસ્તુ-સ્વરૂપ છે. વર્તમાન કાળની અને હિતની અપેક્ષાએ પૂર્ણ થવાનો પુરુષાર્થ પૂર્ણ ન થઈ શકે. પણ વર્તમાન જો તેવો પૂર્ણ સ્વભાવ મેળવે છે

જવા છતાં પણ ત્યાં આત્મ-ચિંતનને ભૂલતા નથી તેઓ વ્યવહાર દૃષ્ટિએ પરદેશમાં જવા છતાં નિશ્ચય દૃષ્ટિએ પરદેશમાં જતા નથી પરંતુ નિશ્ચય દૃષ્ટિએ આત્મ-સ્વભાવરૂપ સ્વદેશમાં જ નિરંતર રહે છે. માટે શુદ્ધ આત્મ-સ્વરૂપનો-અનુભવ-નિશ્ચયનો એવો દૃઢ અભ્યાસ કરો કે સંકલેશમાં કે મરણ કાળે પણ તે અભ્યાસ દૂર નહિ જતાં સદા અચળપણે કાયમ રહી રહે. અચળપણું, નિશ્ચળપણું, પૂર્ણ સ્વરૂપ પામવાને માટે, સિંધુસૌવીર દેશમાં પહોંચવાને માટે વીતીભય નગરીમાં આવી જા આ વિના છૂટકો નથી, સંસારની બધી નગરી ભયવાળી છે.

ઉત્તમ કુળ, પાંચે ઇંદ્રિયો સમજવાની બુદ્ધિ આદિ બધાં સાધનો આપણને મળી ચૂક્યાં છે ભગવાન કહે છે કે તું ભવમાં બેઠો છે. હવે પુરુષાર્થ ઉપાડ ને માર કૂદકો અને જા પેલી પાર. આત્મા અનાદિ અનંત છે, વળી અમૂર્ત છે. રૂપવાળી ઇંદ્રિયો અને રૂપ વિનાનો આત્મા છે, અને રૂપ વિનાનો આત્મા રૂપવાળીથી પકડાય તેમ નથી. તેનાથી તું જુદો છે અતીંદ્રિય, સ્વભાવરૂપ, શુદ્ધ સહજ એવો તારો પરમ પારિણામિક સ્વભાવ તે જ પરમાત્મા છે, અને તેવો જ આ આત્મા છે: અને તે જ સાક્ષાત ઉપદેશ છે. એવો તારો પોતાનો સાક્ષાત્કાર કરવા માટે વિચાર ન કર. તેં આત્માને માનવાની રુચિ ન કરી તો તારા માટે અનંત સંસારનો માર્ગ ઉઘાડો પડ્યો છે આવા ઉપદેશ સ્વભાવને જાણો, માનો અને તેમાં ઠરી જાઓ તે જ મોક્ષનો ઉપાય છે, અને તે જ સિંધુસૌવીર દેશ છે.

કે શુભપણું કે અશુભપણું છે તે બંધનું કારણ છે. પણ ઉપયોગ, બંધનું કારણ નથી એમ સમજીને બોલવું. જ્ઞાન અને રાગાદિક બન્ને એક જ સમયમાં થાય છે પરંતુ જ્ઞાન પોતાના કારણે થાય છે. અને રાગાદિક પોતાના કારણે થાય છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જ્ઞાન થાય છે, અને ચારિત્રમોહનીયકર્મ અને દર્શન-મોહનીયના ઉદયથી રાગ-દ્વેષ થાય છે. જે સમયે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તેજ વખતે મોહનીય કર્મનો મંદ ઉદય હોય તો જ્ઞાનનો ક્ષયોપશમ વધી જાય છે પરંતુ રાગની જરાય હાની થતી નથી. મિથ્યાત્વીને દેશે ઊણું નવપૂર્વનું જ્ઞાન થાય છે તેને નવપૂર્વનું જ્ઞાન થાય તેટલો ક્ષયોપશમનો ઉઘાડ હોય પણ રાગની જરાય હાની ન થાય. આઠ કર્મની નિર્જરા ત્રેયનું કારણરૂપ આત્મિક હેતુથી થાય છે. ધ્યાનાદિ કારણોથી થાય છે પરંતુ જ્ઞાન-ચેતનારૂપ ઉપયોગ તેમાં કારણ નથી

ઉપયોગનું કાર્ય શું? ઉપયોગનું કાર્ય, નિજ આત્મા અને પર-પદાર્થને જાણવું માત્ર છે એ માટે જ્ઞાનચેતના નિર્જરામાં કારણ નથી થતી. અનુભવીઓ પડકાર કરીને કહે છે, કર્મના ક્ષયમાં, સહજ આનંદનો ભોગવટો જ કારણ છે, સહજ આનંદના ભોગવટા વિના દેશે ઊણું નવ પૂર્વનું જ્ઞાન થાય, છતાં તે કર્મની નિર્જરામાં કારણ નથી થતું. સહજ આનંદના ભોગવટાથી જ ચાર ઘાતી કર્મનો ક્ષય થઈને કેવળજ્ઞાન પ્રગટે છે, અને શુદ્ધાત્માનું પ્રત્યક્ષ પદ જાગી ઉઠે છે. અરિહંત પરમાત્માનું પદ પ્રગટ થઈ જાય છે. ત્યારે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય આ સ્વચતુષ્ટય પ્રગટ થઈ જાય છે.

પૂર્ણ સિંધુસૌવીર દેશને અલ્પકાળમાં પામે છે કે જીવ! ત્રિકાળી સ્વભાવ જ ઉપાદેય છે. તેના લક્ષે જ નિશ્ચયતા, નિર્ભયતાને લાવ. તેને પામવા માટે ત્રિકાળી સ્વરૂપના પુરુષાર્થને લાવ. તે લાવવાથી સમ્યગ્દર્શન પ્રગટ થશે અને તેનાથી જ પૂર્ણ સિંધુસૌવીર દેશ કે જે તારો ત્રિકાળી સ્વભાવ છે તેને પહોંચી વળાશે એ સિવાય બીજો કોઈ ઉપાય નથી, માટે સહજાનંદ સ્વભાવ તારું અવિનાશી કલ્યાણ થશે.

———— ઉપા – ૨૬

સંવત ૨૦૧૧ના શ્રાવણ સુદ ૧૮ સોમવાર તા. ૧-૮-૫૫.

ભગવતી સુત્રનું તેરમું શતક અને છઠ્ઠો ઉદ્દેશો વંચાય છે. ઉદાયન રાજાના અધિકાર દ્વારા આત્માના વાત સમજાવે છે. સિંધુ-સૌવીર દેશ, વીતીભય નગર, પોતાના આત્માનો પરમ શુદ્ધ ત્રિકાળી પારિણામિક ભાવ તે જ ઉપાદેય છે પોતાના સહજ પારિણામિક ભાવને પહોંચી વળવા માટે નિર્ભયતાને લાવ.

જીવને સમ્યગ્દર્શન થાય છે તેના આઠ આચાર હોય છે. જ્ઞાનના આઠ આચાર હોય છે. ચારિત્રના આઠ આચાર હોય છે. તપના બાર આચાર હોય છે અને વીર્યના ત્રણ આચાર હોય છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે પ્રથમ નિઃશંકતાને લાવ. સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે પ્રથમ ભેદજ્ઞાન કરીને ઝીણી, લીટીના બે ટુકડા કરી નાખે છે, સોય, કાંટાને બહાર કાઢી દે છે, કરવત, લાકડાને વેરીને ટુકડા કરી નાખે છે, પવન, પૂળાના જથ્થાને વેરણ-છેરણ કરીને ઉડાડી દે છે, અગ્નિ, સુવર્ણાદિકના મેલને દૂર કરી શુદ્ધ કરે છે, ચિપીયો, હીરાદિના રતને કાઢી દૂર કરે છે, ફણી, માથાના મેલને દૂર કરે છે, કનાકજ એટલે કુહાડી, વૈ

સુવર્ણ-પાષાણમાંથી જેમ સુવર્ણને, મલિન વસ્ત્રમાંથી જેમ સ્વચ્છ વસ્ત્રને, તાંબું આદિ ધાતુઓના મિશ્રણમાંથી જેમ સુવર્ણને, તલમાંથી જેમ તેલને, તપેલા લોઢામાંથી જેમ અગ્નિને, કાદવમાંથી જેમ પાણીને, દૂધમાંથી જેમ પાણીને અગર ઘીને, દરેકને જુદા જુદા ઉપાયથી જુદાં કરી શકાય છે તેમ શરીરથી આત્માને જુદા કરવાનો, જાણવાનો, અનુભવવાનો અનન્ય અને અચૂક ઉપાય જો કોઈ હોય તો તે ભેદ-વિજ્ઞાન છે. ભેદ-જ્ઞાની પુરુષ, શરીર, કર્મ આદિ સર્વથી પર અને ભિન્ન આત્માને જાણીને, અનુભવીને સહજ આત્મિક સુખને આસ્વાદે છે. ભેદજ્ઞાન તે જ્ઞાનીનો તેજાબ છે, જે બન્ને દ્રવ્યોને જુદાં કરે છે આ તેજાબથી દેહ અને આત્મા જુદા જાણી, અનુભવી શકાય છે. તે ભેદજ્ઞાન થવા માટે મહાત્માઓએ, ગણધરોએ સકળ શાસ્ત્ર રચ્યા છે ત્યાગ, વ્રત, નિયમમાં આવીને પણ ભેદવિજ્ઞાન કરો. સંસારની પ્રવૃત્તિનાં કામ કરીને પણ ભેદવિજ્ઞાન કરો.

જેમ તેજાબના ટીપાથી સોનું અને કથીર જુદાં પડે છે, તેમ જ્ઞાનીના ભેદ-વિજ્ઞાન દ્વારા સ્વાભાવિક આત્મદ્રવ્ય અશુદ્ધ સ્વભાવપણું છોડીને, પરયોગી દ્રવ્યથી જુદું પડીને સ્વધર્મમાં જરૂર આવે છે.

જ્ઞાન પરિજ્ઞાએ જાણો અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાએ બોધ લેવાય તો જરૂર ભેદ-વિજ્ઞાન થાય છે. જેમ આનંદીએ વસ્ત્ર પહેર્યાં છે પણ તે જાણે છે કે શરીરથી વસ્ત્ર જુદાં છે તેમ આત્માથી શરીર જુદું છે, એમ જ્ઞાનીઓએ દીઠું છે, તેવા પુરુષોને જ્ઞાન છે. આત્મા તે દેહ નથી, અને દેહ તે આત્મા નથી. આત્માને ...

મોક્ષ માર્ગ, જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ યુક્ત છે તેમાં સમ્યગ્દર્શનગુણ પ્રધાન છે, અને તેના વિના સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર, સમ્યગ્તપ નથી, જ્યાં સુધી સમ્યગ્દર્શન ન પ્રગટે ત્યાં સુધી જેટલું જ્ઞાન છે તે કુજ્ઞાન છે, જેટલું ચારિત્ર છે તેટલું કુચારિત્ર છે, અને જેટલું તપ છે તે કુતપ છે. સમ્યગ્દર્શન તે આત્માનો ગુણ છે. તે અનુભવગમ્ય છે જ્ઞાનાનુભૂતિને સમ્યગ્દર્શન કહેવાય કે સ્વાનુભૂતિની સાથે તેનો અવિનાભાવી સંબંધ છે. સમ્યગ્દર્શન વિના પોતાના આનંદનો સ્વાદ કોઈને આવે નહિ આત્માના આનંદનો સ્વાદ જ નિર્જરાનું કારણ છે. સંસારના સ્વાદ તો ઘણીવાર લીધા, છતા તે લેવામાં જરા પણ થાકતો નથી. અવિનાશી સુખના સ્વાદનાં ટાણાં મળ્યાં છે, ત્યારે એ આત્માનો સ્વાદ ન લીધો તો 'દીવો, તારું'-દીવા જેવી સામગ્રીને તેં 'અદીવા' જેવી કરી મૂકી છે, અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ અને મિથ્યાત્વ મોહ-આ પાંચ પ્રકૃતિના ઉદયનાં વંચકત્વનો પ્રકાશ કરતો નથી. ત્રિકાળી સ્વરૂપમાં સમી જતાં એ પાંચે પ્રકૃતિના અંધકાર ચાલ્યા જાય છે.

ઈંદ્ર મહારાજ પાસે, રાત્રિ, ફરિયાદ કરવા ગઈ અને કહેવા લાગી કે-"સૂર્ય મને કયાંય રહેવા દેતો નથી. માટે તેને ઠેકાણે કરો." ઈંદ્ર કહે છે-"સૂર્ય આવશે ત્યારે હું તેને કહીશ." સૂર્ય આવે છે ત્યારે ઈંદ્ર કહે છે-"તારી સામે ફરિયાદ છે. તું રાત્રિને કેમ શાંતિથી રહેવા દેતો નથી!" સૂર્ય કહે છે-"રાત્રિની ફરિયાદ ખોટી છે. જો તેની ફરિયાદ સાચી હોય તો મારી સામે આવીને ઊભી રહે અને ફરિયાદ કરે" હવે જ્યાં પ્રકાશ હોય ત્યાં અંધકાર હોય જ નહિ. તેમ જે જીવને સમ્યગ્દર્શન રૂપ દી-

કિવનાઈન આપ્યું, તે ઘેર આવીને પુત્રને લેવાનું કહે છે. પરંતુ પુત્ર લેતો નથી ત્યારે માતા ઘરમાંથી પતાસું લાવીને બતાવે છે અને કહે છે–"જો તું કિવનાઈન ગળે ઉતારી જા તો તને પતાસું આપું." જુઓ કે, માતા પતાસુ આપીને બાળકને મારી નાખવા માગતી નથી. પરંતુ દવા ખવડાવવા માટે લાલચ દેખાડે છે પુત્ર દવા પી ગયો, પણ માતા તેને પતાસું આપતી નથી, તેવી જ રીતે તમને તો અનંત કાળના તાવ ચડયા છે, તેમાંથી બચાવવા માટે ગુરુ કડવું ઔષધ આપે છે, પરંતુ તે તમે સીધે સીધું લેતા નથી, તેથી પતાસું બતાવીએ છીએ, પણ પતાસું ખવડાવીને મારી નાખવા નથી. અશુભથી બચવા માટે શુભ બરાબર છે, પણ સાદું, લક્ષ તો શુદ્ધનું જ હોવું જોઈએ. શુભમા પડયા રહેવાય નહિ.

સ્વ–પરને જાણવાનો આત્માનો સ્વભાવ છે. આત્માનો સ્વભાવ, કર્મની ઉપાધિ વગરનો છે. કર્મની અપેક્ષાથી જે જે ભાવો પ્રગટે છે તે તે ભાવો આત્માના નથી આ રીતે સમજીને, કર્મનું લક્ષ છોડીને, પોતાના સ્વભાવના આધારે પુરુષાર્થ કરે, કાળ અને ક્ષેત્રની અપેક્ષાએ એક અવતાર કરીને શું મુક્તિ ન પામે? જરૂર પામે. એકિક મહારાજા એક અવતાર કરીને મોક્ષમાં જરૂર જશે. કર્મની અપેક્ષા છોડીને જોઈએ, નિગોદમાં રહેલા આત્માને તેના સ્વભાવે જો જોઈએ, તો સ્વભાવે તે સિદ્ધ જેવો છે. કર્મની અપેક્ષા છોડીને જોઈને તો આત્માનો સ્વભાવ વિકાર રહિત શુદ્ધ છે, અને તે સ્વભાવને સમજીને તેમાં લીન થવું તેજ કેવલન ધર્મને પ્રગટ કરવાનો ઉપાય છે.

આત્મા સદા ચૈતન્ય છે અને કર્મો સદા અચેતન છે. આત્માના સ્વભાવમાં કર્મો નથી. એક પ્યાલામાં દૂધ અને પ…

સ્વસંવેદન પ્રત્યક્ષપણાની સાથે સમ્યગ્દર્શનનો અવિનાભાવ સંબંધ છે; અતીંદ્રિય સુખ અને આનંદ, આત્માનું સુખ કે આનંદ સમ્યગ્દર્શન વિના કોઈ જીવને આવે નહિ. સમ્યગ્દર્શન વિના કોઈ કર્મની પ્રકૃતિ મૂળમાંથી નાશ પામે નહિ, અને નિશ્ચ કેવળજ્ઞાનપણું આવે નહિ.

જો આત્માના આનંદ અને સુખને માણવું હોય તો પ્રથમ ત્યાગ, વૈરાગ્ય અને સતના સમાગમે નિર્બળતાને ભાવ અનંતાનુબંધી ચોકડી અને દર્શનમોહની ત્રિક એ સાત પ્રકૃતિના ઉદયમાં સમ્યક્ પ્રકાશ થાય નહિ. સાતે પ્રકૃતિને દૂર કરવા માટે પ્રથમ ભેદજ્ઞાન લાવવું જોઈએ.

જીવને ભેદજ્ઞાન થય ત્યારે પ્રથમ પાંચ લબ્ધિ પ્રગટે છે, (૭ ભાવ છે. ઉપશમ ક્ષયોપશમ, ક્ષાયક, ઉદય, પારિણામિક અને સન્નિપાતિક. ભવ્યત્વ પારિણામિક ભાવ, અભવ્યત્વ પારિણામિક ભાવ, અને જીવત્વ પારિણામિક ભાવ એ ત્રણ પારિણામિક ભાવના ભેદ છે. તેને કર્મની અપેક્ષા નથી. ક્ષાયોપશમિક ભાવના પ્રકારમાં પાંચ લબ્ધિનું વર્ણન છે.) (૧) ક્ષયોપશમિક લબ્ધિ અથવા કાળલબ્ધિ (૨) વિશુદ્ધ લબ્ધિ અથવા ઉપશમ લબ્ધિ. (૩) ઉપદેશ લબ્ધિ અથવા દેશના લબ્ધિ (૪) પ્રાયોગ્ય લબ્ધિ (૫) કરણ લબ્ધિ. યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, એ કરણ લબ્ધિના ત્રણ ભેદ છે.

આ પાંચ લબ્ધિમાં આત્માનો પુરુષાર્થ છે. ઘણા અજ્ઞાની જીવો ક્ષયોપશમિક અથવા કાળલબ્ધિને ઉદયકર્મને આધીન માને છે. પરંતુ તે લબ્ધિ, કર્મને આધીન નથી, પણ જીવના ક્ષયોપશમિક

સ્વસંવેદન પ્રત્યક્ષપણાની સાથે સમ્યગ્દર્શનનો અવિનાભાવ સંબંધ છે. અતીંદ્રિય સુખ અને આનંદ, આત્માનું સુખ કે આનંદ સમ્યગ્દર્શન વિના કોઈ જીવને આવે નહિ. સમ્યગ્દર્શન વિના કોઈ કર્મની પ્રકૃતિ મૂળમાંથી નાશ પામે નહિ, અને નિઃસંદેહતાપણું આવે નહિ.

જો આત્માના આનંદ અને સુખને માણવું હોય તો પ્રથમ ત્યાગ, વૈરાગ્ય અને સતના સમાગમે નિર્ભયતાને લાવ અનંતાનુબંધી ચોકડી અને દર્શનમોહની ત્રિક એ સાત પ્રકૃતિના ઉદયમાં સમ્યક્ પ્રકાશ થાય નહિ. સાતે પ્રકૃતિને દૂર કરવા માટે પ્રથમ ભેદજ્ઞાન લાવવું જોઈએ.

જીવને ભેદજ્ઞાન થાય ત્યારે પ્રથમ પાંચ લબ્ધિ પ્રગટે છે, (છ ભાવ છે. ઉપશમ ક્ષાયોપશમ, ક્ષાયક, ઉદય, પારિણામિક અને સન્નિપાતિ. ભવ્યત્વ પારિણામિક ભાવ, અભવ્યત્વ પારિણામિક ભાવ, અને જીવત્વ પારિણામિક ભાવ એ ત્રણ પારિણામિક ભાવના ભેદ છે. તેને કર્મની અપેક્ષા નથી. ક્ષાયોપશમિક ભાવના પ્રકારમાં પાંચ લબ્ધિનું વર્ણન છે.) (૧) ક્ષાયોપશમિક લબ્ધિ અથવા કાળલબ્ધિ. (૨) વિશુદ્ધ લબ્ધિ અથવા ઉપશમ લબ્ધિ. (૩) ઉપદેશ લબ્ધિ અથવા દેશના લબ્ધિ. (૪) પ્રાયોગ્ય લબ્ધિ (૫) કરણ લબ્ધિ. યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, એ કરણ લબ્ધિના ત્રણ ભેદ છે.

આ પાંચ લબ્ધિમાં આત્માનો પુરુષાર્થ છે. પણ અન્ય ની જેવો ક્ષાયોપશમિક અથવા કાળલબ્ધિને ઉદયકર્મને આધીન માને છે. પરંતુ તે લબ્ધિ, કર્મને આધીન નથી, પણ જીવના ક્ષાયોપશમિક

કોઈને પ્રશ્ન થાય કે સિદ્ધાંતોમાં પાંચ સમવાય કહેલ છે—
ળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને પુરુષાર્થ અને તમે તો પુરુષાર્થધીન
ક્ષયોપશમલબ્ધિ કહો છો તો તે કઈ રીતે? પુરુષાર્થ, સ્વભાવ, કાળ,
નિયત, કર્મ અથવા પ્રારબ્ધ એ પાંચ સમવાય તેને પાંચ સમવાય-
કારણ કહેવાય છે. પાંચ કારણો પુરુષાર્થમાં એક સાથે આવી જાય છે.
એક પણ કારણ છૂટું પડીને છટકી જતું નથી, તે આ પ્રમાણે છે
પોતાના સ્વભાવની દૃષ્ટિ કરીને, પરમાત્મા પ્રત્યેની દૃષ્ટિ કરીને,
અનાદિની દૃષ્ટિ હતી તે ટાળી તેનું નામ તે પુરુષાર્થ. બીજી રીતે
કહું હું કંઈ કરનાર નથી, પરમાં મારું કંઈ ચાલનાર નથી,
એક ક્ષેત્ર અવગાહીને રહેલું શરીર જે સમય સમય તેનું કાર્ય
કરી રહ્યું છે તેમાં હું કંઈ કરી શકનો નથી હું તો જ્ઞાતા, દૃષ્ટા છું.
કેવળજ્ઞાન, કેવળદર્શન–સિદ્ધ પર્યાય મારા ત્રિકાળી સ્વભાવમાંથી જ
આવે છે. એમ જેમાંથી પોતાની કેવળજ્ઞાનરૂપી પૂર્ણ પર્યાય આવે છે,
તેવા પોતા પ્રત્યે દૃષ્ટિ કરીને પરની દૃષ્ટિને તોડે છે. પર દૃષ્ટિને જે
તોડે તે સ્વમાં પ્રીતિ જોડે. જે સ્વમાં દૃષ્ટિ જોડે તે સ્વનાં સુખને
માણે. પરની [illegible] તોડીને સ્વમાં જોડે તેને પુરુષાર્થ કહે છે.

[illegible] તેથી તે જ વખતે સ્વભાવના આશ્રયે-ત્રિકાળી
[illegible] નિર્મળ દશા પ્રગટી તે દશા ત્રિકાળી સ્વભાવમાં
[illegible] તે જ સ્વભાવ છે. બીજી રીતે ત્રિકાળી દ્રવ્ય દૃષ્ટિથી
[illegible] નિર્મળ દશા પ્રગટી છે, તે દશા સ્વભાવમાં હતી
[illegible] શુદ્ધતા પ્રગટી તે જ સ્વભાવ છે. [illegible] રુચિ
[illegible] ન હોય તો કેવળજ્ઞાન [illegible] કે [illegible]
[illegible] તે રૂપ પુરુષાર્થ કરતો નથી. તેને કેવળજ્ઞાન

વેં હતી. પરંતુ ભગવાનના આવે ત્યાં તો પાણી તેમાં આવે. એમ આમ થાય છે, તે મિથ્યા નિયતિવાળો છે. પરંતુ સમ્યક્‌નિયતિવાળો, ભગવાનના આવે તો મૂંઝાય નહિ પરંતુ માને કે ભગવાને જેવું કેવળજ્ઞાનમાં જોયું છે તેમજ થાય છે. જરાકુમાર, શ્રીકૃષ્ણ અને નેમનાથ ભગવાનનું દૃષ્ટાંત જુઓ. શ્રીકૃષ્ણ સમ્યગ્નિયતિવાદી છે જરાકુમાર મિથ્યા નિયતિવાદી છે. તેથી જરાકુમાર, નગરીને છોડીને કોશંબા જંગલમાં જાય છે. પાછળથી દીપાયન ઋષીના કોપથી અને દેવોની ઉપાધિથી આખી નગરી બળી જાય છે ત્યારે શ્રીકૃષ્ણ કહે છે કે-'ભગવાને જોયું છે તેમજ થાય છે' શ્રીકૃષ્ણ પણ ખટપટ મટાડે છે તેની અઢાર હજાર દેવો સેવા કરે છે તે દેવોને શ્રીકૃષ્ણ કહે છે "આ નગરી સળગે છે, માટે સમુદ્રમાંથી પાણી લાવીને છાંટો?" દેવો પાણી લાવીને છાંટે છે. તે પાણી ઘાસતેલ રૂપે પરિણમે છે ત્યારે શ્રીકૃષ્ણ કહે છે કે-"ભગવાને જોયું તેમજ થાય છે" જ્યારે તે નગરીમાં રહેવાવાળા મિથ્યા નિયતિવાદીઓ આકુળ-વ્યાકુળ થાય છે. પુરુષાર્થ કરનાર જીવને સ્વભાવમાં જે નિયત હોય તે જ પ્રગટે છે બીજું કંઈ પ્રગટતું નથી. મહાવીર દેવને અગિયાર ગણધર હતા તેમાંથી નવ ગણધરો મહાવીર દેવની હૈયાતીમાં સિદ્ધ પર્યાયને પામી ગયા. મહાવીર દેવ સિદ્ધ થયા પછી ગૌતમ સ્વામી, પછી સુધર્મા સ્વામી સિદ્ધ પર્યાયને પામ્યા છે એટલે જે સમયે સિદ્ધ દશા પ્રગટ થવાની હતી તે જ સમયે પ્રગટે છે

પહેલાં પર વાંક હતો ત્યારે વિકારી પર્યાય હતી તેના બદલે સ્વભાવના પુરુષાર્થથી જે નિર્મળ પર્યાય પ્રગટી તે જ પોતાનો સ્વકાળ છે. સ્વભાવ ઉપરનો પુરુષાર્થ વખતે જે દશા પ્રગટી તે જ સ્વકાળ છે. પહેલાં પર વાંક હતો તેને હવે સ્વ વાંક જોયો તેજ પોતાનો સ્વકાળ છે.

કાળલબ્ધિ કહે છે. અર્થાત પોતે પોતાના પુરુષાર્થથી જ્ઞાનની પ્રાપ્તિ કરે તેને ક્ષયોપશમલબ્ધિ કહે છે

કાળ પાકે, કર્મ ખરે ત્યારે સાચું સમજાય, આવી વાત અજ્ઞાનીની છે અને તે ખોટી છે. જો જીવ સાચું સમજવા વર્તમાનમાં પ્રયત્ન કરે તો જીવનો કાળ પાકેલો જ છે, અને કર્મો પણ ખસી જ જાય છે. કર્મ અને વિકારથી જુદો એવો શુદ્ધ પરિપૂર્ણ પોતાના આત્મ-સ્વભાવને જાણી તેમાં જે ઠર્યા તેની મુક્તિનો કાળ ન પાકે તેમ બને જ કેમ? (પીડા ન ઉપજાવે તેવો કર્મનો અબાધાકાળ છે. તેની ઓછામાં ઓછી સ્થિતિ અંતર્મુહૂર્તની છે એ જીવ પુરુષાર્થ ઉપાડે તો કર્મના ભૂકા ઊડી જાય) અને કર્મો ન ટળે તેમ બને જ કેમ? ધર્મ કરનાર જીવને કર્મ જ્યારે ત્યારે મુક્ત રહે એમ તેને પર તરફ જોવાનું હોય જ નહિ પરંતુ સ્વભાવ દૃષ્ટિનો

અનુસાર કાળલબ્ધિ આવે. એને લાખ મળે તેને પચ્ચીસ રૂપિયાનો કપડું

...બ્ધિ કહેવાય છે. ઉપશમભાવને ...ર કે વિશુદ્ધલબ્ધિ કહેવાય છે. આ ...ર્મો નથી કરાવતા પણ પોતાના ...સારો સ્વભાવ અને સમજાવે છે. ...માં કોઈ કષાય મંદ થાય છે, ...ં જાય થાય છે કે આ મહાપુરુષ ...ય જાય થાય એટલે સ્વભાવ મંદ થઈ જાય તે વિશુદ્ધલબ્ધિ છે.

ચાર ગતિ, છ લેશ્યા, ચાર કષાય ને ઔદયિકભાવ છે, પાપ ભાવ છે સંસારના ધંધાના જે પૈસા મળ્યા તે તો પૂર્વના પુણ્યનું ફળ છે સ્વભાવ સમજવાનો તથા સત્ સમાગમ કરવાના ભાવ તે ક્ષાયોપશમિકભાવ છે જ્ઞાની પુરુષની જે વાણી છૂટે છે તેને જ્ઞાની ઉપદેશલબ્ધિ કહેતા નથી જ્ઞાની પુરુષનો સમાગમ થયો તેને ઉપદેશલબ્ધિ કહેતા નથી જ્ઞાનીની વાણીને સમજવાનો ભાવ-સત્ સમાગમ કરવાનો ભાવ તેને દેશનાલબ્ધિ કહે છે, કારણ કે તે ભાવ પરભવના સાથે આવે છે, વાણી ભેગી નથી આવતી. આત્મા જ્ઞાયક સ્વભાવ રૂપ, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા લોભથી જુદો એમ વાણીમાં સાંભળીને જીવને અંદરના રુચિ થાય છે અને તેને સમજવા પુરુષાર્થ કરે છે તે ક્ષાયોપશમિકભાવ છે. અને તેને જ દેશનાલબ્ધિ-ઉપદેશલબ્ધિ કહે છે હું આજે એક દૃષ્ટાંત આપું છું. વીશ વરસ પછી ફરી અહીં આવું છું અને તે જ દૃષ્ટાંત આપું છું, અને તેઓને તે યાદ આવી જાય છે, કારણ દૃષ્ટાંત સાંભળતી વખતે રુચિ હતી તેથી જ યાદ આવે છે, તેમ વર્તમાન આત્માનું સ્વરૂપ, રુચિ પૂર્વક જાણે અને ભવ પલટતા આત્માનું સ્વરૂપ યાદ આવી જાય તે જ દેશનાલબ્ધિ છે. બાહ્યમાં સત્ પુરુષનો સંયોગ મળે તે પૂર્વના પુણ્યનું ફળ છે, અને વર્તમાન સંસારના રાગને ટાળીને, અશુભ રાગને ટાળીને, સત્‌ને સમજવાનો ભાવ કરે છે તે પુણ્ય પુરુષાર્થ છે. તે પુણ્ય પુરુષાર્થની પ્રાપ્ત હું આત્મા કેવો છું, મારું સ્વરૂપ કેવું છે, કેટલું છે, મારું શું કર્તવ્ય છે, હું શું કરી રહ્યો છું, મારે સ્વરૂપ જેવું શું છે, આદરવા જેવું શું છે, છાંડવા યોગ્ય શું છે એમ તત્ત્વ વગેરેનો વિચાર કરે તે વિચાર તો પોતાના પુરુષાર્થથી જ થાય છે. કહે

કર્માનુસાર રોગ અને નિરોગીપણું આવ્યા કરે છે, તેમાં તારી કાળજી કામ કરે તેમ નથી. જ્યાં પુરુષાર્થ કામ કરે છે ત્યાં તે પુરુષાર્થને માનતો નથી અને કર્મની ઓથ લઈને ધર્મના પુરુષાર્થને સમજવાની મહેનત જ કરતો નથી. જે પૂર્વના પુણ્યના યોગે સત્-પુરુષ મળ્યા તેમની વાણીને સમજવાનો ભાવ કરે, પુરુષાર્થ કરે, રુચિ કરે તેને જ દેશનાલબ્ધિ અથવા ઉપદેશલબ્ધિ કહેવાય છે.

——— વ્યા - ૨૯

સં. ૨૦૧૧ના શ્રાવણ વદ ૨ ને ગુરુવાર તા. ૪-૮-૫૫.

પરમ મંગળકારી પંચ પરમેષ્ઠીને સ્વરૂપ લક્ષે ભાવપૂર્વક નમસ્કાર કરીને સિદ્ધાંતથી જ્ઞાનીઓએ સમજાવ્યા. શ્રી ભગવતીજી સૂત્રનું ૧૩મું શતક, ૬ ઠ્ઠો ઉદ્દેશો – ઉદાયન રાજાનો અધિકાર વંચાય છે. ભગવાન મહાવીર પૂર્વ દેશમાંથી પશ્ચિમ દેશમાં વિહાર કરી રહ્યા છે. ઉદાયન રાજારૂપ આપણો આત્મા છે અને ત્રિકાળી શુદ્ધ પરમ પારિણામિક ભાવ તે જ સિંધુસૌવીર દેશ છે. નિઃશંકપણું, નિઃસંદેહપણું, નિર્ભયતા અને પ્રતીતિ તે જ વીતીભય નગર છે. તે નગરમાં આવવાથી જીવ સમ્યગ્દર્શનને પામે છે.

પ્રાયોગ્યલબ્ધિ એટલે કર્મોની પૂર્વ સત્તા જે ૭૦ કોડાકોડી સાગરોપમની હોય કે ૩૦ કોડાકોડી સાગરોપમની હોય તે ઘટીને એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ એટલે કે અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ રહી જાય અને નવીન બંધ થાય તે પણ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણના સંખ્યાતમા ભાગ માત્ર બંધ થાય અને તે પણ ક્રમેક્રમે બંધ ઘટતો જાય અને પાપકર્મ પ્રકૃતિઓ ઘટતી જાય, ઇત્યાદિ યોગ્ય જીવનાં પરિણામ થાય તેને પ્રાયોગ્યલબ્ધિ કહેવાય છે.

અર્થાત અશાતાવેદનીય કર્મ પણ ક્ષય પણ થયું ન જાય. પેર દુઃખોથી જે આકુળ થયેલ છે તે સ્વ-પરના વિચાર કરી શકતા નથી. ઉપરોક્ત બુદ્ધિ જે સ્વ-તત્ત્વના વિચારમાં વળી જાય તે તેને સમજવા જેટલો ઉઘાડ છે તેને ક્ષયોપશમલબ્ધિ કહેવાય છે. બીજી વિશુદ્ધલબ્ધિ એટલે મંદિરા અને સત્સંગના પ્રભાવથી પરિણામમાં એવી ઉજ્જવળતા થઈ ગઈ હોય કે સંસારનાં કાર્યોથી કંઈક અરુચિ વર્તે છે, યોગ્ય લાભકારી કાર્યોમાં રુચિ હોય છે અને તેમાં ખેંચાણ થાય છે તીવ્ર કષાયથી આત્માને દૂર કરીને ભલા ભાવ જેવા કે પરોપકાર, દયા, દાન, અનુકંપા ઇત્યાદિ ભાવમાં રહ્યો હોય તેને વિશુદ્ધલબ્ધિ કહેવાય છે, જ્યારે હિતની તરફ મન પ્રેરિત હોય તેને વિશુદ્ધલબ્ધિ કહેવાય છે. ત્રીજી દેશનાલબ્ધિ જિનવાણીને ભણવાથી, સાંભળવાથી, વિચારવાથી, ધારણા કરવાથી, તત્ત્વ રૂપે એવી તત્ત્વરુચિને દેશનાલબ્ધિ કહેવાય છે. સત્સ્વરૂપી આત્માનો સદ્બોધ સમજવાની, સાંભળવાની, ધારણામાં લેવાની, લક્ષમાં ઉતારીને વારંવાર મનન કરવાની અંદરમાં ચાહ રુચિ તેને દેશનાલબ્ધિ કહેવાય છે, અગર ઉપદેશલબ્ધિ કહેવાય છે. આ લબ્ધિ પરમ ઉપકારી છે. એની પ્રાપ્તિમાં જ્યારે જીવ, દેવ, ગુરુ, શાસ્ત્ર અને જીવાદિ નવતત્ત્વાદિના સ્વરૂપને બરાબર સમજી શકે છે. પરિણામોમાં સ્વાધ્યાયના પ્રતાપથી એવી ઉજ્જવળતા થાય છે કે આયુષ્ય સિવાયના કર્મોની સ્થિતિ ઘટી અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ બાકી રહે છે. ચોથી લબ્ધિ અંતર્મુહૂર્તની હોય છે. તેમાં જીવની એવી યોગ્યતા થાય છે કે નવીન કર્મબંધ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણના સંખ્યાતમા ભાગ જેટલો થાય છે. ત્યારથી જે લબ્ધિ પ્રગટે ત્યારથી કર્મબંધન ઘટતું જાય છે, અશુભ પાપ પ્રકૃતિઓનો બંધ અટકી જાય છે તેવી જીવની યોગ્યતાને પ્રાયોગ્યલબ્ધિ કહેવાય છે.

ગુણિનો અંતરમાં જોરદાર પુરુષાર્થ કરે તો ચાર અનંતાનુબંધીની વિસંયોજના કરીને અન્ય અપ્રત્યાખ્યાની કષાયોમાં પલટાવીને એટલે અનંતાનુબંધી અને દર્શન મોહનીયનો સર્વથા ક્ષય કરીને– ખપાવીને ક્ષાયિક સમ્યગ્દર્શન થાય છે આ સમ્યક્ત્વ આવ્યું જાય નહિ તેમજ આત્માથી છૂટે નહિ પણ સિદ્ધિ મોક્ષમાં પહોંચાડી દીએ છે. માટે જ્ઞાની કહે છે તેને ક્ષમા લીઓ–મનો તે વંદન કરવા યોગ્ય છે. ભાવના કરવાથી ભાવના શુદ્ધ થાય છે એનાથી સ્વ-આત્માનુભવ પ્રમાણ શ્રુતજ્ઞાન થાય છે એ જિનેન્દ્ર દેવ કથિત પરમાર્થ તત્ત્વનો પ્રકાશ છે માટે ભાવના અને તેનાથી શુદ્ધ ભાવ અને તેનાથી પ્રમાણરૂપ આત્મ-અનુભવ એમ ત્રણ બોલ જે મૂકેલ છે. તેનાથી કર્મની નિર્જરા અને કર્મનો ક્ષય થાય છે આત્મ– અનુભવની પ્રાપ્તિનો ઉપાય–સુખ અને આનંદના ભોગવટાનો ઉપાય, શુદ્ધ આત્માનો લાભ છે શુદ્ધ આત્માનો લાભ, ભેદવિજ્ઞાનથી છે. ભેદવિજ્ઞાન, ભેદવિજ્ઞાનની ભાવના કરવાથી થાય છે માટે આત્મા– મારો ભગવાન આત્મા, નિશ્ચયથી પરમ શુદ્ધ પદાર્થ છે પર પદાર્થથી ભિન્ન છે ભાવકર્મ તે રાગદ્વેષ છે દ્રવ્યકર્મ તે જ્ઞાના- વરણાદિ અને નોકર્મ, તે શરીરાદિ, તેનાથી જુદો છે આત્મા અનેક છે જેમ તલમાં તેલ ભિન્ન છે, ચૂનો ભિન્ન છે, ડાંગરમાં ચોખા ભિન્ન છે, ફોતરાં અને દાણા ભિન્ન છે, તેમ આત્મા સર્વ પર દ્રવ્યોથી– સર્વ પર ભાવોથી અને સર્વ પર પદાર્થોથી ભિન્ન છે, સિદ્ધ સમાન આત્મા પરમાત્મા છે. આવી રીતે વારંવાર ભાવના ભાવવાથી શુદ્ધ આત્માનો ભાવ થાય જ છે અને હું શુદ્ધ આત્મા છું, તેવું શ્રદ્ધાન થઈ જાય છે અને તેથી શુદ્ધ સમ્યગ્દર્શન થાય છે. ઉપયોગ સ્વમાં હોય કે પરમાં હોય પણ આ તેનો શુદ્ધ હોય

કર્મનો ઉદય હોય તોપણ વિશુદ્ધતા છે માટે ભવભ્રમણ વધતું નથી. સમ્યક્ત્વ શક્તિ વડે, નિર્મળતાની શક્તિ વડે ચારિત્ર મોહનીય કર્મનો ક્ષય કરીને લઘુકાળમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વિશુદ્ધતા કરી સંસારનો ક્ષય કરે છે અજ્ઞાની જીવ પોતાના સ્વરૂપને ન જાણે તેથી ભવભ્રમણમાં રખડે. સમકિતી જીવને શુભાશુભ ઉદય વર્તતો હોવા છતાં સમ્યગ્જ્ઞાનગર્ભિત ઉદાસીન વૃત્તિએ વર્તતો હોવાથી અબંધ દશા છે. પરભાવનો રાગ તજી નિજભાવ ઉપયોગના સ્થિર થઈ સ્વરૂપાચરણને આચરતાં, આચરતાં ભરત ચક્રવર્તી, ચાર ચોકડીનો રાગ ટળી કેવળજ્ઞાન લહીને મોક્ષ પધાર્યા આનું નામ સ્વાનુભવ કહીએ એ અભ્યાસે નિર્વિકલ્પ સમાધિને પામે. ચોથા ગુણસ્થાનવાળાને સ્વાનુભવ અલ્પકાળ રહે છે. વળી કેટલાક કાળે સ્વાનુભવ પાછો આવે છે. પંચમવાળાને ચોથા કરતા વિશેષ વખત અનુભવ રહે છે. થોડા કાળ પછી પાછો અનુભવ આવે છે એમ જેમ જેમ ગુણસ્થાનકની વૃદ્ધિ થાય તેમ તેમ સ્વાનુભવની વૃદ્ધિ થાય. રહ્યા પછી પણ સ્વાનુભવ વહેલો વહેલો આવે એમ કરતા કરતાં અખંડ સ્વાનુભવમાં રહે એટલે આવેલો પાછો જાય નહિ ત્યારે જીવ કેવળજ્ઞાનમાં હોય છે. ચોથા ગુણસ્થાનકથી જ્ઞાનધારા વર્ધમાન દશાને પામે અને જેમ જેમ જ્ઞાનધારા વર્ધમાન દશાને પામે તેમ તેમ કર્મ-ધારા ઘટી જાય. બારમાના છેલ્લા સમયે સર્વ કર્મધારા ઘટી જઈને વીતરાગતાને પામે અને તેરમાના પહેલા સમયે જીવ કેવળજ્ઞાનને પામે. આને પામવા માટે નિર્મળ બુદ્ધિને લાવ. સ્વાનુભવ દશા સુખ રૂપે છે, કલ્યાણ રૂપે છે, નિર્મળ રૂપે છે, જ્ઞાનરૂપે છે, આનંદ રૂપે છે, શાંતિ, તૃપ્તિ અને નિજાનંદ રૂપે છે. જો કદાચિ અશુભાદિક કર્મનો ઉદય વર્તતો હોય તો તેટલો ક્લેશરૂપ અને દુઃખ રૂપ છે. એમ સમકિતી જીવ જાણે છે અને સ્વાનુભવ

આચરણમાં બંધ નથી. જ્ઞાની તે જ્ઞાની જ છે. જૈનકુળમાં અનંતવાર જન્મ લીધો છતાંય મિથ્યાત્વ ન ખસ્યું. જે સંપ્રદાયમાં જન્મ્યો તે સંપ્રદાયનાં લાકડાં મનમાં એવાં ઘુસી ગયા છે :-

मुच्छा परिग्गहो वुत्तो – દ. સૂ. અ. ૬ ગા. ૨૧

સંપ્રદાયપણું તે મહા પરિગ્રહ છે. [illegible] કોઈ વખતે ન્યાયને તોળ્યો નહિ. સંપ્રદાયના લાકડાં મનમાં પેસી ગયાં છે, તે ન્યાયને તોળવા દીએ નહિ. એટલે મિથ્યાત્વ, અજ્ઞાન કેમ જાય! સરળભાવે સંપ્રદાયનાં લાકડાંને મનમાંથી કાઢીને તોળો તો હમણાં મિથ્યાત્વ, અને અજ્ઞાન જાય.

"जेसिं कुले समुप्पन्ने, जेहिं वा संवसे नरे ।
ममाइ लुप्पइ बाले, अंने अंनेहिं मुच्छिओ ॥"

સૂત્રકૃતાંગ અ. ૧

જે જે કુળમાં જન્મ્યો, તેના જ દેવ, ગુરુ, ધર્મને સાચાં માન્યા પણ શુદ્ધ ભાવે, મમત્વ રહિત, નિર્મળપણે નવું પ્રાપ્ત કરવા તેવો પુરુષાર્થ કર્યો નહિ જે કેવળ જાણી તેના ગુરુ, મગજમાં એવાં બાપદાદાનાં ગયાં અને ખોટી માન્યતા એવી મનમાં બંધાઈ ગઈ કે 'મારું એટલું સાચું.' એમ કરીને તું બેસી ગયો (ममाइ). આવા જીવને અજ્ઞાન, બાળ, અજ્ઞાની, મમત્વવાળો કહે છે. પછી ભલે તે સાધુ, સાધ્વી કે શ્રાવક, શ્રાવિકા હોય. કોઈ મનુષ્ય લાખ રૂપિયા કમાય ત્યારે ઓરડામાં મુકી દઈ આવે છે, અને પોતાને ધનવાન કહે તેમ માને છે પણ તિજોરીને ખબર નથી કે તે કોઈ નવું નથી. અંદરમાં કસ્તૂરી (કર્મની) ભેંક હતી તેમાં લાખ રૂપિયાની નોટ હતી તે વટાવી ત્યારે જ તું એટલું કમાયો છે.

હર્ષ થયો અને અર્ઘ લાવવા માટે સેવકને આજ્ઞા કરી. પોતે પ્રભુદર્શનનો ઉત્સુક થયો છે. અર્ઘ પર બેસી દર્શન કરવા જાય છે. કેટલો ધર્મ પ્રત્યે પ્રેમ ? કર્મોનું કેટલું હળવાપણું ? પુણ્યાનુબંધી પુણ્યવાળો પણ પ્રભુદર્શન કરવા ઉત્સુક થયો. અત્યારે તો ભિખારીની કાયદી જેવા તમારા લોકો નથી, છતાંય પણ એક કલાક માટે ઉપાશ્રયમાં હાજરી આપવી હોય તોપણ નવરા ન થાઓ. જીવનું કેટલું ભારેપણું ? કેટલી કર્મની બહોળતા ? કેટલી બધી મોહનીય કર્મની પ્રબળતા ? કેટલી વિષય પ્રત્યેની લાગણી ? કેટલી બધી અજ્ઞાન દશા ? હે નાથ ! આવા જીવોનું શું થશે ? જે જીવ નિઃશંકતાદિ ગુણો લાવીને આગળ વધશે તે જીવ [illegible] દેશમાં જરૂર અલ્પકાળમાં પહોંચી જશે.

વ્યા-૩૧

સંવત ૨૦૧૧ના શ્રાવણ વદ ૪ ને શનિવાર તા. ૬-૮-૫૫

અહીં ભગવતીજી સિદ્ધાંતનું ૧૩મું શતક, છઠ્ઠો ઉદ્દેશો વંચાય છે. ઉદાયન રાજાનો અધિકાર ચાલે છે આ રાજાના અધિકાર દ્વારા આત્માનો સાર સમજાવાય છે. હવે આગળ પાઠ ચાલે તે પહેલાં અત્યાર સુધીનાં જે કહી ગયા તે ટુંકમાં કહીએ-પહેલાનાં લોકો. "સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ" એમ ભગવાન વીતરાગ દેવ કહે છે. જેટલી જેટલી રત્નત્રયની નિર્મળતા થાય તેટલો મોક્ષમાર્ગ આગળ વધે. પૂર્ણ નિર્મળતા થાય ત્યારે પૂર્ણપદ રૂપે નિજ જ્ઞાને નિજ જ્ઞાયકતા સહિત જેમ છે તેમ જાણે, તેમ તેમ જ્ઞાનસહિત પૂર્ણ અને પછી પૂર્ણ કેવલ જ્ઞાનસહિત પ્રગટે છે. નિજ જ્ઞાને નિજ અખંડ જ્ઞાયકસહિત રહે, અનુક્રમે તો પ...

આત્મા નિર્ણય ન થાય ? જરૂર નિઃશંક થાય છે, નિર્ભય થાય છે, નિઃસંદેહ થાય છે નિજ જ્ઞાયક સ્વભાવ જ ઉપાદેય છે તે સિવાય સકળ પરભાવ, પરદ્રવ્ય, પરદ્રવ્યના પર્યાય. તે તો હેય, હેય, ને હેય જ. નિજ આનંદના અંશ આગળ સર્વ ઈંદ્રો અને ચક્રવર્તીઓનું સુખ તૃણ માત્ર પણ લેખે નથી. એવું સુખ પોતાના નિજ આનંદના એક અંશમાં રહેલું છે જ્ઞાન, દર્શન, આચરણમાં અનંત, અપાર, અખૂટ, અતૂટ સુખ નમસ્કાર કરવા જેવું છે ત્યાં પહોંચી વળવાને માટે પ્રથમ નિશ્ચય, નિર્ભયતાદિના ગુણ જોઈએ. સિંધુસૌવીર દેશ પોતાની ભૂમિકામાં સુખનો સમુદ્ર દરિયો છે. તે સુખ સમુદ્રની એક જ રજ-એટલે સુખ સમુદ્રની લહેર સદા આનંદિત રહેવા માટે પ્રથમ ત્રિકાળી સ્વભાવની ઓળખાણ અને અખંડ શ્રદ્ધા જોઈએ. ચૈતન્ય દીવો સદાય શાશ્વતો છે. તે અન્ય અન્ય પર્યાય ધરવાથી ન વિણસે દ્રવ્યાર્થિક નયે સદાય શાશ્વતો છે. સ્વગુણ પર્યાય અભેદપણે એકમાં વસ્યો એકચિત્તે નિર્મળ ધ્યાને સ્થિર રહેવું આ સિવાય બીજું કાંઈ કરવાનું નથી. આ કામ કરી લેવા જેવું છે. જો આ અવસરને ચૂક્યા તો અનવાળે આવો અવસર નહિ મળે સમુદ્ર, તરંગે કરીને હાની વૃદ્ધિ કરે તો પણ સમુદ્ર, સમુદ્રપણે એક, અખંડ છે. તેમ આત્મા, પર્યાયે કરીને હાની-વૃદ્ધિ કરે પણ આત્મા એક, અખંડ, પરિપૂર્ણ અને શાશ્વત રૂપ છે. સ્ફટિક મણિની પાછળ લાલ કે લીલી શાહી મૂકો તો તે નિમિત્ત વડે કરીને તે સ્ફટિકમણિ લાલ કે લીલી ભાસે છે પણ નિજ સ્વભાવે ઉજ્જવળ જ છે. તેમ આત્મા શુભાશુભ પરિણામે કરામં રૂપ દેખાય પણ ચૈતન્ય સ્વભાવે એક, અબાધિત, શાશ્વત છે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક દ્રષ્ટિ, એમ બન્ને દ્રષ્ટિએ એકતર

નગરને વિષે ઉદાયન નામે રાજા હતો. તે કેવો હતો? તેનું વર્ણન ચોદું છે તે હવે પછી આવશે. એ ઉદાયન રાજાને પદ્માવતી નામે રાણી હતી. તે દેવી સમાન સુકુમાર, કોમળ, રૂપવતી અને ગુણવંતી હતી. તે રાજાનો પુત્ર, પદ્માવતી રાણીનો આત્મજ—અંગજાત અભિચી નામે કુમાર હતો. તે સુકુમાર-માખણના પિંડ જેવો હતો. જેમ શિવભદ્ર વિચરે છે તેમ આ કુમાર સુખમાં ઉછરે છે અને સુખમાં વિચરે છે વળી ઉદાયન રાજાને પોતાનો ભાણેજ, કેશી નામે કુમાર હતો. તે પણ સુકુમાર અને સ્વરૂપવાન હતો. હવે અહીં એમ સમજાવે છે કે ઉદાયન રાજા અને પદ્માવતી રાણી, તેનો અંગજાત એવો અભિચી નામે કુમાર છે તે રાજ્યની અનુકૂળતાવાળો અને રાજ્યનો વિચારક અને રાજ્યની સંભાળ કરનાર છે. રાજ્યના કારભારમાં થોડો ભાગ પણ લીએ છે, આમ છતાં તેનો પિતા તેને રાજ્ય નહિ આપે, તેમાં પણ હેતુ છે. જ્ઞાનીઓ જે કાંઈ વાત કહે છે તેનો તેને હક છે. અજ્ઞાનીને હક નથી. આ રાજાની રાણી રૂપવતી અને ગુણવતી છે, તે રાજા સાથે નાના મોટા ભોગો ભોગવે છે મનને અનુકૂળકારી, આનંદ ઉપજાવે એવા મહેલની અંદર રહીને તે રાજાની સાથે પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠું મન એ છએને અનુકૂળ, તેવા ભોગો ભોગવે છે. વળી આ નગરની બહાર પૂર્વ-ઉત્તર દિશાએ એક મૃગવન નામે ઉદ્યાન છે. તે ઉદ્યાન દરેક ઋતુને અનુકૂળ તેવા ફળફૂલ વડે કરીને મહાન શોભિત છે. આ ઉદ્યાનને બધા ભોગવે છે. આ તો પૂર્વના પુણ્યના ફળ છે, તેને આ લોકો બધા ભોગવે છે. પૂર્વનાં પુણ્યના ફળને લઈને બહારની બધીએ સામગ્રીની સગવડતા છે એટલે આ રાજા મહાન પુણ્યશાળી છે. એમ કહીને એમ સમજાવવા માગે છે કે આ સંસારમાં અનુપમ ઘર ઘર્યું છે:-

શ્રી વીતરાગ દેવ, ભગવાન મહાવીર દેવ એમ કહેતા હતા શુભ ભાવથી, ભક્તિ ભાવથી, પ્રશસ્ત રાગના ભાવથી, જે બંધ પડે તે પુણ્ય બંધ છે પણ જો કોઈ જો પરભાવમાં આપણાનો માન્યતા કરી બેઠો હોય તો તે પરભાવની ઊંધી માન્યતાના કારણે ઘાતી કર્મનું બંધન કર્યું હું કરું અને મેં કર્યું તેમ કર્તૃત્વ બુદ્ધિને પોષતો અને તેને પોતાની માનતો થકો, પોતે પોતાના આત્મ-ગુણની ઘાત કરે છે શુભ રાગનો, પુણ્ય ભાવનો આદર કરવાથી પુણ્ય તો બંધાણું તે પુણ્ય બહારમાં સગવડતાનાં નિમિત્તો દેખાશે. અઘાતી કર્મના સંયોગરૂપે જરૂર તે પુણ્ય દેખાશે; પણ અંતરમાં જે મિથ્યાત્વ બાંધ્યું, તેનાથી અને આણે નવી આત્મઘાત કરે છે.

અંતરંગમાં ઘાતીકર્મ જે પોતાના સ્વગુણનો ઘાત કરવામાં નિમિત્ત છે તેને ટાળવારૂપ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ રત્નત્રયનું લક્ષણ શું, તે વિચારતો નથી અને પરપદાર્થનું લક્ષ કરે છે. જ્ઞાનનું લક્ષ કરતો નથી પણ પુણ્યનું જ લક્ષ કરે છે. પરભાવનું જ લક્ષ કરે છે. પુણ્યભાવનું લક્ષ હોવાથી, પરાધીનતામાં શુભ બુદ્ધિ હોવાથી, તે જીવને પુણ્ય બંધાયું તેનું અઘાતીરૂપ ફળ તો દેખાશે પણ તેનો ભોગવટો કરીને દુર્ગતિમાં ચાલ્યો જશે. કારણ અજ્ઞાન અને મિથ્યાત્વભાવે પુણ્ય બંધાયું છે. વિષનો ઘડો અને અમૃતનું ઢાંકણું છે તેને પાપાનુબંધી પુણ્ય કહેવાય છે. હવે તે પુણ્યભાવને ટાળે અનિત્યનો આદર અને નિરાકાર, દેવ, ગુરુ તત્ત્વનો અનાદર કરે છે તેથી પુણ્યરૂપ ફળ ટાળે બહારની વસ્તુ, સ્ત્રી, પુત્ર, પરિવાર, મોટર, એ બધું આવશે પણ એક પ્રકારનાં નિમિત્તો દેખાશે અજ્ઞાનનું ફળ, ઘાતી કર્મનું

અઘાતિને પોતાના જ્ઞાનથી હણી નાખી હતી ને શેઠ શાંતિ ભિંડ ભાગમાં ઊતરી ગયા હતા. અંદરમાં દિવ્ય અને અસાધારણ સમતોલપણું પ્રાપ્ત થયું હતું.

કેવળજ્ઞાનની વાતો સૂક્ષ્મ છે.

"भणंता अकरेन्ता य, बन्धमोक्खपइण्णिणो ।
वायावीरियमेत्तेण, समासासेन्ति अप्पयं ॥

ઉ. સૂ. અ. ૬ ગા. ૯

'હું શુદ્ધ છું, બુદ્ધ છું" એમ બોલે છે, પણ 'અકરંતાય' એટલે કરતો નથી બંધ, મોક્ષ, પર્યાયમાં છે, પણ સ્વભાવમાં નથી એમ ભણંતા-એટલે "વાયા વીરિયમિત્તેણ" એમ વચનવીર્યથી પોતાના આત્માને આશ્વાસન આપે છે. પણ આત્માનો ઉદ્ધાર થાય તેમ કરતા નથી તે બધાય અજ્ઞાની છે, પણ ક્રિયા તેની જડ હોઈને પાંગળી છે. બન્નેમાંથી કોઈ, આત્માનો સાક્ષાત્કાર કરાવી શકતા નથી, પણ ક્રિયાત્મક જ્ઞાન જ મોક્ષમાં પહોંચાડી શકે છે.

આધ્યાત્મિક ભાવનાને ખેંચી રહેલા કોઈને એક વખતે સતશીલ સંત, સાધુપુરુષનો ભેટો થયો. સંતપુરુષની આધ્યાત્મિક રસથી ભરેલી એક જ વાણી સાંભળી. પૂર્વના પુણ્યના ઉદયે સાધન-સામગ્રીનો પાર નથી, છતાં મહાત્માની વાણી સાંભળીને પોતાની ચેતના શક્તિમાં પોતાના ઉપયોગની એકાગ્રતા કરીને આ શેઠ પોતાના સ્વરૂપમાં અભેદ થઈ ગયા. આમ, સંસારના ઝાંઝવાંથી છૂટી જઈને પોતાની પત્નીને સમજાવી દઈને પુત્રને ઘરનો ભાર સોંપી દીધો. પોતે વીતરાગ માર્ગ-અપૂર્વ માર્ગ-અદ્ભુત માર્ગે ચઢી જઈને આ શેઠે કલ્યાણ કરી લીધું.

સંવત ૨૦૧૧ના શ્રાવણ વદ ૬ ને સોમવાર તા. ૮-૮-૫૫.

માંગલિકકારી પંચપરમેષ્ઠિને સ્મરણ કરી નમસ્કાર કરીને સિદ્ધાંતથી જ્ઞાનીઓએ [illegible] પરિપૂર્ણ જ્ઞાનના નિર્ણય કરેલ [illegible] તત્વોનું નામ, તે સિદ્ધાંત

ભગવતીજી સિદ્ધાંત વચન [illegible] ૧૩નું શતક, છઠ્ઠો ઉદ્દેશો, ઉદાયન રાજાનો અધિકાર ચાલે છે. આ રાજાને પદ્માવતી નામે રાણી અને અભિચીકુમાર નામ પુત્ર છે. આ રાજા વ્યવહારે અને પરમાર્થે, બાહ્ય અને આંતર, બન્ને રીતે પૂરપૂરી છે.

આ રાજાને પૂર્વે લોકોત્તર પુણ્ય બાંધેલ છે. આવું લોકોત્તર પુણ્ય કેવી રીતે બંધાય છે તેની વાત સમજાવે છે. સહજ સ્વભાવની રમણતામાં પુણ્ય બંધાય તે લોકોત્તર પુણ્ય છે. જે કે સાધકની અવસ્થા નથી, છતાં પૂર્ણ રાગ ન ટળે તેથી પ્રશસ્ત રાગ થઈ જાય છે અને પુણ્યનો આસ્રવ થઈ જાય છે, છતાં પણ મહાન લોકોત્તર પુણ્ય, ધર્માત્માને બંધાય છે. "રાગે તેને આવે અને માગે તેને આપે" પુણ્યની ઇચ્છા નથી. તેને સહેજે શુભ નિમિત્ત આવે, પણ જે કોઈ આવે તેને [illegible].

લોકોત્તર માર્ગના ઉપદેશક શબ્દો દેવલોકને બતાવવા [illegible] તેના બાહ્યાર્થ અને પરમાર્થ સમજવાની રુચિ કરી એટલે કે સ્વભાવનો આદર કરી પોતાના સહજ સ્વભાવની વાત છે. નિજ ઘરની વાત છે. તેની રુચિ તે અભિનવી શક્તિ પ્રગટવાનું [illegible] છે. તેને ચાહ્યા વિના ધર્મને પામવાનો બીજો કોઈ ઉપાય નથી. ધર્માત્મા એમ વિચારે છે કે કેવળ [illegible] પવિત્ર જ્ઞાનાનંદ, શાંત, ભગવાન આત્મા છે. તેની રુચિ કરતાં પૂર્વના બાંધ કર્મની [illegible]

મિથ્યાદૃષ્ટિને પણ શુભ ભાવ થાય છે. તે એટલા બધા વધી જાય કે દ્રવ્યલિંગીમુનિ થઈને, જૈનના મુનિ થઈને નવમી ગ્રૈવેયક સુધી જાય છે, અહમેન્દ્ર થાય છે પરંતુ તે મોક્ષમાર્ગમાં સાધક નથી થતા, તેથી તેને પરમાર્થે શુભ કહેવાય નહિ, પણ અશુભ છે. પુણ્યબંધની અપેક્ષાએ શુભ છે મિથ્યાદૃષ્ટિ, પાપાનુબંધી પુણ્ય બાંધે છે તે પરંપરાએ મોક્ષના સાધક નથી, પણ સંસારના સાધક છે અને મોક્ષમાર્ગમાં બાધક છે સમ્યગ્દૃષ્ટિ જે પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે, તે બંધના કારણ હોવા છતા મોક્ષમાર્ગમાં સહકારી થાય છે. 'ખૂબ પકડજો,' જે કોઈ જીવ પુણ્ય કર્મના નિમિત્તે, ભોગોની ઇચ્છારૂપ નિદાનબંધથી નવીન શુભ કર્મ કરે છે તે પાપાનુબંધી પુણ્યકર્મ બાંધે છે તે કર્મરૂપી રાજા ભવિષ્યકાળમાં ભોગોને આપે છે, ત્રણ ખંડના ભોગોને આપે છે. જેમ વાસુદેવ આદિ પ્રતિવાસુદેવ. નિદાનથી પ્રાપ્ત ભોગો રાવણ સમાન, પરંપરાએ નરકાદિનાં દુઃખ પ્રાપ્ત કરાવી દેશે.

સમ્યગ્દૃષ્ટિ જીવ નિર્વિકલ્પ સમાધિને પામીને તેમાં ટકવા સ્થિત નહિ રહેતાં ફરીવાર ટકવા માટે પુરુષાર્થ કરે છે. [illegible] અસમર્થ થાય છે ત્યારે યમ, નિયમ, જપ, તપ, દાન, [illegible] ત આદિ કરે છે. તથાપિ તે નિદાન કરીને [illegible] ી, તે પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે. તે પુણ્યકર્મ ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, તીર્થંકર આદિના ફલ રૂપ છે, તથાપિ પૂર્વજન્મનાં ભાવિત [illegible] ના બળથી વિષયસુખ ભોગવવા છતાં રૂપને ભેદ [illegible] તીર્થંકર આદિના સમાન સમજવું.

નાખે છે. શિકાર કરવા જતી વખતે આર્તધ્યાન હતું. શિકાર કર્યા પછી ગર્વ કર્યો, તેથી રૌદ્રધ્યાન કર્યું. જેથી નરકનું આયુષ્ય બંધાઈ ગયું. પછી અનાથી મુનિના સમાગમે ધર્મ પામ્યા અને પ્રભુજીના નિમિત્તે ભગવાનપદને પ્રાપ્ત કર્યું અત્યારે નરકમાં છે, છતાં શાંતિ ભોગવે છે

૨ પુણ્યાનુબંધી પુણ્યના કારણે છ ખંડમાં અનેક પ્રકારના સગવડતાના સંજોગો મળ્યા છતાં ધર્માત્મા જીવ તે સગવડતાને જોતો નથી. પણ પોતાના નિર્મળ પવિત્ર સ્વભાવનાં બેહદ થઈ. અને બેહદ જ્ઞાન (પુણ્ય બાંધતી વખતે પોતાના સ્વભાવનું ખૂન કર્યું નથી, તેથી ભોગવતી વખતે પણ ખૂન થતું નથી) અને સ્થિરતાનો પુરુષાર્થ વધારતા, વધારતા શાંતિ ભોગવે છે જ્ઞાની કહે છે કે મારા જ્ઞાનના પુરુષાર્થને સારા કે નબળા સંયોગો કાંઈ કરી શકે તેમ નથી. અનિત્ય સંયોગો મારા જ્ઞાનસ્વભાવને કાંઈ કરી શકે તેમ નથી.

૩. બાહ્ય સાધનો સારાં હોય તો જ ધર્મ થાય, શરીર સારું હોય તો જ ધર્મ થાય, સાધનો સારાં ન હોય તો ધર્મ ન થાય અને શરીર સારું ન હોય તો ધર્મ ન થાય, તે વાતને તું સમજમાંથી કાઢી નાખ. આખું શરીર ઘાણીમાં પીલાય, છતાં કેવળજ્ઞાન લઈને મોક્ષમાં ચાલ્યા ગયા છે. પોતાનો સ્વાધીન સ્વભાવ કોઈ પણ નિમિત્તની અપેક્ષા રાખતો નથી.

આ ત્રણ વાત ત્રિકાળી સત્ય છે. તેમાં શંકા કે સંદેહ નથી.

પૂર્વના પુણ્યના જોરે દુનિયાની કહેવી મળવા છિન્ન ભિન્ન ચીજો જ નથી. પરોક્ષીર્તિનો મેળ હોય તો તે પણ સ્વપ્ન

જીવને વીતરાગની એક જ વાણીનું શ્રવણ થતાં સંસારથી છૂટતાં વાર ન લાગે જેમકે એવંતા કુમાર આદિ સંસારનાં સર્વ એઓને છોડીને, વીતરાગ માર્ગે ચાલીને આત્માનું કલ્યાણ કરે છે. જ્ઞાની વિચારે છે કે સાધ્ય-સાધક ભાવે, જ્ઞાન ભાવે, આત્માના સ્વભાવમાં સમાઈ જવું, ઠરી જવું, ઠરાઈ જવું, લીન થઈ જવું, તે એક જ મારે માટે ધ્યેય છે.

ધર્માત્મા વિચારે છે કે આત્માની સમાધિ, સાધક છે અને નિજ સ્વરૂપ સાધ્ય છે. સંવરદશા સાધક છે અને નિર્જરા સાધ્ય છે, નિર્જરા સાધક છે અને મોક્ષ સાધ્ય છે આત્માની શુદ્ધિ સાધક છે અને અખંડ સુખ સાધ્ય છે અનુભવ દશા સાધક છે અને પૂર્ણ દશા સાધ્ય છે. આવી રીતે ધર્માત્મા જીવને આત્મભાવપૂર્વક જ્ઞાનનો પુરુષાર્થ વર્તતો હોવાથી રાગનો, દ્વેષનો, મોહનો-પુણ્યનો સહેજે નકાર થતો જાય છે અને સહેજે સહેજે મહાન પુણ્યાનુબંધી-લોકોત્તર પુણ્ય બંધાઈ જાય છે. ભવિષ્યમાં સુખ, પુણ્ય કે સગવડતાની ઇચ્છા નથી. તેને સહેજે સગવડતાનાં નિમિત્તો આવે, લોકો તેને જાણે અને માને કે "હું જુદો છું, આનાથી નિરાળો છું" પુણ્યના નિમિત્તે સંયોગો શાતાકારી દેખાય છે જેમ, ઘરની વગેરે શાતાકારી મળે, પણ તે શું કરે છે? તે પુણ્યમાં રોકાઈ જતા નથી. અજ્ઞાનપૂર્વક પુણ્ય બંધાય તો તે પાપાનુબંધી પુણ્ય છે.

ઘણા લોકો કહે છે કે આપણે ધરમ-કરમની લપમાં પડવું નહિ. ધર્મમાં વધારે ઊંડા ઊતરીએ તો ગાંડું બનીને ફરી જવાય અને બહુ વધારે ઊંડા ઊતરીએ તો 'જડ' થઈ જવાય

ખોરાક છે. પરભાવ અને પરદ્રવ્યની શક્તિને પોતાની માનવી, તે અજ્ઞાનીનો ખોરાક છે "હું પરથી જુદો છું અસંયોગી જ્ઞાતા છું," તેમ પોતે પોતાને ભૂલીને રાગ-દ્વેષ, અજ્ઞાનભાવનું સેવન, અનાદિ કાળથી કરતો આવ્યો છે ધર્મને નામે જડભાવનો-બંધભાવનો આદર અને અબંધ સ્વભાવનો અનાદર, અનાદિ કાળથી કરતો જ આવ્યો છે. જો ન કરતો હોત તો મોક્ષ થઈ ગયો હોત. તે ભૂલ ટાળવાનો ઉપાય, અભૂલ સ્વભાવને સમજવો તે છે. તેમાં પરભાવનો ત્યાગ થઈ જાય છે અરૂપી, અતીન્દ્રિય, શુદ્ધ, જ્ઞાયક સ્વભાવ તે હું તેને જડ દેહાદિ પરદ્રવ્યોની સહાય નથી. એવા નિરુપાધિક શુદ્ધ આત્માનું લક્ષ થતાં સહજ સ્વભાવનો આદર થાય છે અને પોતાને ચારિત્રની વૃદ્ધિ થાય છે. ઉદય અનુસાર આહારપાણી પણ છૂટી જાય છે. સહેજે અણાહારક પરિણામ થશે કે મારો સ્વભાવ અણાહારક છે હું અતીન્દ્રિય, જ્ઞાતા-દૃષ્ટા છું. દેવની ઇચ્છા, ઈશ્વરની ઇચ્છા તે મારો સ્વભાવ નથી. ઇચ્છામાં તો ઝેર પોતાનું ખોઈ રહ્યો છે. ઇચ્છા એ જ દુઃખનું કારણ છે. અનેક પ્રકારની ઇચ્છાઓ તે મારું કાર્ય નથી. આમ જ્ઞાનીનાં પરિણામ થતાં આયથી આત્માના લક્ષે સાથે સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિની વૃત્તિ થઈ જાય છે. વીતરાગની વાણી સાંભળવાનો વેગ ઉપડી જાય છે અને તેનાં સહેજે સહેજે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે, તે પણ સમ્યક્-વિરતિવાળા જીવને આની ઇચ્છા નથી, તેથી આયાય સ્વભાવ પ્રગટતો જાય છે. જ્યાં સુધી આયાય ભાવ ન પ્રગટે ત્યાં સુધી ઊંચાં પુણ્ય પણ બંધાય નહિ જુઓ તો ખરા! ૪-૫-૬-૭ ગુણસ્થાને તીર્થંકર નામકર્મ બંધાઈ જાય છે. તેઓની ઇચ્છા પણ હોતી નથી અનંત ચોવીશીમાં અનંત તીર્થંકર થઈ ગયા તે બધાને "ધારા" કહેવાય

પૂર્વકના પુણ્યના ઠાઠ આવા ન હોય માટે ભગવાન શ્રી જિનેશ્વર દેવનું બાહ્ય ઐશ્વર્ય છે. તે જન્મે ત્યારથી તે ત્યારે, ચાર (૧ થી ૪) અતિશયોથી સંપન્ન હોય છે ચોત્રીશ અતિશયો નીચે મુજબ.

૧ તે તારકોનો પુણ્યદેહ અદ્ભુત રૂપ અને ગંધવાળો હોય, આરોગ્યયુક્ત હોય અને પરસેવાદિથી મલિન ન થતો હોય

૨ તે તારકોનો શ્વાસોશ્વાસ પણ કમળની સુગંધ જેવો સુગંધ-યુક્ત હોય.

૩ તે તારકોના દેહમાં રહેલ લોહી અને માંસ, ગાયનાં દૂધ જેવાં સફેદ તેમ જ દુર્ગંધ રહિત હોય.

૪ તે તારકોનો આહાર-નિહાર વિધિ છે, તે ચર્મચક્ષુથી અદૃશ્ય છે.

૫ તેનું સમવસરણ યોજનપ્રમાણ ભૂમિમાં હોય પણ તેમાં કોટાકોટી મનુષ્ય-તિર્યંચ-દેવોનો સુખે-સુખે સમાવેશ થઈ જાય છે. કોઈને અગવડતા રહેતી નથી

૬ તે તારકો દેશના આપે કોઈ અપૂર્વ ધ્વનિ છુટે પણ તે તારકોની વાણી મનુષ્ય-દેવ-તિર્યંચને માટે પોતપોતાની ભાષામાં પરિણામ પામે.

૭ તે તારકોનાં શિર પાછળ સૂર્યમંડલની શોભાને પણ તિરસ્કાર પહોંચાડે તેવું તે તેજોમય ભામંડલ હોય.

૮ તે તારકો જે સ્થળે વિચરતા હોય તે સ્થળથી ચારે દિશામાં ૨૫ યોજન સુધીમાં તેમજ ઊંચે અને નીચે ૧૨ા યોજન સુધીમાં રોગ હોય તો પણ જ નહિ

૨૫ ભગવાન વિચરતા હોય ત્યાં કાંટા ઊંધે મુખે થઈ જાય છે
૨૬ વૃક્ષો ઊંચીઊંચીને નમે એકેન્દ્રિય પણ નમે.
૨૭ દૂર દૂર સંભળાય તેવો દુંદુભી નાદ થતો હોય.
૨૮ વાયુ અનુકૂળપણે વર્તે.
૨૯ પક્ષીઓ પણ પ્રદક્ષિણા કરે.
૩૦ સુગંધવાળાં જળની વૃષ્ટિ થતી હોય
૩૧ પાંચ વર્ણનાં પુષ્પની વૃષ્ટિ થતી હોય.
૩૨ વાળ અને નખ વધવા પામે નહિ.
૩૩ જઘન્યથી ક્રોડ દેવતાઓ, એક નિકાયના નહિ પણ ચારે નિકાયના મળીને ઓછામાં ઓછા ક્રોડ દેવતા, તે તારકો પાસે રહે છે.
૩૪ ઋતુઓનાં પ્રવર્તન પણ અનુકૂળ જ હોય છે. જન્મે ત્યારથી તે તારકો પ્રથમનાં ચાર અતિશયોથી યુક્ત હોય છે. પછી કેવળજ્ઞાન પામે ત્યારે ઘાતીકર્મોના ક્ષયના યોગે ઉત્પન્ન થનાર ૧૧ અતિશયો હોય. ત્યારબાદ દેવકૃત થનારા ૧૯ અતિશયો હોય છે. આમ કુલ ૩૪ અતિશયો હોય છે.

ભગવાનની વાણી ૩૫ ગુણોએ યુક્ત હોય છે. તેની વાણીનાં કોઈ કરી રાખવાનાં ન હોય અને અપુનરુક્ત પર ચિન્હની હોય. સાંભળનારને લાગે કે જાણે કાનમાં અમૃત રેડાતાં ન હોય! સાંભળનારને ક્ષુધા-તૃષા આદિ સર્વ દુઃખોને વિસ્મરણ કરાવે તેવી વાણી હોય છે. સાંભળનારને સંદેહ પેદા થતા નથી અને કદાચ પણ કો પેદા થયો જ હોય તો દૂર થાય છે, તેવો તે વાણીનો અતિશય છે.

સંવત ૨૦૧૧ના શ્રાવણ વદ ૮ને બુધવાર તા. ૧૦-૮-૧૯૫૫.

પંચ પરમેષ્ઠિને ભાવપૂર્વક નમસ્કાર કરી નિર્ણાયક જ્ઞાનીઓએ સમજાવ્યું. ઉદાયન રાજાની વાત ચાલે છે. તે રાજા મહાન પુણ્યાનુબંધી પુણ્યવાન છે. તેને દેશ, પુર, નગર, ચાકર, ધન, સમૃદ્ધિ બધી બાહ્ય સામગ્રી અનુકૂળ છે. અમૃત ઝરે ને અમૃતનું ટાંકણું છે. આવા લોકોત્તર પુરુષ ત્રિકાળી સ્વરૂપની જાગૃતિમાં સહેજે સહેજે મળી જાય છે તેને તો [illegible] નકાર જ હોય છે. તેને કોઈ પણ કર્મ હિતકારી લાગતા જ નથી. સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રમા જ્યારે આત્મામાં ઊગે છે ત્યારે કોઈ કર્મ હિતકારી ભાસતાં નથી કર્મ માત્ર બંધનનું કારણ છે. પૂર્વ કર્મ ઉદય નિમિત્તે સાધક ધર્માત્માને વર્તમાન વર્તની દશામાં ભેદ પડે છે, પરંતુ ખૂબી તો એ છે કે, તેના અભિપ્રાયમાં ભેદ નથી. વર્તમાન પર્યાયમાં ભેદ પડે એટલે રાગદ્વેષ થઈ આવે છે. ૪, ૫, ૬, ૭, ૮, ૯ કે ૧૦મે ગુણસ્થાન બુદ્ધિ કે અબુદ્ધિપૂર્વક ભેદ પડે છે. પરંતુ પરમાર્થે તો એનો જ કહેવાય છે કે પૂર્ણ દૃષ્ટિથી એટલે દ્રવ્ય, ગુણ, પર્યાયથી તદ્દન શુદ્ધ જ છે. પરંતુ સંસાર અવસ્થામાં બે પર્યાયે એકાંત શુદ્ધ હોય તો ચાર જ્ઞાનના ધણી સમર્થ ગૌતમ સ્વામી જેવા મહાન સમર્થ પુરુષ પુરુષાર્થ કેમ કરે? આ બધું સમજ્યા વગર શુષ્કજ્ઞાની બેઠા થઈ જાય છે અને બોલે છે કે 'આત્માને બંધ, મોક્ષ છે નહિ તે તો માત્ર કલ્પના છે.'

"બંધ, મોક્ષ છે કલ્પના, ભાખે વાણીમાંહી;
વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહી"

સુધી જીવ અનેકાંતને અને વ્યવહારને સમજ્યો નથી ત્યાં સુધી શુભ વ્યવહારનો લોપ કરી અશુભમાં પ્રવર્તે છે. મુમુક્ષુ જીવને પુણ્યની ઇચ્છા નથી. પરંતુ સાધક જીવ, સ્વરૂપનો ઉત્કૃષ્ટ પુરુષાર્થ ઉપાડે છે. તેમાં સહજ ઉત્કૃષ્ટ પુણ્યનો રસ પડી જાય છે જે જીવને સહેજે સહેજે પુણ્યનો ઉત્કૃષ્ટ રસ પડ્યો નથી તેના પુરુષાર્થની કચાશ છે. ધર્માત્માને પુણ્યબંધ વર્ત્યા કરે છે. પૂર્ણપદ સિવાય તેને કશું જોઈતું નથી. દેવગતિની પણ ઇચ્છા નથી. છતાં પુરુષાર્થના હેતુરૂપ એવા શુભ વિકલ્પો, દેવ, ગુરુ, ધર્મ તથા જ્ઞાનની ભક્તિ, જ્ઞાની પ્રત્યે માન અને અર્પણતાના ભાવ, આ બધું નિશ્ચય અક્રિયભાવને અનુકૂળ થવા માટે, બાહ્ય નિમિત્તનો સથવારો લેવા માટે આવ્યા વિના રહે નહિ. નિશ્ચય આત્મસ્વભાવને અનુકૂળ થવા માટે વ્યવહાર-બાહ્ય નિમિત્ત આવ્યા વગર રહે નહિ.

નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ.

જ્યાંસુધી સાતમું ગુણસ્થાન નથી ત્યાંસુધી કોઈએ, મુનિ-સાધ્વીએ પુણ્યને કદાચિત વ્યવહારે ઉપાદેય માની લેવું ન જોઈએ. કદાચિત પુણ્ય વ્યવહારે ઉપાદેય તો એ માટે કહ્યો હોય, તેને માની ન લેવું, કારણ અનાદિ કાળની મીઠાશ ચડી ગઈ છે તે જરા લાભ આવતાં તે તરફ ઢળ્યા વગર રહેતી નથી. માટે જ્ઞાની કહે છે, તારે આમાં અટકવા શુક્લધ્યાનને સ્પર્શે નહિ ત્યાંસુધી તારે પુણ્યને ઠીક માની ન લેવું, પરંતુ પૂર્ણ પુરુષાર્થ જ કરવો જોઈએ. બન્ને અપેક્ષા સમજીને સેવન અને દયા-દાનને

પુણ્ય અને પાપાનુબંધી પુણ્ય છે સમ્યક્ત્વ સહિત જે પુણ્ય બંધાય તે પુણ્યાનુબંધી પુણ્ય છે અજ્ઞાની પણ બે લાખ રૂપિયા ધર્માદામાં ખર્ચ કરે અને જ્ઞાની પણ બે લાખ રૂપિયા ધર્માદામાં ખર્ચ કરે, બન્નેને પુણ્ય બંધાય છે, પણ અજ્ઞાની એમ માને છે કે બે લાખ રૂપિયા મેં ખર્ચ કર્યા જ્ઞાની માને છે કે તે રૂપિયા તે રીતે વપરાવાના હતા એટલે વપરાય છે મેં ખર્ચ કર્યું નથી. અનાદિની ભૂલ, જીવ જેમ જેમ ટાળે છે તેમ તેમ સ્વભાવ તરફ ઝુકાવ ખાય, અને અંદરનો સ્વભાવ પુરુષાર્થ વડે તો પૂર્ણ કરીને મિથ્યાત્વાદિ કર્મ તૂટી જઈને સ્વરૂપની શાંતિ પ્રગટી જાય પણ પોતાના સળંગ જ્ઞાનગુણમાં રહીને જ્ઞાનગુણને જાણે છે, તેના શુભ ભાવનો જરાપણ આદર નથી પરંતુ અધૂરી અવસ્થા છે, તેથી તે રાગ થઈ જાય છે અને પુણ્યની ઇચ્છા વગર પણ પુણ્યાનુબંધી પુણ્ય બંધાઈ જાય છે. આત્મભાવના ભૂમિકાના સમ્યગ્જ્ઞાનપૂર્વક જ્ઞાનનો પુરુષાર્થ વર્તતો હોવાથી રાગ અને ચારે ગતિનો નાશ થઈ જાય છે. આ, તે હું નહિ, દેવગતિ, તે હું નહિ, પુણ્યનાં ફળ, તે હું નહિ, તે લક્ષમાં મહાન અનુકૂળતાનું કોઈ પર પુણ્ય બંધાઈ જાય છે ભગવાનપદ પણ બંધાઈ જાય છે આવા પુણ્ય તો સાધક દયાવાળા ધર્માત્માને જ બંધાય છે, જેને પુણ્યની કાંક્ષા નથી તેને સહેજે શુભ નિમિત્ત આવે, તેને પોતે જાણે, પરંતુ તે બધાથી હું જુદો છું તેમ માને સમ્યગ્દૃષ્ટિ, ઈંદ્ર પોતાના વિમાનમાં ઉપર હોય, દેવ-દેવીઓ નાટારંભ કરતા હોય, છતાં તે તો માને છે કે, ઈંદ્રાસન તુચ્છ છે. સડેલાં તણખલાં જેવું છે. હું તો તેનાથી નિરાળો છું.

નંદ મણિયારને મહાવીર પ્રભુ અને તેના વચનોનો નિશ્ચય કર્યો અને તે સ્વરૂપને સાંભળ્યો. પછી લાંબા કાળ સુધી ભગવાન

ઉદાયન રાજાને બધા સંયોગો શાતાકારી અને શુભ મળેલા છે, તેમાં પુણ્યનો મહિમા નથી પરંતુ પોતાના ત્રિકાળી સ્વરૂપના ભાનમાં, જ્ઞાનની આરાધનામાં સહેજે સહેજે અશુભ આવી ગયો અને આત્માના ભાન વિના જે પુણ્ય બંધાય તે પાપાનુબંધી પુણ્ય છે. પુણ્યાનુબંધી પુણ્ય અને પાપાનુબંધી પુણ્યના સ્વરૂપને સમજો. તે ત્રિકાળી સ્વરૂપની સાધનામાં હતા પહેલાં તે, સહેજે એ જ્ઞાન ન થપે આપે તેવાં પુણ્ય બંધાય છે ઉદાયન રાજા સ્વરૂપ ને ભાન પામેલ પુણ્યવાળો છે. હવે તેની આત્મશુદ્ધિ કેવી છે તેની વાત આવશે.

——— ઉપા - ૩૫

સંવત ૨૦૧૧ના શ્રાવણ વદ ૬ ગુરુવાર તા. ૧૧-૮-૫૫.

શ્રી ભગવતીજી સૂત્રનું ૧૩મું શતક, છઠ્ઠો ઉદ્દેશો ચાલે છે. ઉદાયન રાજાનું બાહ્ય અને અભ્યંતર વિવેચન ચાલે છે ઉદાયન રાજાએ પૂર્વે એવું શું કર્યું કે જેથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાઈ ગયું, તેની વાત ચાલે છે. અનાદિથી ભૂલ તે મિથ્યાત્વની ભૂલ છે, તે ભૂલ મહાન છે, અનંત દુઃખને આપનારી, અનંત જન્મ-મરણ ઊભાં કરનારી છે. તે ભૂલ ભાંગે, ગુરુ ટળી જાય, પોતે પોતાની મેળે સવળો પુરુષાર્થ લાવે તો પૂર્વે જે મિથ્યાત્વાદિ કર્મ, આત્માની ઘાત કરનારાં હતાં, ભૂલ કરનારાં હતાં, તેનો અનુભાગ નાશ થઈ જાય. તેનો નાશ થઈ ગયા પછી પોતે પોતાના સ્વરૂપમાં રહીને પોતાનાં જ્ઞાન, દર્શન, ગુણને ભાળે છે, તેનો મંદ કરવાથી કેવળીની ભક્તિ સર્વજ્ઞ ઉપદેશ [illegible], પરંતુ હઠ રીતે સર્વજ્ઞ થયો નથી. હજી અધૂરી અવસ્થા છે. તે અધૂરી;
[illegible]

આવવાનું નથી, આવશે નહિ અને આવ્યું પણ નથી કોઈ પરના આધારથી જ્ઞાન પ્રગટતું નથી. હું મારા પોતાના અભેદ, અખંડ જ્ઞાનસ્વભાવમાં નિશ્ચળ છું. પરના આશ્રય વિના શુદ્ધ સ્વભાવમાં ટકી રહેલો છું, એવી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન તેજ પ્રકારે સ્વાધીન એકત્વ જ્ઞાયકપણાનો સ્વીકાર ને જ્ઞાન અને જ્ઞાનનો વિસ્તાર તે સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનમાં નિશ્ચળપણે ટકી રહેવું રૂપ તે ચારિત્ર જ્ઞાનમાં વર્તવું કે હું એકરૂપ વીતરાગ છું, જ્ઞાયક છું, એજ વસ્તુ-ધર્મરૂપ મોક્ષમાર્ગ છે જ્ઞાનનું વર્તન તેજ જ્ઞાનીના જ્ઞાનની સમ્યક્ ક્રિયા છે, તે ક્રિયાને મિથ્યાત્વની કોઈ પણ ક્રિયા પહોંચી શકે તેમ નથી. રાગનું વર્તન તે અજ્ઞાનીનું વર્તન છે શુદ્ધ સ્વભાવનો અનુભવ તેજ મોક્ષમાર્ગ છે. સંકલ્પ, વિકલ્પ રાગાદિનો અનુભવ તે મોક્ષમાર્ગ નથી. અતીંદ્રિય સુખનો અનુભવ, અતીંદ્રિય સુખ તે જ સાચું સુખ છે. તેની પ્રાપ્તિનો ઉપાય શુભ ક્રિયાકાંડ કે શુભ ભાવ નથી. અશુભ ક્રિયાકાંડ ને અશુભ ભાવને ટાળવા માટે શુભ ક્રિયાકાંડાદિ ઠીક છે.

અતીંદ્રિય સુખનો ઉપાય સ્વાનુભવ છે અને સ્વાનુભવનું વર્તન તે જ સમ્યક્ ક્રિયા છે મોક્ષ એટલે શું? કોનાથી? આઠ કર્મોથી, સર્વ કર્મોથી રહિત, શુભ બંધનથી રહિત, અશુભ બંધનથી રહિત તે મોક્ષ છે તે મોક્ષના ઉપાય પણ સર્વ શુભાશુભ ભાવથી રહિત છે, અને જ્ઞાનના અનુભવથી જ મોક્ષ છે. જ્ઞાનના સ્વભાવનો શુદ્ધ અનુભવ તેજ જ્ઞાતાની જ્ઞાનક્રિયા છે અજ્ઞાની, વ્યવહાર ક્રિયાકાંડ અને શુભ યોગને મોક્ષમાર્ગ માની બેઠો છે. તેની માન્યતા મિથ્યા હોવાથી તે મિથ્યાદૃષ્ટિ છે. તેની ક્રિયા, જ્ઞાનીની એક ક્ષણને પણ પહોંચી શકે તેમ નથી. મોક્ષમાર્ગ તે જ છે કે

શુભરૂપ અશુદ્ધભાવ એમ બન્ને ભાવ નહિ હોઇ શકે તે નિશ્ચયનું અને અનંતાનુબંધી એમ સાત પ્રકૃતિના અભાવે સમ્યગ્દર્શનનો ગુણ જ્યારે આત્મામાં પ્રગટ થાય છે ત્યારે તેજ સમયે શુદ્ધ જ્ઞાનાંશ પ્રગટ થઇ જાય છે. શુદ્ધ સમ્યગ્દર્શનભાવથી કર્મોની નિર્જરા થાય છે, પરંતુ અન્ય કષાયકર્મોનો નાશ થયો નથી, ત્યાંસુધી કષાયકર્મનો કંઇક ઉદય થાય છે તેટલું અશુદ્ધપણું પણ રહે છે, તેનો કર્મ બંધાય છે. દાખલા તરીકે રાત્રે અંધિયારા વખતે ઘરમાં સર્પ નીકળ્યો છે, પરંતુ જાણ્યો છે, પણ તે સર્પ પકડી લીધો છે, તેથી કાંઇ ભીતિ આવતી નથી જો સર્પ બહાર નીકળે તો તુરત જ તેને પકડીને બહાર ફેંકી આવે, તેવી જ રીતે આત્માના પ્રદેશ ઉપર કર્મના જોડેલા રહેલા છે, સત્તામાં પડ્યા છે, તેથી તેનો ભીતિ નથી. તેમાં સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે કર્મ બહાર આવે કે તુરત જ તેને ઉપાડીને ફેંકી દઇ શકે તેમ છે. આ રીતે બન્ને ભાગ શુદ્ધ અને અશુદ્ધ એકજ સમયે અંદરમાં ચાલે છે અને પોતપોતાના કાર્ય કર્યાં કરે છે. શુદ્ધ જ્ઞાનના અંશથી કર્મની નિર્જરા અને સંવર થાય છે અને અશુદ્ધ રાગના અંશથી કર્મનો બંધ થાય છે. તેમાં જ્ઞાનપૂર્વક શુભ રાગ હોય તો પુણ્ય બંધાય અને અશુભ રાગ હોય તો પાપ બંધાય છે. એમ હોવા છતાં આત્માની હાનિ થતી નથી, કારણકે સમ્યગ્દર્શનના પ્રભાવથી તે જ્ઞાની જીવ કષાયનિગ્રહ ક્રિયાને કરીને આવ્યો છે. જેને જેટલી છે, તીર્થંકર કે સર્વાર્થસિદ્ધ વિમાનના પદનો બંધ પડે તેટલું કષાયનિગ્રહ કરીને આવ્યું છે અને તીર્થંકર પદ બંધાય તેટલું તેનાથી અનંત જેટલી ... .

સમ્યગ્દર્શન સહિત આત્મામાં જ્ઞાન અને ચારિત્રની ક્રિયા છે, તે ક્રિયા કરતાં તે આત્મા પોતાનું ... ...

કારણ કે જીવની જાતને તેમણે જાણી નથી, જેઠનાં પડળ આંખમાં છે, અંતરચક્ષુ ઊઘડયાં નથી દૃષ્ટિમાં [illegible] નથી એમાં તપનો દોષ નથી પણ દૃષ્ટિદોષ આવે છે, [illegible] આવે નથી.

જીવ–અજીવ, નવ તત્ત્વને જાણ્યાં નથી, [illegible] જાણ્યા નથી, તેથી ત્યાંથી [illegible] સુધી આત્મભાનને પહોંચે, આત્મભાન કરે છે, [illegible] કરાએ પણ તેનું તપ આવતું નથી [illegible] તપ હોત તો તેટલા કાળમાં કેટલાય જીવ [illegible] એ સુધી એવી ઉપર હોણ થઈ શકે? પોતાને [illegible] પોતાની કલ્પનાએ ચાલે તેઓ મોક્ષની નિવરતી પર ચડી શકતા નથી. [illegible] નાવમાં બેસવાથી કોઈ જીવ વસ્તુને તરી શકતો નથી, તેમ અજ્ઞાનતપ કરવાથી કોઈ જીવ [illegible] નહિ [illegible] કે, પરંતુ સદ્ગુરુનો યોગ થયો નથી [illegible] આત્માની જાતનું એટલે આત્માનું ખરેખરું ભાન [illegible] સુધી તે બધી ક્રિયાઓ અવિવેકીનાં, અજ્ઞાનનાં [illegible] છે [illegible] તપનો દોષ નથી. તપ તો જ્ઞાની પણ કરે છે, અજ્ઞાની પણ કરે છે [illegible] દૃષ્ટિમાં સાચો વિવેક આવ્યો નથી, જેઠનાં પડળ [illegible] આંખમાં છે, અંતરતત્ત્વનો ઉઘાડ થયો નથી, તે સંસાર પાર પામવા માટે બધું કરતો હોય તોપણ દૃષ્ટિમાં ભૂલ છે, જેથી સંસાર છૂટે તેમ નથી. વસ્તુનો કેવો સ્વભાવ છે, તેવો જાણે તો [illegible] આંખની [illegible] રાખી [illegible] છે. આંખની [illegible] કાઢે ત્યારે તો [illegible]

[illegible] વસ્તુની જેવી જાત છે તેવી જાણે, તેને જરૂર મોક્ષનાં [illegible] વસ્તુના સ્વભાવને [illegible] કરે તે તેના

કહ્યું કે. જીવની જાતને તેમણે જા [illegible] નથા મે [illegible] પડળ ઊભાં છે, અંતરાયનું બિપડ્યાં નથી [illegible] નથા આમા તપનો દોષ નથી પણ દષ્ટિદોષ આવે છે, [illegible] આવતો નથી.

જીવ-અજીવ, નવ તત્વને [illegible] નથી, [illegible] નથી, તેવો તામસી [illegible] આવખમણને પારણે માસખમણ કરે છે, [illegible] કાળે પણ તેનું તપ [illegible] નથી [illegible] તપ હોત તો તેટલા કાળમાં કેટલાય જીવ [illegible] મેરૂની એવી ઉપર ઢગલો થઈ શકે [illegible] પાતાની કલ્પનાએ આવે તેઓ મેરૂની [illegible] નથી [illegible] નાવમાં બેસવાથી કોઈ જીવ [illegible] નથી, તેમ અજ્ઞાનતપ કરવાથી કોઈ જીવ [illegible] નહિ [illegible] કરે, પરંતુ સદ્ગુરૂનો યોગ થયો નથી [illegible] જાતનું એટલે આત્માનું ખરેખરૂં ભાન થયું નથી [illegible] ખપી ક્રિયાઓ, અવિવેકના, અજ્ઞાનના ધરની છે [illegible] દોષ નથી. તપ તો જ્ઞાની પણ કરે છે, અજ્ઞાની [illegible] કરે છે [illegible] દષ્ટિનાં [illegible] વિવેક આવ્યો નથી, મોહનાં પડળ [illegible] છે, અંતર વસ્તુનો ઉઘાડ થયો નથી, [illegible] કરતો દોષ લોચનું દષ્ટિમાં [illegible] છે, [illegible] દોષ નથી. વસ્તુનો જેવો સ્વભાવ છે, તેવા [illegible] આંખની [illegible] રાખી [illegible] છે. [illegible] દષ્ટિમાં [illegible]


[illegible] જેવી [illegible] છે તેવી [illegible], તેને [illegible] કરાં [illegible] વસ્તુના [illegible] કરે [illegible]

નિર્ધન, પરંતુ તેની ખાનદાનીમાં ફરક પડે નહિ, તેમ આત્માનો અસલી સ્વભાવ ખાનદાનીવાળો છે, તે સદા એક સરખો છે સિદ્ધ અને સંસારી, બધા જીવોનો સ્વભાવ એક સરખો છે સંસારી જીવને પર્યાયમાં ક્ષણિક રાગ, દ્વેષ, મોહ, વિકાર ક્ષોભ છે પણ આખો સ્વભાવ રાગ, વિકારવાળો થયો નથી. બાલ-તપસ્વી આવા ખાનદાનીવાળા સ્વભાવને ભૂલીને વિકાર તથા ચાર ગતિને પોતાનું સ્વરૂપ માને છે. ચાર ગતિમાં જનમવું કે ચાર ગતિમાં જવાના કારણ તે આત્માનું અસલી સ્વરૂપ નથી, પરંતુ નકલી સ્વરૂપ છે જીવે અનંતકાળમાં ક્રિયા કરવામાં કંઈ બાકી રાખી નથી, છતાં કામ થયું નહિ, તેમાં ક્રિયાનો દોષ નથી, પણ પોતાના અસલી સ્વભાવને પોતે સમજ્યો નથી. ક્ષણિક વિકાર, સમયે-સમયે ઊભો કરે તો થાય અને ન કરે તો ન થાય. અસલી સ્વભાવને જાણે તો જ વિકાર ટળે, અસલી આત્મા પ્રગટ થાય, નકલી ટળી જાય અને આત્માનું પરમ કલ્યાણ થાય.

ચા- 3C

સંવત ૨૦૧૧ના શ્રાવણ વદ ૧૨ રવિવાર તા. ૧૪-૮-૫૫.

ઉદાયન રાજાના અધિકાર દ્વારા આત્માનો સાર સમજાવાય છે. સોળ દેશનો માલિક છે, એટલે સૂર્ય જેમ સોળે કળાએ ખીલી નીકળે, તેમ આ રાજાનો આત્મા સોળે કળાએ ખીલી ઊઠ્યો છે. આત્માનું અસલી સ્વરૂપ પરથી ભિન્ન છે, શુદ્ધ છે, ચાર ગતિમાં ન ફરે તેવું છે. રાગ-દ્વેષ આત્માનું અસલી સ્વરૂપ નથી. આત્માના અસલી સ્વરૂપને જેમ છે તેમ જાણીને તેમાં એકાગ્ર થાય તો જગતના જનના ઓર નકલી સ્વભાવનો નાશ થાય છે.



સંકલ્પ; વિકલ્પની એક સમયનાં ક્ષણિક ઉત્પન્ન, આત્માના ત્રિકાળ સ્વરૂપમાં નથી. સંસાર એક સમય પૂરતો છે, તેથી તેના કાર્યરૂપ ચાર ગતિના ભવ પણ આત્માના નથી, માટે જ હું મનુષ્ય છું, દેવ છું, નારકી છું, તિર્યંચ છું, તેમ ન માનતાં, તે ગતિ વગેરેથી રહિત છું, અનાદિ, અનંત, એકરૂપ, પરમાત્મા સ્વરૂપ છું, તે વાતને લક્ષમાં લઈને આત્માની પ્રતીતિ કરવી, શ્રદ્ધા કરવી, વીતરાગ, વિજ્ઞાન, નિર્વિકલ્પ પ્રતીતિ કરવી, તેજ કરવાનું કાર્ય છે. સમ્યગ્દર્શન સહિત શુદ્ધ આત્મ-ભાવની રુચિ ટકે તે સંવર અને નિર્જરા છે. આવી જ્ઞાનીની ધર્મક્રિયા છે, સાચી ક્રિયા છે, તેનો પ્રકાર એવો છે કે તેનો આદર કરીને જીવ ટકે તો ચાર ગતિ છૂટી જાય. એક છોકરો રમીને ઠેઠ અગાસીના ખાટલા ઉપર, ચાદર ઓઢીને સૂતો છે, અંધારી રાત છે, તેને ગાઢ ઊંઘ આવી ગઈ, પછી તે જાગે છે અને જાગીને વિચારે છે, 'અહો હો! મને કેટલી વખત ઊંઘ આવી ગઈ?' તે ઊંઘને જાણનાર કોણ છે? જાણનાર પોતે જ છે, તે સદા જાગ્યા જ કરે છે, એમ જ્ઞાતાના જ્ઞાનનું જે જાગૃતરૂપ વર્તન, તે જ વર્તન જ્ઞાનીની અભ્યન્તરજ્ઞાનક્રિયા છે એ ક્રિયા સમયે સમયે નિર્જરા કર્યા કરે છે. આત્મા જાગૃતના કાર્ય માટે નહિ અંધારામાં કોઈ હોય તોપણ તે સ્વ અને પરને જાણે છે. આ સમ્યગ્જ્ઞાન અને વીતરાગભાવનું વર્તન એ જ્ઞાનીની ક્રિયા છે. અજ્ઞાની, પર્યાય દૃષ્ટિથી સ્થૂળપણે જાગે છે, પરંતુ તેને સ્વરૂપ જાગૃતપણું થતું નથી. અજ્ઞાની, સ્થૂળ જાગૃતપણામાં કર્તૃત્વ બુદ્ધિ અને મમત્વ બુદ્ધિ કર્યા કરે છે, માટે જ તેની અને જ્ઞાનીની ક્રિયામાં આકાશ-પાતાળ જેટલું અંતર છે.

પરમાર્થ દૃષ્ટિથી જુઓ તો અહો! કોઈ પણ જાગૃતનો વિરોધ કે ઝઘડા કરવા, એ પરમાર્થ દૃષ્ટિએ આત્માનો સ્વભાવ નથી.

જ આત્માનો અસલી સ્વભાવ જાણ્યો છે ત્યાં સુધી બંધ છે. આ માન્યતા તૂટયા પછી બંધ નથી, પરંતુ જ્યાં સમ્યગ્જ્ઞાન થયું ત્યાં પછી પોતાના કારણે બંધ થતો નથી. એ સાચી વાત, જ્ઞાન-ક્રિયાની વાત, એ વાતને સાંભળવાના ઓરડા બંધ કરીને રાગ, દ્વેષ, મોહરૂપી અજ્ઞાનનાં ગોદડાં ઓઢીને અમાવાસ્યાના જેવા ઘોર અંધકારમાં પડેલ હોય, તેને સૂર્ય ઊગે, તે પણ દેખાતો નથી. શું બહારથી કોઈ જ્ઞાનસૂર્ય ઊગે છે? ભાઈ, તું પોતે જ પોતે જ્ઞાને સંપૂર્ણ સૂર્ય છે, તે તું જ છે, તે વાત બંધ બારણે સાંભળી શકાતી નથી. એ જ્ઞાનીની જ્ઞાનમય ક્રિયાને એકાગ્ર ચિત્તે સાંભળે, સાંભળીને સમજે, અને આદર કરે, લક્ષ કરે, પુરુષાર્થ કરીને એ ગોદડું મારાથી જુદું છે એમ જુદો રહીને મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય એ બધા બારણાં ઉઘાડીને, તેનાથી જુદો પડીને એક સમય બહાર આવે તો અંદરથી જ્ઞાનનું અજવાળું પ્રગટે અને પ્રકાશ થાય, થાય ને થાય.

આ દૃષ્ટાંત રાજા શેઠ દેશનો પડી છે. એટલે કે જ્ઞાને તેનો સૂર્ય ખીલ્યો છે. આત્મા પરભાવથી સદા જુદો છે તે કેવી રીતે સ્વતંત્ર છે, તેની સ્વાધીનપણે આત્મામાં શ્રદ્ધા, અને તેની રુચિ, તેનો જ ઉત્કૃષ્ટ આદર અને હું ત્રિકાળી, જ્ઞાયક, જ્ઞાનના સહજ સ્વભાવમાં ટકેલો છું તેવી ક્રિયા, વર્તન, જ્ઞાનથી એકત્વરૂપ હોય, ત્યારે તે ચારિત્ર છે. તે ચારિત્રથી જ્ઞાનીને જ્ઞાનની ક્રિયારૂપી ધર્મ છે. એ જ જ્ઞાનીના જ્ઞાનની સાચી ક્રિયા છે. આવા જ્ઞાનીના જ્ઞાનની ક્રિયાની ઓળખાણ કર્યા વિના અજ્ઞાનીના ક્રિયાકાંડને પાકે અજ્ઞાનમય ક્રિયા, એક ક્ષણ પણ ન આવી શકે.

હોય તેને સંસારવર્ધક કર્મનો બંધ થતો નથી, પરંતુ જેના અંતરમાં આસક્તિભાવ છે તેને અનંત સંસારના કારણરૂપ કર્મનો બંધ થાય છે. સમ્યગ્દૃષ્ટિ જીવની ભૂમિકા વૈરાગ્યમય હોય છે તેને જેટલો પ્રેમ આત્મઅનુભવમાં છે, તેના કોટમા ભાગનો પ્રેમ પણ વિષયભોગમાં નથી. પરંતુ જેને વિષયભોગની ગાઢ વૃત્તિ છે, તે એમ કહે કે આત્મા નકલી સ્વભાવવાળો નથી, અસલી સ્વભાવવાળો છે, તે વાત મેં માની લીધી છે, માટે મને હવે કર્મોનો બંધ પડે નહિ, તેને શાસ્ત્રકાર કહે છે કે 'ભાઈ! તે મહા પાપ છે, મહા દંભ છે' જે પોતાના નિજાત્મ અસલી સ્વભાવને છોડીને, રાગ-દ્વેષમાં, વિષયભોગમાં, અનેક પ્રકારના નિમિત્તોના બંધનમાં પડેલો છે, એ પોતાને સાધુ માને તો તે કહેવું [illegible] છે, 'ખરું' નથી" તેને આત્માના અસલી સ્વરૂપ કે સ્વભાવનું અને નકલી સ્વરૂપ કે સ્વભાવનું ભાન જ નથી તેને સાચું ભેદજ્ઞાન થયું જ નથી. સમ્યગ્દૃષ્ટિ જીવ તો સ્વભાવથી જ વૈરાગ્યમય બની જાય છે. એ સંસારનાં કાર્યો કરતો હો, પણ જાણે છે કે જેટલે અંશે ચારિત્રમોહનો ઉદય છે, તેટલે અંશે અસ્થિરતા છે. તેટલે અંશે કર્મનાં બંધનનું કારણ છે હું સર્વથા અબંધ થયો નથી. સર્વથા ચારિત્રમોહનો ક્ષય કરવાનો પુરુષાર્થ કરીશ. સર્વ કષાય રહિત વીતરાગી, ક્ષીણમોહી ગુણસ્થાનકની પ્રાપ્તિ થશે ત્યારે જ હું સર્વથા અબંધ થઈશ એ વસ્તુ જેમ છે તેમ માને છે, તે જ્ઞાનીનો જ્ઞાનની ક્રિયા ગાંઠ, નિર્જરા કરે છે પણ જે [illegible] અને રાગે તેમ વર્તે છે અને અહંકાર કરે છે તે સમ્યગ્દૃષ્ટિ થઈ શકતો જ નથી. કર્મ બળપણ દૂર કરવું તેમ નથી. તું જ્ઞાન કર તો દૂર

— —

જ્ઞાન થયું ઘટજ્ઞાન એવી પોતાના જ્ઞાનની પર્યાય થઈ જ્ઞાન નઈ થયું નથી. દર્પણમાં મોર ઝળક્યો ત્યારે દર્પણ મોરરૂપ થયો નથી, પરંતુ તેની કાંતિનું પરિણમન મોરરૂપે થયેલ છે, તોપણ દર્પણ તો પોતાના સ્વભાવ રૂપ જ છે જ્ઞાની કહે છે કે, જ્ઞાનસ્વભાવ એ આત્માનો ગુણ છે. આખા જગતને જાણતો થકો પણ તે જ્ઞાનગુણ નિત્ય છે આ સ્યાદ્વાદ અને અનેકાંત છે જો કોઈ તે પ્રમાણે ન માને અને કહે કે જ્ઞાન, જ્ઞેયથી જ થાય છે. જ્ઞાન, જ્ઞેયરૂપ જ છે, જ્ઞાન, જ્ઞેયથી ભિન્ન છે જ નહિ. ઘટ છે ત્યાં સુધી જ જ્ઞાન છે તેમ માનનાર એકાંત મિથ્યાદષ્ટિ છે. ઘટની પાસે બેસવાથી જો ઘટનું જ્ઞાન થતું હોય તો તેની પાસેના થાંભલાને પણ ઘટનું જ્ઞાન થવું જોઈએ, પરંતુ તેમ બનતું નથી. જેનામાં જ્ઞાનશક્તિ છે તે જ ઘટને દેખીને જાણી શકે છે. એ માટે જ્ઞાનની સત્તા જ્ઞેયથી ભિન્ન છે જ, એવી જે પ્રતીતિ અને તે પ્રતીતિમાં ટકવું એવું જ્ઞાનીનું વર્તન એ જ જ્ઞાનીની સમ્યક્‌ક્રિયા છે. દર્પણમાં પદાર્થ ઝળકે છે, પરંતુ પદાર્થ અલગ છે અને દર્પણ પણ અલગ છે તેમ જ્ઞાન અને જ્ઞેય, બન્ને અલગ અલગ છે. હવે જ્ઞાન સર્વ જ્ઞેયને જાણે છે, છતાં અનેક પ્રકારે પર્યાય દૃષ્ટિથી દેખવામાં આવે, તોપણ જ્ઞાન એ આત્માનો ગુણ છે. આત્માથી છૂટીને તે બીજે ક્યાંય જતો નથી. જ્ઞાન અને આત્મા અભેદ છે. આત્મા અલગ છે અને આત્મા જે વસ્તુને જાણે છે તે જ્ઞેય વસ્તુ પણ અલગ છે. એવો ભેદ અનેકાંત બતાવે છે અને તે જ યથાર્થ છે. એમ સ્યાદ્વાદ દ્વારા જીવ-દ્રવ્યનું અનેકાંત સ્વરૂપ સમજાવ્યું છે. તેને યથાર્થપણે સમજી, પ્રતીતિ કરવી. શ્રીગુરુ દેવ કહે છે કે જેને આત્માની સ્વપ્રતીતિ થઈ છે, તેને હેય ઉચિત છે.

તે શુભ કારણરૂપે હોય કે અશુભ કારણરૂપે હોય તેનાં શુભાશુભ બંધનું કારણ છે. સ પૂર્ણપણે સંપ્રવર્તન અને જ્ઞાનની ક્રિયા તે સંવર અને નિર્જરાનું કારણ છે એવા જ્ઞાનીની ક્રિયાની એક કળાને અજ્ઞાનીની ક્રિયાની સોળમી કળા પણ પહોંચે નહિ.

ભગવાન કહે છે કે, જે ભાવે અનંત કાળ કાઢ્યો, અનંતભવ કર્યા, તે બંધક ભાવ હતો અને તે ઉપાધિવાળો ભાવ હતો. ઉપાધિવાળો ભાવ સેવવાથી નિરુપાધિક તત્ત્વ આત્માનો ભાવ ઊપજે નહિ, શુદ્ધ આત્મભાવ ઊપજે નહિ, પરંતુ પોતે યથાર્થ સમજીને જરૂર એવા શાંતિના માર્ગે જાય તો સુખ શાંતિરૂપ ફળ પોતામાં પ્રગટ થાય. માટે પોતાના શુદ્ધ સ્વરૂપની શોધન અને જાણવાની જરૂર છે અને તેને સમજાવનાર સંતના સમાગમની જરૂર છે. એક નાનો બાળક હોય પરંતુ તેને માર્ગની બરાબર ખબર હોય તો તે બાળકને પણ પૂછવું જોઈએ. તેમાં હું મોટો, તે નાનો, તેને કેમ પૂછાય! એમ માનમાં રહે તો માર્ગની ખબર પડે નહિ. ભાવનગરના ઘણા નાગરિકો ભાવનગરથી ઊપડ્યા છે અને શિહોર જવું છે. વચમાં તે ઠેકાણે અટવાય છે. અનેક રસ્તાઓ ઊંડા ખાડા જેવા છે. વરસાદ અનુભવ છે, વીજળી થાય અને ધીમી ઝૂંડી થઈ ગઈ છે. રાત અમાસની છે. તેવા પંથ ઘણા ગાડાના ભેડા છે અને ઘણા ગાડાં રસ્તામાં ભૂલા પડ્યા છે. દુનિયાના ઘણે તેવા ડાહ્યા હોય, પરંતુ જે માર્ગે જવું છે, તે માર્ગનું ભાન પોતાને ન હોય તો તેનું બધું માન મૂકીને, તે માર્ગના ભોમિયા જેવો નવ વર્ષનો બાળક હોય, તેને પૂછવું જોઈએ, પરંતુ માન ન મૂકે અને ન પૂછે તો રખડ્યા કરે. એક પંડિતજી નાવમાં બેઠા હતા. તે નાવિકને પૂછે છે 'જ્યોતિષ જોતાં આવડે છે?' જવાબ આપે છે કે 'ના.'

કાળે પણ જીવો પામી શકે છે જે સર્વજ્ઞ ભગવાને સાચું તત્ત્વ કહ્યું છે તેનો વિરોધ ટાળીને જો વર્તમાન સમજે તો આ કાળે પણ એકાવતારીપણાને પામી જાય તેમ ભગવતીજી કહે છે સમજ્યા વિના અનંત દુઃખ પામ્યો તેમાં ક્રિયાની ખામી નથી એક માત્ર સમજણની ખામી છે જેને તે ભૂલ ટાળવી છે તેણે વારંવાર સત્સમાગમે સતનું સ્વરૂપ સાંભળવું પડશે, સમજવું પડશે અને વિચાર કરવો પડશે. સરકારના ઝગડામાં જેમ ડાહ્યા પુરુષો સમજાવીને ન્યાય આપે છે તેમ આ ચૈતન્યના નિરુપાધીક શુદ્ધ ધર્મનો અને ઉપાધિવાળી ભૂલનો અનાદિથી ઝગડો ચાલે છે. તેની સદ્ગુરુ પાસે ફરિયાદ કરવાથી સાચી સમજણ થવાથી અનાદિનો ઝગડો ટળી જાય છે, માટે જ્ઞાની પાસે જઈ સમજો તો કલ્યાણ થશે.

સંવત ૨૦૧૧ના શ્રાવણ વદ ૧૪ મંગળવાર તા. ૧૬-૮-૫૫.

ભગવતીજી સૂત્રનું ૧૩મું શતક અને છઠ્ઠો ઉદ્દેશો વંચાય છે, તેમાં ઉદાયન રાજાનો અધિકાર ચાલે છે ઉદાયન રાજા તેના દેશનો ધણી છે તેનો ન્યાય સમજાવે છે. આ રાજાનો આત્મા સોળે કળાએ ખીલી ઊઠ્યો છે. જ્ઞાનીની એક કળાને અજ્ઞાનીની બધી કળા પણ પહોંચે નહિ. એક જ વખત સત્નું સમજવું અભેદરૂપતાળાને પામવાની પાત્રતાને કેળવીને જાણ, તો રાગ, દ્વેષ, અજ્ઞાન, સંકલ્પ-વિકલ્પ રહિત સહજ શુદ્ધ સ્વભાવ દેખાશે. સ્વાધીન નિજ સ્વભાવનો સ્વીકાર કરવાથી જરૂર મોક્ષદશા પ્રગટે છે. સત્સમાગમની ઉત્કૃષ્ટ રુચિ લાવીને સત્સમાગમની રુચિ કરશે, તેની પ્રતીતિ એ છે કે તેની બધે સંસારની રુચિ ઘટે છે.

રાગ, દ્વેષ રૂપ શુભાશુભ વૃત્તિઓ ઊઠે છે તે પર પ્રકૃતિના નિમિત્તની ઉપાધિ છે, પરંતુ તેના સાથે આત્મા માની લે છે કે પોતે પોતાના જ્ઞાનમાં ભૂલ રૂપ મિથ્યાત્વભાવ ઉત્પન્ન કરે છે સંકલ્પ, વિકલ્પ, રાગાદિ પરભાવનો સ્વીકાર કરે છે અજ્ઞાનવશાત્, જ્ઞાતા-દૃષ્ટા સાક્ષીને ભૂલીને પરભાવનો કર્તા થાય છે અને પરભાવનો કર્તા થઈને શુભાશુભ કર્મના ઉદય છે રાગાદિ કષાયોનો ઉદય દેખીને હું રાગ, હું ક્રોધ, હું કર્તા એમ માનતો, એવી ક્રિયાને કરતો, કર્મભાવનો આદર કરે છે અને તેના આદર કરવાથી નવીન કર્મો બંધાયાં જ કરે છે. જેમ નિર્મળ અરીસામાં પર ચીજો જણાવાનો સ્વભાવ છે, તેમ જ્ઞાનમાં કર્મ, નોકર્મ અને અન્ય જે જે જણાવાને યોગ્ય હોય તે જણાયા કરે છે આકાશ ક્ષેત્રમાં જડ કર્મવર્ગણાની સ્વતંત્ર ક્રિયાને મન, વચન, કાયાની ક્રિયાને આ આત્મા, દેહભાવના કારણે, દેહાધ્યાસને કારણે, દેહ પ્રત્યેના મમત્વને કારણે પોતાની માની બેઠો છે જે રીતે આત્મા છે તે જ રીતે કાર્મણવર્ગણા પડી છે તેમાં કાર્મણવર્ગણાની ૧૪૮ પ્રકૃતિઓ પડી છે, તેની ક્રિયા સમયે સમયે થયા જ કરે છે અને જ્ઞાન તેને જાણ્યા કરે છે, પરંતુ અનાદિનો આત્મા, દેહાધ્યાસના કારણે તે બધું પોતાનું માની બેઠો છે.

પોતે પોતાના જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવને ભૂલીને પરનો કર્તા થયો છે એટલે કાર્મણવર્ગણાની ક્રિયાનો પોતાને કર્તા માને છે. પોતાના જ્ઞાનમાં શુભ કે અશુભ ઇચ્છા, સંકલ્પ, વિકલ્પ, અન્ય, વાણી, દેહની ક્રિયા દેખાય છે. હવે તે વખતે વિવેક ચાંપીને પોતાના જ્ઞાનમાં જણાય છે તે માટે દેખાય છે, દરેક વસ્તુ છ, દેહ દેખાય છે. તે વખતે સ્વ અને પરનો વિવેક ભૂલીને પૂર્વનો

ચારિત્ર છે. જે દર્શનમોહ અને ચારિત્રમોહથી છૂટયે અને પોતે પોતામાં તન્મય થયો તે જ મોક્ષમાર્ગ છે એવી દશા થવાને માટે એક વચન સમજું માને. પૂર્વના પુદ્ગલના કારણે જ્ઞાતા બને અને પૂર્વના બાંધેલા ઉદયે અજ્ઞાતા બને. એ બન્ને સ્થિતિમાં જેણે પણ રાગ, દ્વેષ નહિ કરતાં સમભાવ રાખ્યો તે જ મોક્ષ-માર્ગનો ઉપાય છે. વીતરાગભાવ તે જ મોક્ષમાર્ગ છે. રાગ, દ્વેષ, મોહને છોડીને પોતે પોતાના સ્વરૂપમાં રહે તે સ્વરૂપાચરણ ચારિત્ર છે. જ્ઞાની આમાં વિરોધ શું કહે ? રાગને, અંશે, વિકલ્પનો અંશ, તે સમ્યક્ત્વનો ધર્મ નથી, પણ મોહનો ધર્મ છે. કર્મના આસ્રવરૂપ ક્રિયાઓનું રોકવું તે સ્વરૂપાચરણ ચારિત્ર છે. અર્થાત્ કર્મના આસ્રવનો નિરોધ તે જ સ્વરૂપાચરણ ચારિત્ર છે, તે જ ધર્મ છે, અને તે જ સાચી ક્રિયા છે. અને તે મોક્ષનું કારણ છે. અશુદ્ધ ચેતનાના અનુભવમાંથી હટી અંશને શુદ્ધ વીતરાગ ચેતનાનો અનુભવ કર્યો તેમાં જેટલે અંશે વીતરાગતા થયી તેટલે અંશે મોક્ષમાર્ગ થયો, તેટલા અંશે આત્માના શુદ્ધતા થઈ, એમ જ વીતરાગતા વધતા વધતાં મોક્ષમાર્ગની પૂર્ણતા થઈ. ત્યારે સર્વ કર્મનો ક્ષય થઈ જશે અને આત્મા નિરંતર [illegible] છે તેવા થઈને રહેશે.

સુવર્ણને અગ્નિની જ્યોતિ લાગી શુદ્ધ કરે છે, અને અગ્નિની આંચ દેવાથી સુવર્ણનો મેલ કપાય છે અને ઉજ્વળતા પ્રગટે તે જ સુવર્ણની શુદ્ધતા છે. અગ્નિની આંચ દેતા દેતા, અલ્પરૂપ શુદ્ધતા થયતા થયતા, જ્યારે સુવર્ણ સર્વ મેલ રહિત થઈ જાય ત્યારે જ તે સંપૂર્ણ શુદ્ધ સુવર્ણ થાય. જો સુવર્ણનો મેલ કપાય નહિ, તો શુદ્ધતા થાય નહિ, તેમ જ આ આત્માનું રાગ

જડની ક્રિયા જડમાં છે તેમ યથાર્થ થઈ બેઠી. પછી યથાર્થ અનુભવ થયો તે જ જ્ઞાનીની સમ્યક્‌ક્રિયા છે તે જ તને મોક્ષ અપાવશે.

જ્ઞાનીના જ્ઞાનની ક્રિયા કેવી હોય ? જ્ઞાનના જ્ઞાનની ક્રિયા હોય ? હું પોતે કોણ છું. જ્ઞાન આત્માથી ભિન્ન છે કે અભિન્ન છે, અને તે જ્ઞાન કેવી રીતે પમાય અથવા કેમ પામી શકાતું નથી એનો અપૂર્વ વિચાર, અપૂર્વ ભાવે. શુદ્ધ ધ્યાનના લક્ષે, શાંત ભાવે જો કરે તો અંદરથી જવાબ આવે છે, 'જ્ઞાન તું જ છે.'

આત્મ-તત્ત્વ, વસ્તુનો સ્વભાવ તે જ તારો ધર્મ છે, સ્વરૂપમાં રહેવું તે જ જ્ઞાયકની ક્રિયા છે, જ્ઞાનની ક્રિયા તે આત્માની અરૂપી ક્રિયા છે, આ ક્રિયાથી તારો મોક્ષ છે નિર્મળ સ્ફટિક અરૂપીરત્ન સમાન ચૈતન્ય સ્વભાવ, મન, વચન કાયાની નિવૃત્તિથી સ્વતંત્ર પ્રગટ કરવો તે જ ધર્મ છે, અને તે તારા સ્વરૂપને ધર્મ જાણ્યા અને પછી તેમાં સ્થિર થા. એક અંતર્મુહૂર્ત પણ સમભાવ સહિત જો તું રમણ કરીશ તો તને અનંત કર્મની નિર્જરા થશે. એજ જ્ઞાનીના જ્ઞાનની સમ્યક્ ક્રિયાનું બળ છે. કેટલાક ગણધરોના પંદરસો શિષ્યોને પાઠ પણ પાઠ્ય નથી આવડતા છતાં પોતે કેવળજ્ઞાન લઈને મોક્ષમાં જાય છે. ક્રિયા જડની અને અજ્ઞાનીના બળની શી તુલના થઈ શકે !

પોતે પોતાનાં સ્વરૂપને સમજ્યો નથી. જ્ઞાનીનું કહેવું સમજ્યો નથી, પરને પોતાનું માની પકડી બેઠો, પરમાં મુંઝાયો અને બંધાયો એ મુંઝવણ નહિ ટળે. મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભની

પોતાનો સ્વભાવ જાણ્યા પછી પોતે સ્વતંત્ર છે, પણ પોતાના સ્વભાવના અજ્ઞાનથી પોતે પરતંત્ર છે

> "अप्पा कत्ता विकत्ता य दुहाण य सुहाण य
> अप्पा मित्तममित्तं च दुप्पट्ठिय सुपट्ठिओ"
>
> ઉ. સૂ. અ. ૨૦ ગા. ૩૭

માટે જ્ઞાનીની ક્રિયામાં પોતે પોતાના સુખનો કર્તા અને અજ્ઞાનીની ક્રિયામાં પોતે પોતાના દુઃખનો કર્તા છે. પોતે જ પોતાનો મિત્ર અને શત્રુ છે. સુપ્રતિષ્ઠિત અને દુષ્પ્રતિષ્ઠિત કરનાર પોતે જ છે.

જ્ઞાન તે જ્ઞાનરૂપ જ છે અને પર તે પરરૂપ જ છે. સોનાનો દાગીનો સોનારૂપે જ રહેલ છે છતાં તાંબુ ભળ્યું તેથી પરસંયોગે સોનું અશુદ્ધ કહેવાય છે, તેથી શું સોનાના સ્વરૂપથી તે ટળી ગયું? ના, તાંબાના વડે અશુદ્ધતા આવી, તે તે ટાળવા માટે તેને તપાવવાથી તે અશુદ્ધતા ટળી જાય અને સોનાનો દાગીનો સોનારૂપે થઈ જાય, સોનાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટે, તે જ રીતે આત્મા સોના જેવો છે પરંતુ કર્મયોગે આત્મા અશુદ્ધ કહેવાય છે, પણ આત્મા પોતાના સ્વભાવથી ટળી ગયો નથી. તેને શુદ્ધ કરવા માટે સમ્યક્ સમજણરૂપ જ્ઞાનક્રિયાએ તેને તપાવીને તે અશુદ્ધતા ટળી જાય એ આત્મા નિજ શુદ્ધ સ્વભાવે પ્રગટતો પ્રગટતો પૂર્ણતાએ, સોળે કળાએ ખીલી, શુદ્ધ રૂપે રહી જાય.

સુવિચારનો અર્થ એક જ છે, ધર્મ એક જ છે. જ્ઞાનક્રિયા તે જ ધર્મ, શુદ્ધ ક્રિયા તે જ ધર્મ. [illegible]

ઉપયોગને પરથી હટાવીને પોતાના સ્વરૂપમાં લગાવી દેવો તે જ પોતાનો પુરૂષાર્થ છે, તે કર્તવ્ય છે. આત્મામાં જે વિકલ્પ થાય છે, તેને ઉદયિકભાવ જાણીને તે આત્માનો નથી એવો દઢ નિશ્ચય રહેવો, તે જ સ્વરૂપ પ્રાપ્તિનો મુખ્ય ઉપાય છે, મુખ્ય પુરૂષાર્થ છે. જ્ઞાયક તરફ લક્ષ રાખ, કેમકે જ્ઞાતા, દૃષ્ટા, તે હું છું. જ્ઞેય ભિન્ન છે. તેના કષ્ટ, અનિષ્ટ વિકલ્પ ન થાય તે જ પુરૂષાર્થ છે. તે જ પુરૂષાર્થ કરવો. આ તે જ સાચો પુરૂષાર્થ છે. સ્વમાં ટકવો, જ્ઞાતાના જ્ઞાનનું વર્તન તે જ સાચી ક્રિયા છે. એ ક્રિયાથી આત્મા નિર્મળ થતો જાય છે અને અલ્પકાળમાં છુટકારો મોક્ષમાં જાય છે, એમ જ્ઞાનીની અને અજ્ઞાનીની ક્રિયાને જાણીને જ્ઞાતાની જ્ઞાનક્રિયામાં જે ટકશે તે છુટકારો અલ્પ કાળમાં મોક્ષમાં જશે.



પ્રવ-૪૩

સં. ૨૦૧૧ના પ્રથમ ભાદરવા સુદ ૨ શુક્રવાર તા. ૧૯-૮-૫૫.

ઉદયન રાજાનો આત્મા સોળે કળાએ ખીલ્યો છે, તેની વાત ચાલે છે. નિત્ય ચૈતન્ય, અવિકાર આત્મા, આસક્તિ અમૂર્તિ, જ્ઞાયક સ્વભાવમાં રહ્યું કાળ, રહ્યું દેહનો ભૂપ નથી. સ્વતંત્ર સ્વભાવનું ભાન થયું, તે કેમ મૂકે? હું આત્મા શુદ્ધ છું, આકાશની જેમ નિર્લેપ છું, સોનું અને માટી પાણીમાં એક સાથે રહે, છતાં તેમાં કોઈ વખતે શુદ્ધ સુવર્ણ સ્વભાવનો અભાવ નથી, તેમ હું ચૈતન્ય – આત્મા કર્મોના વચ્ચે, કર્મના સ્વભાવરૂપી કર્મરૂપ શરીર સાથે એક ક્ષેત્રે રહેલ છતાં જુદો છું. પોતે પોતાનું વસ્તુ રૂપીને પાળવાનો, રક્ષવાનો, અનાદિ કાળથી ઉપાય કર્યો છે, છતાં વાસ્તવ રીતે શું ઠામે નહીં, કંઈ ઠરે નહીં, ક:

જ્ઞાન જ મોક્ષનું કારણ છે, એમ કહે, પણ મોક્ષના ઉપાયનું અનુષ્ઠાન નહિ કરતા, બંધ અને મોક્ષ છે તેમ માત્ર મોઢેથી બોલી દેવા જગતના [illegible] વાણીના વીર્યવડે કરીને એટલે વાણીના આડંબરથી પોતાના આત્માને [illegible] આપે છે, પરંતુ જ્ઞાનક્રિયા તો કરતા નથી [illegible] છે. 'જ્ઞાનથી મોક્ષ' તેમ વાતો કરે છે, પરંતુ તેવા [illegible] જ્ઞાનની કથા વડે નહિ [illegible]

જે જીવ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનને પામે, તે સાધક દશાવાળો કહેવાય છે. [illegible] નહિ. સંપૂર્ણ જ્ઞાનીને જ રાગ ન હોય. ચોથાથી બારમા ગુણસ્થાનક સુધી સાધક દશા છે. સાધક જીવ તેને દોષ સમજે છે. અપૂર્ણ વાતને અપૂર્ણ રીતે સમજે છે. સાધક દશામાં રાગ થાય છે, તે જુદી વાત છે અને રાગને આદરણીય માનવો તે જુદી વાત છે. રાગ થાય તે કયા ગુણનો દોષ છે? તે જ્ઞાનગુણનો દોષ નથી. શ્રદ્ધાગુણનો દોષ નથી, પણ ચારિત્રગુણનો દોષ છે અને તેને આદરણીય માને તે શ્રદ્ધાગુણનો દોષ છે. શ્રદ્ધાનો દોષ, તે મિથ્યા-દર્શનદોષ છે. રાગ તે વિકાર છે અને વિકાર તે બંધન છે, તે વાત સાચી છે, એમાં [illegible] નથી, પરંતુ રાગ તે મિથ્યાત્વ નથી, રાગ તે અજ્ઞાન નથી. જ્ઞાનીને રાગ હોય જ નહિ, તેમ માનનારે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના સ્વરૂપની સમજણ નથી. જે રાગને પોતાનું સ્વરૂપ સ્વીકારે, પોતાનું સ્વરૂપ માને, તો તે જીવ મિથ્યાત્વી પણ છે અને અજ્ઞાની પણ છે.

રાગાદિક શુદ્ધ આત્માના જ્ઞાનથી મિથ્યાત્વ અને અજ્ઞાન ટળે છે. સાધક જીવને જે રાગ અને દ્વેષ થાય છે, તે વિકાર છે,

